
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 181 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 August 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૧ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# માલેગાંવ બ્લાસ્ટના સાતેય આરોપી નિર્દોષ

## નક્કર-વિશ્વસનીય પુરાવા નહીં હોવાનું અદાલતે કહ્યું


સમીર કુલકર્ણી


રમેશ ઉપાધ્યાય


પ્રસાદ પુરોહિત


પ્રજ્ઞાસિંહ ઠાકુર


અજય રાહિરકર

### ભગવાનો વિજયઃ પ્રજ્ઞા ઠાકુર

પ્રજ્ઞા ઠાકુરે કહ્યું હતું કે માલેગાંવ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ છુટકારો એ માત્ર મારો જ નહીં, પરંતુ તમામ ભગવાધારીઓનો વિજય છે.

ઠાકુરે કહ્યું હતું કે મારાં જીવનનાં ૧૭ વર્ષ બરબાદ થયાં છે અને જેમણે ભગવાનું અપમાન કરવાનો પ્રયાસ કર્યો છે તેમને ઈશ્વર સજા કરશે.

ચુકાદા બાદ ઠાકુર, પુરોહિત અને અન્ય પાંચ આરોપીઓએ સ્પેશ્યલ એનઆઈએ જજ એ.કે. લાહોટી અને વકીલોનો આભાર માન્યો હતો.

કેસને મામલે વર્ષ ૨૦૦૮માં ધરપકડ કરવામાં આવી ત્યારથી મારું જીવન બરબાદ થઈ ગયું હતું. મારું સંપૂર્ણ જીવન કલંકિત કરી દેવામાં આવ્યું હતું. હું સન્યાસિની હોવાને કારણે જ મારું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ રહી હતી, એમ તેણે કહ્યું હતું.

આ કેસ હું નથી લડી, પરંતુ ભગવો લડ્યો છે. આજે ભગવા અને ન્યાયનો વિજય થયો છે. જેણે ભગવાને બદનામ કર્યો છે તેને ભગવાન સજા આપશે, એમ ઠાકુરે કહ્યું હતું. ■

મુંબઈઃ અહીં એક ખાસ અદાલતે મહારાષ્ટ્રના માલેગાંવમાં અંદાજે ૧૭ વર્ષ પહેલાં થયેલા ધડાકાના સાતેય આરોપીને 'નક્કર અને વિશ્વસનીય પુરાવાના અભાવે' છોડી દેવાનો ગુરુવારે આદેશ આપ્યો હતો. આરોપીઓમાં ભાજપનાં સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતનો પણ સમાવેશ થાય છે.

માલેગાંવમાં થયેલા આ ધડાકામાં છ જણ માર્યા ગયાં હતાં.

અદાલતે ચુકાદામાં જણાવ્યું હતું કે ત્રાસવાદને કોઇ ધર્મ નથી હોતો. માત્ર ધારણાના આધારે કોઇને સજા કરી ન શકાય.

પ્રજ્ઞાસિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતે અદાલતના ચુકાદાને આવકાર્યો હતો.

ઠાકુરે જણાવ્યું હતું કે અમને અદાલતે છોડી દેતા માત્ર મારો જ નહિ, પરંતુ 'ભગવા'નો વિજય થયો છે, કારણ કે આ ચુકાદાને લીધે 'ભગવો ત્રાસવાદ' હોવાની વાત ખોટી સાબિત થઇ છે. 'ભગવા'ની જીત થઇ છે.

દરમિયાન, ભાજપે પણ આ ચુકાદાને આવકારતા જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે કેન્દ્રમાંની કૉંગ્રેસ સરકારે મુસ્લિમ મતદારોને ખુશ કરવા માટે 'હિંદુ ત્રાસવાદ'ની થિયરી ઘડી કાઢી હતી. મહારાષ્ટ્રના મુખ્ય
(જુઓ પાનું ૨) ▶▶

### અદાલતે શું કહ્યું?

- આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો કારણકે જગતનો કોઈ ધર્મ હિંસાનું આચરણ કરવાનું નથી કહેતો.
- આ કેસમાં આકરો યુએપીએ ધારો લાગુ નથી પડતો કારણકે આ કાયદો લગાડવા માટેની મંજૂરી આપતા પહેલા યોગ્યપણે વિચાર નથી કરાયો.
- જે મોટરસાઇકલમાં ધડાકો થયો છે એ પ્રજ્ઞા ઠાકુરની હોવાનું સાબિત કરવામાં ફરિયાદી પક્ષ નિષ્ફળ
- માત્ર શંકા અસલ પુરાવાનું સ્થાન ન લઈ શકે.
- પ્રજ્ઞા ઠાકુરે ધડાકાના બે વર્ષ પહેલા સંન્યાસ લઈને ભૌતિક દુનિયાને ત્યાગી દીધી હતી ત્યારે તેઓ બાઈક શું કામ ખરીદે? ■

### તપાસ અધિકારીઓ સાવ ખોટાઃ પુરોહિત

પુરોહિતે કહ્યું હતું કે મને કેસમાં ફસાવવામાં આવ્યો હતો. તેણે ભારપૂર્વક કહ્યું હતું કે હું અગાઉ જેટલા જ જોશ અને જુસ્સાથી દેશસેવા કરવાનું ચાલુ રાખીશ.

કોઈ તપાસ એજન્સી ખોટી નથી, પરંતુ તેમાં કામ કરતાં લોકો ખોટા છે. આ દેશ મહાન છે. ખોટા માણસોને પ્રોત્સાહન ન મળે અને અમારા જેવા લોકોએ સહન કરવું ન પડે તેની સાવધાની આપણે રાખવાની રહેશે એમ જણાવતાં તેણે કહ્યું હતું કે હું દેશ અને સંગઠન માટે કામ કરતો રહીશ. ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈથી ૨૦૦ કિ.મી.ને અંતરે આવેલા માલેગાંવમાં એક મસ્જિદ નજીક વિસ્ફોટકો લદાયેલી મોટરસાઈકલમાં થયેલા બ્લાસ્ટમાં છ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૧૦૧ જણ ઘાયલ થયા હતા.

માલેગાંવ બ્લાસ્ટ કેસને મામલે યોગ્ય અને વિશ્વસનીય પુરાવા ન હોવાની બાબતને ધ્યાન પર લઈ સ્પેશ્યલ કોર્ટે કેસના સાત આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. કોઈ ધર્મ હિંસા નથી શીખવાડતો એમ જણાવતાં કોર્ટે કહ્યું હતું કે આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો. માત્ર ધારણાને આધારે કોર્ટ કોઈને દોષી જાહેર ન કરી શકે. (એજન્સી)■

## ભારત અને રશિયાનાં અર્થતંત્રો 'ડેડ', બન્ને સાથે ડૂબશેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને રશિયાના દ્વિપક્ષી સંબંધ પર ફરી દબાણ વધારતા જણાવ્યું હતું કે આ બન્ને દેશ પોતાના 'ખાડે ગયેલા (ડેડ) અર્થતંત્ર સાથે ડૂબશે.'

અમેરિકાના પ્રમુખે ભારતથી આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા ટૅરિફ અને 'પેનલ્ટી' (દંડ) લાદવાની જાહેરાતના થોડા કલાકમાં જ નવી દિલ્હી અને મોસ્કોની ટીકા કરવાનું શરૂ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે મને ભારત રશિયા સાથે કેવો સંબંધ રાખે છે, તેની પડી નથી. બન્ને દેશ પોતાના ખાડે ગયેલા અર્થતંત્રને લઇને ડૂબશે, તેની મને ચિંતા છે.

ટ્રમ્પે ભારતથી અમેરિકા ખાતે આયાત કરવામાં આવતા બધા માલસામાન પર પહેલી ઑગસ્ટથી પચીસ ટકા ટૅરિફ અને 'પેનલ્ટી' લાદવાની જાહેરાત કરી હતી.

ભારત દ્વારા રશિયા પાસેથી વિપુલ ખનિજ તેલ અને લશ્કરી સાધનસામગ્રીની કરાતી આયાતને કારણે તેના પર 'પેનલ્ટી' લાદવાની અમેરિકાના પ્રમુખે બુધવારે જાહેરાત કરી હતી.

અગાઉ, ભારત સરકારે જાહેરાત કરી હતી કે અમેરિકાની સરકારનું પ્રતિનિધિમંડળ દ્વિપક્ષી વેપાર કરાર અંગે મંત્રણા કરવા માટે પચીસ ઑગસ્ટે ભારત આવવાનું છે. આ જાહેરાતના થોડા સમયમાં જ ટ્રમ્પે ભારત પર પહેલી ઑગસ્ટથી પચીસ ટકા ટૅરિફ અને પેનલ્ટી લાદવાની કરેલી જાહેરાતથી બધાને આશ્ચર્ય થયું હતું.

અમેરિકા દ્વારા પોતાની વિવિધ માગણી માટે નવી દિલ્હી પર દબાણ લાવવા ટૅરિફ વધારવાની જાહેરાત કરાઇ હોવાનું કહેવાય છે.

ટ્રમ્પે ભારતની વેપારને લગતી નીતિ 'ત્રાસદાયક
(જુઓ પાનું ૨) ▶▶

## સત્ય સામે આવ્યુંઃ સંઘ

નાગપુરઃ માલેગાંવ બ્લાસ્ટ કેસના તમામ સાત આરોપીને નિર્દોષ જાહેર કરતા સ્પેશ્યલ કોર્ટના ચુકાદાને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે ગુરુવારે વધાવી લીધો હતો અને કહ્યું હતું કે અંતે સત્ય સામે આવ્યું છે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે અમુક લોકોએ તેમના વ્યક્તિગત અને રાજકીય લાભ માટે આ મુદ્દો ઉપાડ્યો હતો અને સંપૂર્ણ હિન્દુ સમુદાય તેમ જ હિન્દુ ધર્મને આતંકવાદ સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. છ જણનો ભોગ
(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પની પાકિસ્તાન સાથે જંગી ઑઈલ ડીલ

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન સાથે ઓઈલ ડીલ કરીને ભારતને વધુ મોટો ઝટકો આપ્યો છે. ટ્રમ્પે એવું પણ કહ્યું કે ભવિષ્યમાં ભારતે કદાચ પાકિસ્તાન પાસેથી ઓઈલ ખરીદવું પડે. ડોનલ્ડ ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું કે અમેરિકા પાકિસ્તાન સાથે વિશાળ ઓઈલ રીઝર્વ વિકસાવવામાં મદદ કરવા માટે એક કરાર કર્યો
(જુઓ પાનું ૨) ▶▶

## ભારત પોતાના હિતની રક્ષા કરવા બનતું બધું કરશે : પીયૂષ ગોયલ

નવી દિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પહેલી ઓગસ્ટથી ભારતે નિકાસ કરેલી વસ્તુઓ પર પચીસ ટકા ટૅરિફ અને પેનલ્ટી લગાડવાની જાહેરાત કરી હતી એના એક દિવસ બાદ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે ગુરુવારે કહ્યું હતું કે ભારત તેનાં રાષ્ટ્રીય હિતનું રક્ષણ કરવા અને તેને પ્રોત્સાહન આપવા તમામ પગલાં ભરશે.

સંસદના બન્ને ગૃહોમાં આપમેળે નિવેદન કરતાં ગોયલે કહ્યું હતું કે સરકાર આ ટૅરિફની અસર તપાસી રહી છે અને ખેડૂતો, વિકાસકારો, એમએસએમઈ અને ઔદ્યોગિક સંસ્થાઓ સાથે
(જુઓ પાનું ૨) ▶▶

### મંત્રણા માટે દરવાજા ખૂલ્લાઃ ટૅરિફ મામલે ટ્રમ્પ નરમ પડયા

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર પચીસ ટકા ટૅરિફની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કરેલી ટૅરિફની જાહેરાત બાદ ભારતે પણ જવાબ આપ્યો અને પોતાનો પક્ષ રાખ્યો હતો. જેવો ભારતે જવાબ આપ્યો એટલે ટ્રમ્પે નરમ વલણ અપનાવતા કહ્યું હતું કે, ભારત સાથે વેપાર કરાર પર વાટાઘાટો માટે દરવાજા હજુ પણ ખુલ્લા છે. અમેરિકાના
(જુઓ પાનું ૨) ▶▶



### નૅવીની વિનાશિકા પર શું કરે છે બિગ બી?:

બોલીવૂડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન ગુરુવારે સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર આઈએનએસ વિશાખાપટ્ટનમ પર જોવા મળ્યા હતા. તેમણે આખો દિવસ નૌકાદળની વિનાશિકામાં સૈનિકો સાથે ગુજાર્યા બાદ 'આપણા જવાનો માટે ગૌરવ અનુભવું છું' એવી પૉસ્ટ પણ કરી હતી. (એજન્સી)

## લંડન જતી બોઈંગ ડ્રીમલાઇનર ફ્લાઇટ દિલ્હીમાં ટેક-ઑફ પહેલા જ પાછી વળી

નવી દિલ્હીઃ એર ઈન્ડિયાના લંડન જતા ડ્રીમલાઇનર બોઇંગ ૭૮૭-૯એ, ગુરુવારે દિલ્હી એરપોર્ટ પર ટેકનિકલ સમસ્યાને કારણે ટેકઓફ રદ કર્યું હતું.

"૩૧ જુલાઈના રોજ દિલ્હીથી લંડન જતી ફ્લાઇટ એઆઈ૨૦૧૭ શંકાસ્પદ ટેકનિકલ સમસ્યાને કારણે પાછી ફરી હતી. કોકપિટ ક્રૂએ સંચાલન પ્રક્રિયાઓને અનુસરીને ટેક ઓફ્ફ રન બંધ કરવાનો નિર્ણય લીધો હતો અને તપાસ માટે વિમાનને પાછું લાવ્યું હતું," એમ એર ઈન્ડિયાના પ્રવક્તાએ નિવેદનમાં જણાવ્યું હતું. એક સૂત્રના જણાવ્યા અનુસાર, ફ્લાઇટ બોઇંગ ૭૮૭-૯ વિમાનથી ચલાવવાની હતી.

"મુસાફરોને વહેલી તકે લંડન પહોંચાડવા માટે વૈકલ્પિક વિમાન તહેનાત કરવામાં આવી રહ્યું છે. આ અણધાર્યા વિલંબને કારણે થતી અસુવિધાને ઓછી કરવા માટે અમારા ગ્રાઉન્ડ સ્ટાફ મહેમાનોને તમામ સહાય અને સંભાળ પૂરી પાડી રહ્યા છે," એમ નિવેદનમાં જણાવાયું છે.

બોર્ડમાં મુસાફરોની સંખ્યા વિશેની વિગતો તાત્કાલિક જાણી શકાઈ નથી.

તાજેતરના અઠવાડિયામાં, એર ઈન્ડિયાના વિમાનોને લગતી વિવિધ સમસ્યાઓ આવી છે, અને એરલાઈન પણ નિયમનકારી તપાસ હેઠળ આવી છે. ૧૨ જૂનના રોજ, એર ઈન્ડિયાનું ડ્રીમલાઇનર બોઇંગ ૭૮૭-૮ વિમાન લંડન ગેટવિક જઈ રહ્યું હતું, જે અમદાવાદથી ઉડાન ભર્યા પછી તરત જ એક ઇમારત સાથે અથડાયું હતું, જેમાં ૨૬૦ લોકો માર્યા ગયા હતા. ■

## ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઑઈલ ખરીદવાનું બંધ કર્યું

મૉસ્કોઃ આ મહિના ક્રૂડ ઑઈલ પરનું ડિસ્કાઉન્ટ ઓછું થતા તથા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપતા ભારતની સરકારી માલિકીની રિફાઈનરીઓએ રશિયા પાસેથી ક્રૂડ ઑઈલ ખરીદવાનું છેલ્લા એકાદ સપ્તાહથી બંધ કર્યું છે.

જગતનું ત્રીજા ક્રમનું ખનીજ તેલનું સૌથી મોટો આયાતકાર દેશ છે ભારત અને રશિયા પાસેથી સૌથી વધુ ઑઈલ ખરીદે છે. રશિયા માટે ભારતને ખનીજ તેલ વેચીને મળતી આવક યુક્રેન સામે યુદ્ધ લાંબું ચલાવવા માટે કામ લાગે છે અને એ જ વાત અમેરિકાને પણ પેટમાં દુઃખે છે.

ભારતની ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, ભારત પેટ્રોલિયમ અને મેંગલોર રિફાઈનરીએ છેલ્લા એક અઠવાડિયાથી રશિયા પાસેથી ક્રૂડ ઑઈલ માગ્યું નથી.

છેલ્લા ચારેક વર્ષથી આ ચારેય રિફાઈનરીઓ રશિયા પાસેથી નિયમિત ધોરણે મોટા પાયે ખનીજ તેલ ખરીદી રહી હતી. જોકે આ સમાચારને કોઈ સત્તાવાર સમર્થન ગુરુવાર મોડી રાત સુધી નહોતું મળ્યું. ■

## રોહિંગ્યાઓ શરણાર્થીઓ કે ઘૂસણખોરો?ઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું હતું કે રોહિંગ્યા સંબંધિત કેસનો મુખ્ય મુદ્દો એ છે કે તેઓ શરણાર્થીઓ છે કે દેશમાં ગેરકાયદે પ્રવેશેલા સ્થળાંતરીઓ.

ન્યાયાધીશ સૂર્યકાંત, દીપાંકર દત્તા અને એન. કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે એક વખત એ નક્કી થઈ ગયા બાદ બાકીના મુદ્દા પરિણાયુક્ત હશે.

રોહિંગ્યા સંબંધિત અરજીઓની સુનાવણી કરતાં ખંડપીઠે આ નિરીક્ષણ કર્યું હતું.

ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે કેસ સંબંધિત પ્રથમ મુખ્ય મુદ્દો એકદમ સરળ છે અને તે એ કે રોહિંગ્યાઓ શરણાર્થીઓ છે કે ઘૂસણખોરો.

રોહિંગ્યા સંબંધિત અરજીને ધ્યાન પર લેવા ઊઠેલા અન્ય મુદ્દાઓની પણ ખંડપીઠે નોંધ લીધી હતી. શું રોહિંગ્યાઓ શરણાર્થી જાહેર કરવાને પાત્ર છે? અને જો એમ હોય તો તેઓ કેવા રક્ષણ, વિશેષાધિકાર કે અધિકારને પાત્ર હશે? એવો પ્રશ્ન ખંડપીઠે કર્યો હતો. બીજો સવાલ, જો રોહિંગ્યાઓ
(જુઓ પાનું ૨) ▶▶

## ચીને પાકિસ્તાનનો ઉપગ્રહ અંતરિક્ષમાં મૂક્યો

ઈસ્લામાબાદ : પાકિસ્તાને ચીનની મદદથી નવો રિમોટ સેન્સિંગ સેટેલાઈટ લોન્ચ કર્યો હતો જે હવામાનમાં ફેરફાર સંબંધિત જોખમો પર નજર રાખવાની અને પ્રતિસાદ પાડવાની તેની ક્ષમતા વધારશે.

ઉપગ્રહ પાકિસ્તાનના સ્પેસ એન્ડ અપર એટમોસ્પીયર રિસર્ચ કમિશનના ટેક્નિકલ ટેકાથી ચીનના ઝિચાન્ગ સેટલાઈટ લોન્ચ સેન્ટરમાંથી અંતરિક્ષમાં મુકાયો હતો. સરકારી રેડિયો પાકિસ્તાને કહ્યું હતું કે આ ઉપગ્રહ પૂર, ભૂસ્ખલન, ગ્લેસીયરના પીગળવા અને વન નાબૂદી જેવા પડકારોનો સામનો કરવામાં મદદરૂપ થશે. આયોજન અને વિકાસ ખાતાના પ્રધાન અહસાન ઈકબાલે કહ્યું હતું કે પાકિસ્તાને ચોથો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ ચીનના અંતરિક્ષ કેન્દ્રની મદદથી અંતરિક્ષમાં મૂક્યો એ દેશ માટે ગૌરવની ક્ષણ છે. આ પાકિસ્તાન-ચીનનો અંતરિક્ષ સહકાર બતાડે છે. આ બે દેશોનો ભાઈચારો આકાશને આંબી જાય છે. (એજન્સી)■

## હવે કૅનેડા પણ પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે માન્યતા આપવા તૈયાર

ઓટાવાઃ ઈઝરાયલે વર્ષોથી પેલેસ્ટાઇનના પ્રદેશો પર કરેલા ગેરકાયદે કબજા અને ઈઝરાયલના સંસ્થાનવાદી વલણ સામે ધીમે ધીમે દુનિયાભર દેશો અવાજ ઉઠાવી રહ્યા છે. ફ્રાન્સ અને યુનાઇટેડ કિંગડમ અગાઉ જાહેર કરી ચુક્યા છે કે તેઓ સપ્ટેમ્બરમાં યોજાનારા યુનોની મહાસભાના ૮૦મા સત્રમાં પેલેસ્ટાઇન રાષ્ટ્રને માન્યતા આપશે. હવે કૅનેડાએ પણ જાહેરાત કરી છે કે તે પેલેસ્ટાઇન રાષ્ટ્રને ઔપચારિક રીતે માન્યતા આપશે.

એક સત્તાવર નિવેદનમાં કૅનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની (Mark Carney)એ જણાવ્યું હતું કે પેલેસ્ટાઇન અને ઇઝરાયલ વચ્ચેના સંઘર્ષમાં કેનેડા હંમેશા ટૂ સ્ટેટ સોલ્યુશનને ટેકો આપે છે, જો કે, ટૂ સ્ટેટ સોલ્યુશનની સંભાવનાઓ સતત અને ગંભીર રીતે ઓછી થઈ રહી છે.

માર્ક કાર્નીએ ગાઝામાં ઉભી થયેલી માનવતાવાદી આપત્તિ અંગે ચિંતા વ્યક્ત કરી અને ઇઝરાયલની ટીકા કરી. કાર્નીએ કહ્યું કે ગાઝામાં ઝડપથી વણસી રહેલી માનવતાવાદી આપત્તિને રોકવામાં ઇઝરાયલી સરકાર નિષ્ફળ ગઈ છે અને ટૂ સ્ટેટ સોલ્યુશનનો અર્થ હિંસાને બદલે શાંતિ પસંદ કરનારા લોકો સાથે ઉભા રહેવાનો છે. સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્ય માટેનો એકમાત્ર રોડમેપ ઇઝરાયલી અને પેલેસ્ટિનિયન રાષ્ટ્રોનું શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ છે, કનેડા તેને ટેકો આપે છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પનો ટૅરિફ વાર નહીં, પાકિસ્તાન સાથેની દોસ્તી વધારે ખતરનાક

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ગાઢ દોસ્તીની દુહાઈઓ વચ્ચે ડોનલ્ડ ટ્રમ્પે ભારતને બેવડો ફટકો મારી દીધો. ટ્રમ્પે એક તરફ તાત્કાલિક અસરથી એટલે કે ૧ ઓગસ્ટથી ભારતથી આવતા માલ-સામાન પર પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી છે ત્યારે બીજી તરફ ભારતના કટ્ટર દુશ્મન પાકિસ્તાન સાથે ઓઈલ ડીલ કરવાની પણ જાહેરાત કરી છે. ટ્રમ્પે એવું એલાન પણ કર્યું છે કે, રશિયા પાસેથી શસ્ત્રો અને ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત પર દંડ પણ લાદવામાં આવશે.

ટ્રમ્પ સત્તામાં આવ્યા પછી એક પછી એક દેશને લપેટતા જતા હતા અને ટૅરિફ ઠોક્યા કરતા હતા, પણ ભારત પર ટૅરિફ નહોતો ઠોક્યો. બલકે અમેરિકા ભારત સાથે ટ્રેડ ડીલ કરવા મથ્યા કરતું હતું. તેના કારણે એવો પ્રચાર ચાલેલો કે, મોદી સાથેની દોસ્તીના કારણે ટ્રમ્પ ભારત પર ટૅરિફ નથી લાદી રહ્યા, પણ આ બેવડા વારે સાબિત કર્યું છે કે ટ્રમ્પ કોઈના દોસ્ત નથી ને ભારતને દુશ્મન જ માને છે.

ટ્રમ્પે ભારત પર ટૅરિફ લાદવાની જાહેરાત કરી તેમાં પણ મોદી સાથેની દોસ્તીની દુહાઈ આપી જ છે. ટ્રમ્પે દાવો કર્યો કે, મોદી મારા મિત્ર છે પણ વ્યાપારમાં આપણને બહુ મદદ કરતા નથી. અમેરિકાના માલ પર ભારતમાં ટૅરિફ વિશ્વમાં સૌથી વધારે છે તેથી અમેરિકાએ પણ ટૅરિફ લાદવા જ પડે એમ છે. ટ્રમ્પે આમ મોદીની ટીકા કરી છે પણ આડકતરી રીતે મોદીનાં વખાણ કરી નાખ્યા છે. ટ્રમ્પની વાતનો સાર એ છે કે, મોદી ધંધામાં ભાઈબંધી કરવામાં માનતા નથી ને દેશનાં હિતોને કોરાણે મૂકીને દોસ્તી નિભાવવામાં માનતા નથી.

ટ્રમ્પે ભારત પર ટૅરિફ લાદવા માટે જે કારણ આપ્યાં છે તેમાં રશિયા સાથે વ્યાપાર અને બ્રિક્સ બે મુખ્ય કારણ છે. ટ્રમ્પનું કહેવું છે કે, અમેરિકા વિરોધી દેશોના સમૂહ બ્રિક્સમાં ભારત સભ્ય છે અને બ્રિક્સના માધ્યમથી ભારત સહિતના દેશો ડૉલર પર હુમલો કરી રહ્યા છે એ ચલાવી ના લેવાય. ટ્રમ્પે પહેલાં પણ ધમકી આપી કે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના બનેલું બ્રિક્સ જૂથ ડૉલરના વર્ચસ્વને ખતમ કરવા મથે છે પણ બ્રિક્સ નવી કરન્સી લાવશે તો બ્રિક્સના સભ્ય દેશો પર ૧૦ ટકા ટૅરિફ લાદવામાં આવશે.

ટ્રમ્પે રશિયા સાથે વેપાર બદલ પહેલી વાર કોઈ દેશ પર દંડ લાદવાની જાહેરાત કરી છે. આ દંડની જાહેરાતથી ટ્રમ્પ ભલે રાજી થતા પણ વાસ્તવમાં આ જાહેરાત ટ્રમ્પની હતાશા દર્શાવે છે અને અમેરિકા પાંગળું થતું જાય છે તેનો પુરાવો પણ છે. ટ્રમ્પ મોટા ઉપાડે રશિયા અને યુક્રેન યુદ્ધ ખતમ કરાવવા નિકળેલા પણ છેવટે હારીને બેસી ગયા છે. પોતાની નિષ્ફળતા છૂપાવવા માટે ટ્રમ્પે યુક્રેન અને રશિયા યુદ્ધ લંબાયું તેના માટે ભારત અને ચીન પર દોષનો ટોપલો ઢોળી દીધો છે. ટ્રમ્પનું કહેવું છે કે, ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં લશ્કરી સાધનો ખરીદે છે અને ક્રૂડ ખરીદે છે તેથી યુદ્ધ લંબાઈ રહ્યું છે.

ટ્રમ્પે રશિયા યુક્રેનમાં હત્યાઓ કરી રહ્યું છે એવો આક્ષેપ કરીને દોષનો ટોપલો ભારત અને ચીન પર પણ ઢોળ્યો છે કેમ કે ભારત અને ચીન તેની પાસેથી સૌથી વધુ ક્રૂડ ખરીદી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, ટ્રમ્પે એ બદલ ભારત પર ટૅરિફની સાથે દંડ પણ લાદ્યો છે પણ ચીન પર દંડ લાદવાની હિંમત ટ્રમ્પ બતાવી શક્યા નથી. એક જમાનામાં આખી દુનિયાને પોતાના ઈશારે નચાવતું અમેરિકા ચીન સામે કોઈ પગલાં લેતાં પણ ડરે તેનાથી મોટી પાંગળાપણાની નિશાની બીજી કઈ હોય?

ભારતે ટ્રમ્પની જાહેરાતો સામે સાવ ઠંડે કલેજે પ્રતિક્રિયા આપીને કહ્યું છે કે, ભારત માટે દેશનાં હિતો સર્વોપરિ છે. ભારતે ટ્રમ્પ સાથે જીભાજોડીમાં ઉતરવાના બદલે અમેરિકાની નાલાયકીના કારણે પડનારા આર્થિક નુકસાનને કઈ રીતે સરભર કરી શકાય એ દિશામાં વિચારીને ભારતે હકારાત્મક અભિગમ દર્શાવ્યો છે. આ અભિગમ યોગ્ય છે કેમ કે, આર્થિક રીતે અમેરિકા સામે ભારત ટક્કર લઈ શકે તેમ નથી. ટ્રમ્પ નાગાઈ પર ઉતરીને ભલે ભારતની મેથી મારી રહ્યા હોય પણ ભારતે ગમ ખાઈને પણ અમેરિકાને સહન કરવું પડે તેમ છે. ચીન સહિતના દેશોએ અમેરિકાના આર્થિક પ્રભુત્વને પડકાર્યું છે તેમાં બેમત નથી પણ હજુય અમેરિકા દુનિયાનું સૌથી મોટું અર્થતંત્ર છે અને સૌથી મોટું બજાર ધરાવે છે. આ સંજોગોમાં અમેરિકા સાથેના સંબંધો સાવ બગાડી શકાય તેમ નથી તેથી ભારતે ધીરે ધીરે બીજા વિકલ્પો વિચારવા પડે. ભારતે યુકે સાથે વેપાર કરાર સહિતનાં પગલાં ભરીને એ દિશામાં કામ કરવા જ માંડ્યું છે. ધીરે ધીરે તેનાં પરિણામ મળશે અને અમેરિકા પરની નિર્ભરતા ઓછી થશે. બીજા દેશો પણ ટ્રમ્પની દાદાગીરીથી થાકેલા છે અને ભારત પાસે મોટું બજાર છે તેથી એ દેશો પણ ભારતનાં અને પોતાનાં બંનેનાં હિતો સચવાય એ રીતે ભારત સાથે સહકાર કરશે જ.

જો કે ભારત માટે ટ્રમ્પના ટૅરિફ કે દંડ કરતાં વધારે ખતરનાક બાબત પાકિસ્તાન સાથેનું ઓઈલ ડીલ છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી છે કે, અમે પાકિસ્તાન સાથે કરેલા સોદામાં અમેરિકા અને પાકિસ્તાન સંયુક્ત રીતે પાકિસ્તાનમાં વિશાળ ઓઈલ ભંડારનો વિકાસ કરશે. આ ભાગીદારી માટે એક ઓઈલ કંપનીની પસંદગી કરવામાં આવશે અને ભવિષ્યમાં કદાચ પાકિસ્તાન ભારતને પણ ઓઈલ વેચશે.

પહેલી નજરે આ એક બિઝનેસ ડીલ લાગે પણ આ ડીલ ભવિષ્યમાં ભારત માટે ખતરનાક સાબિત થાય. ભૂતકાળમાં અમેરિકાએ આ રીતે જ પાકિસ્તાનને પોતાના પડખામાં લીધું હતું ને ધીરે ધીરે બંનેનાં સંબંધો એ હદે ગાઢ બની ગયા કે, પાકિસ્તાનના દરેક પાપ સામે અમેરિકા આંખ આડા કાન જ નહોતું કરતું પણ તેનો બચાવ પણ કરતું. પાકિસ્તાનને અમેરિકાએ આર્થિક રીતે તાકાતવર બનાવ્યું અને હથિયારો આપીને લશ્કરી રીતે પણ તાકાતવર બનાવ્યું.

પાકિસ્તાન અત્યારે ચીનના ખોળામાં બેઠેલું છે. ટ્રમ્પ પાકિસ્તાનને ચીનના ખોળામાંથી ઉઠાડીને પોતાના ખોળામાં લેવા મથી રહ્યા છે તેથી ધીરે ધીરે તેને પટાવવા માટે બધું જ કરશે. અત્યારે સાવ ભિખારી હોવા છતાં પાકિસ્તાન ભારત સામે ઘૂરકિયાં કર્યા કરે છે તો અમેરિકાનું પીઠબળ હોય તો શું કરે એ કહેવાની જરૂર નથી. ભૂતકાળમાં આપણે આખું પિક્ચર જ જોઈ ચૂક્યા છીએ.

અમેરિકા અને પાકિસ્તાનની આ દોસ્તી સામે શું કરવું એ ભારતે વિચારવું જોઈએ. મોદીની મુત્સદીગીરીની અસલી કસોટી આ ઉપાયમાં છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ,
શુક્રવાર, તા. ૧–૮–૨૦૨૫,લોકમાન્ય તિલક પુણ્યતિથિ

- ભારતીય દિનાંક ૧૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ–૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ–૮
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૯ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૦, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ બપોરે ક. ૧૬.૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૪૭ (તા. ૧)
- ઓટઃ સવારે ક.૧૦–૨૨, રાત્રે ક. ૨૩–૧૬

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – અષ્ટમી. જીવંતિકા પૂજન, અષ્ટમી વૃદ્ધિ તિથિ છે. દુર્ગાષ્ટમી, લોકમાન્ય તિલક પુણ્યતિથિ, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૮–૦૯.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવ પાર્વતી પૂજા, દેવી ભાગવત, નવચંડી હવન, વાયુ દેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, માલ લેવો. રત્ન ધારણ, નિત્ય થતા પશુ લે–વેચ, ખેતી વાડીનાં કામકાજ, વૃક્ષ વાવવાં, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ વાંચન.

આચમનઃ ચંદ્ર –સૂર્ય ચતુષ્કોણ આંખોની કાળજી લેવી, ચંદ્ર બુધ ચતુષ્કોણ નાણાં વ્યવહારમાં સાવધાની, શુક્ર શનિ ચતુષ્કોણ વ્યવહારમાં હાનિ, ચંદ્ર ગુરુ ત્રિકોણ પ્રવાસનો શોખ.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર –સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર બુધ ચતુષ્કોણ, શુક્ર શનિ ચતુષ્કોણ, ચંદ્ર ગુરુ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–કન્યા, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■




# રાહુલ, સોનિયા માફી માગેઃ ભાજપ

નવી દિલ્હીઃ માલેગાંવ બ્લાસ્ટ કેસમાં કોર્ટ દ્વારા તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપે ગુરુવારે કહ્યું કે કૉંગ્રેસે ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીના ઉદયને રોકવા અને તેના મુસ્લિમ મતદારોને ખુશ કરવા માટે ‘હિન્દુ આતંકવાદ’નો સિદ્ધાંત ઘડ્યો હતો.

ભાજપના નેતા રવિશંકર પ્રસાદે જણાવ્યું કે નિર્દોષ જાહેર કરાયેલા આરોપીઓ, ભાજપના ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતને વળતર આપવું જોઇએ. તેમજ ફરિયાદ પક્ષે કથિત રીતે ત્રાસ આપવા અને ખોટા પુરાવા ઉભા કરવા બદલ માફી માગવી જોઇએ. તેમણે આને ઐતિહાસિક દિવસ ગણાવતા કહ્યું કે કૉંગ્રેસ પોતાની વોટબેંકને ખુશ કરવા માટે કોઈપણ હદ સુધી જઇ શકે છે. આ કેસ ચોખ્ખું વોટબેંકની રાજનીતિ માટે પાર્ટીનું એક સુનોયોજિત કાવતરું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે રાહુલ અને સોનિયા ગાંધીએ આના માટે માફી માગવી જોઈએ.

પ્રસાદે દાવો કર્યો કે ગાંધીએ ૨૦૧૦માં અમેરિકી રાજદૂતને કહ્યું હતું કે કટ્ટરપંથી હિન્દુ જૂથ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા કરતા પણ વધુ ખતરનાક હોઇ શકે છે. તેમણે કહ્યું કે કૉંગ્રેસ નેતાનો દાવો સંપૂર્ણપણે ખોટો સાબિત થયો છે અને તેઓ સત્યથી ભાગી રહ્યા છે. ■

# દિગ્વિજય માફી માગેઃ ઉમા

મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવ અને ભાજપનાં વરિષ્ઠ નેતા ઉમા ભારતીએ વર્ષ ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસના તમામ સાત આરોપીને નિર્દોષ જાહેર કરતા કોર્ટના ચુકાદાને વધાવી લીધો હતો અને કહ્યું હતું કે કૉંગ્રેસના નેતા-ખાસ કરીને દિગ્વિજય સિંહે સંતોની બદનામી અને ‘હિન્દુ આતંકવાદ’ જેવા શબ્દોનો પ્રયોગ કરવા બદલ માફી માગવી જોઈએ. કેસને મામલે યોગ્ય અને વિશ્વસનીય પુરાવા ન હોવાનું જણાવી માલેગાંવ બ્લાસ્ટના ૧૭ વર્ષ બાદ મુંબઈસ્થિત સ્પેશ્યલ કોર્ટે ગુરુવારે ભાજપનાં ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુર અને લેફ. કર્નલ પ્રસાદ પુરોહિત સહિત કેસના તમામ સાત આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. આતંકવાદને કોઈ ધર્મ નથી હોતો અને માત્ર ધારણાને આધારે કોઈને દોષી જાહેર કરી શકાય નહીં, એમ કોર્ટે કહ્યું હતું. (એજન્સી)■

# મોદી-સીતારમણ સિવાય બધાને ભારતની ઈકોનોમી ડેડ હોવાની જાણઃ રાહુલ

નવી દિલ્હી : કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે કહ્યું હતું કે ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાં પ્રધાન નિર્મળા સીતારમણના અપવાદ સિવાય બધા જાણે છે કે ભારતનું અર્થતંત્ર ‘મૃત’ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપની આગેવાની હેઠળની સરકારે દેશની આર્થિક, વિદેશી અને સંરક્ષણ નીતિને ખતમ કરી નાખી છે. સંસદભવનમાં પત્રકારો સાથે વાતચીત કરતાં લોકસભાના વિરોધ પક્ષના નેતાએ દાવો કર્યો હતો કે વડા પ્રધાન મોદી અમેરિકાના પ્રમુખ કહેશે એમ કરશે અને વેપાર કરાર થઈને રહેશે તથા એની વ્યાખ્યા ટ્રમ્પ નક્કી કરશે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટૅરિફ અને પેનલ્ટી લગાડવાની જાહેરાત કરી હતી અને તેમણે ભારત અને રશિયાના અર્થતંત્રને ‘મૃત અર્થતંત્ર’ કહ્યા હતા. રાહુલે ત્યાર બાદ આ ટિપ્પણી કરી હતી

ટ્રમ્પે ભારતના અર્થતંત્રને મૃત કહ્યું એ વિશેના સવાલના જવાબમાં રાહુલે કહ્યું હતું કે તેઓ સાચા છે, વડા પ્રધાન અને નાણાપ્રધાનના અપવાદ સિવાય દરેક જણ જાણે છે કે ભારતનું અર્થતંત્ર એ મૃત અર્થતંત્ર છે. મને આનંદ છે કે ટ્રમ્પે આ હકીકત જણાવી. ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે અબજોપતિ ગૌતમ અદાણીને મદદ કરવા ભારતના અર્થતંત્રનો નાશ કરવામાં આવ્યો છે. વિદેશપ્રધાન એવું પ્રવચન આપે છે કે અમારી વિદેશનીતિ પ્રતિભાશાળી છે. એક બાજું અમેરિકા તમને ગાળો ભાંડે છે અને બીજી બાજું ચીન તમારી પાછળ પડ્યું છે. ત્રીજું, તમે આખા વિશ્વમાં પ્રતિનિધિમંડળ મોકલો છો ત્યારે કોઈ દેશ પાકિસ્તાનની આલોચના કરતો નથી, તેઓ કઈ રીતે દેશ ચલાવે છે? તેમને દેશ કેવી રીતે ચલાવવો એ ખબર નથી.

મોદીના મંગળવારના લોકસભામાંના પ્રવચનનો ઉલ્લેખ કરીને રાહુલે કહ્યું હતું કે મોદીએ ન ટ્રમ્પનું કે ન ચીનનું નામ લીધું હતું. મોદી કહ્યું નહીં કે કોઈ દેશે પાકિસ્તાનની આલોચના કરી નહીં, ટ્રમ્પ પહલગામ આતંકવાદી હુમલો કરાવનાર પાકિસ્તાનના લશ્કરી વડા સાથે ખાણું લે છે. તેઓ કહે છે કે અમને મોટી સફળતા મળી છે. આ કઈ પ્રકારની સફળતા છે. રાહુલે કહ્યું હતું કે ટ્રમ્પ ૩૦ વાર બોલ્યા છે કે મેં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો. હવે તેઓ કહે છે કે હું ભારત પર ૨૫ ટકા ટૅરિફ લાદીશ. શું તમે પૂછ્યું કે મોદી કેમ જવાબ આપી શકતા નથી. શું કારણ છે? કોની પાસે અંકુશ છે?(એજન્સી)■

# ભારતની સસ્તી દવાની અછત થશે

નવી દિલ્હીઃ પહેલી ઑગસ્ટ ૨૦૨૫થી ભારતમાં પચીસ ટકા ટૅરિફ લાગુ પડશે જેને લઈ ભારતમાં કાગારોળ મચી ગઈ છે. ભારતીય નિકાસ પર અસર થવાની અમુક ચીજવસ્તુઓ પણ મોંઘી થઈ શકે છે, ત્યારે ભારતની સાથે અમેરિકા પણ નુકસાનમાંથી બચી શકશે નહીં. ટૅરિફનો આ દર અન્ય દેશો સાથે થયેલી ટૅરિફ ડીલ કરતા વધારે છે. જેથી ભારત પર આર્થિક ભારણ વધશે અને આર્થિક નુકસાન પણ થશે, પરંતુ પચીસ ટકા ટૅરિફના દરથી ભારતની સાથોસાથ અમેરિકાને પણ નુકસાન થશે. આ નુકસાન કેવી રીતે થશે? આવો જાણીએ.

અમેરિકાએ લાદેલા પચીસ ટકા ટૅરિફથી અનેક ભારતના અનેક સેક્ટર પર અસર થશે. ફાર્મા સેક્ટર પણ તેનાથી બાકાત રહેશે નહીં. પરંતુ તેની અસર અમેરિકા પર થશે, એવું નિષ્ણાતો જણાવી રહ્યા છે. કારણ કે અમેરિકાની જરૂરિયાતની ૪૭ ટકા દવાઓને જરૂરિયાત ભારત પૂરું પાડી રહ્યું છે.

ભારતીય ફાર્માસ્યુટિકલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (ફાર્માક્સિલ)ના ચેરમેન નમિત જોશીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે અમેરિકાના બજારમાં દવાઓ કે કાચો માલ અને ઓછા ખર્ચવાળી દવાઓ માટે ભારત પર વધારે નિર્ભર છે. જેનો વિકલ્પ શોધવામાં અમેરિકાને ઘણી મુશ્કેલી પડશે.

નમિત જોશીએ આગળ જણાવ્યું કે, ‘‘ભારત લાંબા સમયથી વિશ્વને સસ્તી અને સારી ગુણવત્તાવાળી દવાઓ પૂરી પાડે છે. એન્ટિ-બાયોટિક્સ, કેન્સર તથા અન્ય જૂની બીમારીઓની સારવારમાં વપરાતી દવાઓ પણ ભારતીય દવાની કંપનીઓ સસ્તા દામમાં ઉપ્લબ્ધ કરાવે છે. પચીસ ટકા ટૅરિફ દવાઓની અછત અને ભાવ વધારાનું કારણ બનશે. તેનાથી અમેરિકાના ગ્રાહકો અને હેલ્થ સર્વિસ સેક્ટરને નુકસાન થશે.’’

અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટૅરિફથી કેમિકલ, મેટલ પ્રોડક્ટ્સ, જ્વેલરી ઉદ્યોગ, ઓટોમોબાઈલ સેક્ટર, ખાદ્ય ઉત્પાદનો તથા ફાર્મો સેક્ટરને અસર થશે. ■

# અમેરિકાની ૨૫% ટૅરિફથી ભારતની જીડીપી ઘટી શકે છેઃ બાર્કલેઝ

નવી દિલ્હીઃ વૈશ્વિક નાણાકીય સેવા કંપની બાર્કલેઝે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા ભારત પર પચીસ ટકા ટૅરિફ અને રશિયા પાસેથી માલસામાનની આયાત બદલ દંડ ચાલુ નાણાકીય વર્ષમાં દેશના કુલ જીડીપી વૃદ્ધિ દરમાં ૦.૩૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. પરંતુ વધુ ટૅરિફ ભારતના સ્થાનિક માંગ સંચાલિત અર્થતંત્રને કોઈ ખાસ અસર કરે તેવી શક્યતા નથી. બાર્કલેઝના અંદાજ મુજબ જો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બુધવારે જાહેર કરાયેલ પચ્ચીસ ટકા ટૅરિફ પહેલી ઓગસ્ટથી લાગુ થાય છે તો ભારતીય માલસામાન પર અસરકારક સરેરાશ અમેરિકન આયાત ટૅરિફ વધીને ૨૦.૬ ટકા થશે. બાર્કલેઝના મતે આ દર બીજી એપ્રિલ, ૨૦૨૫ પહેલાના ૨.૭ ટકાના દર અને ૯૦ દિવસ માટે હાઈ ડ્યૂટી મુલતવી રાખવામાં આવી હતી તે સમયગાળા દરમિયાન લાગુ પડતા ૧૧.૬ ટકાના દર કરતા ઘણો વધારે છે. બાર્કલેઝે કહ્યું હતું કે, ‘‘ભારતીય અર્થતંત્રની પ્રમાણમાં બંધ પ્રકૃતિ અને સ્થાનિક માગ પર તેની નિર્ભરતા તેને મોટા આંચકાઓથી બચાવે છે. અમારું માનવું છે કે પચીસ ટકા ડ્યુટીની અસર મર્યાદિત રહેશે અને જીડીપી વૃદ્ધિ પર સંભવિત અસર ૦.૩૦ ટકા સુધી રહેશે.‘‘ બાર્કલેઝે આશા વ્યક્ત કરી હતી કે વાટાઘાટોને કારણે ભવિષ્યમાં ફાઈનલ ડ્યુટી દર ૨૫ ટકાથી નીચે આવી શકે છે. ■

# ભૂતપૂર્વ સાંસદનો બૅંક ફ્રોડ કેસઃ આંદામાન-નિકોબારમાં ઈડીના દરોડા

પોર્ટ બ્લેર/નવી દિલ્હી : કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓના ભૂતપૂર્વ કોંગ્રેસના સાંસદ સાથે સંકળાયેલ કથિત સહકારી બેંક લોન ’છેતરપિંડી’નાં મની લોન્ડરિંગ કેસની તપાસના ભાગરૂપે, એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ (ઈડીએ) ગુરુવારે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં તેનો પ્રથમ દરોડો પાડયો હતો, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. આ પહેલી વાર છે કે કેન્દ્રીય એજન્સીએ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હેઠળ દરોડા પાડ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### માલેગાંવ બ્લાસ્ટના

પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અદાલતના ચુકાદા અંગે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે ત્રાસવાદ ક્યારેય ‘ભગવો’ નહોતો અને ક્યારેય નહિ હોય.

એઆઇએમઆઇએમના નેતા ઇમ્તિઆઝ જલીલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે અદાલતના ચુકાદાને (ઉપલી અદાલતમાં) પડકારવો જોઇએ. સરકારે આ ચુકાદાના સંબંધમાં તાત્કાલિક કોઇ પ્રતિભાવ વ્યક્ત નથી કર્યો.

શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ જણાવ્યું હતું કે અદાલતનો આ ચુકાદો કૉંગ્રેસના ‘ચહેરા પર મરાયેલી થપ્પડ’ સમાન છે. કૉંગ્રેસે આ કિસ્સામાં ‘ભગવો ત્રાસવાદ’ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હતો અને તે બદલ તેણે માફી માગવી જોઇએ.

કૉંગ્રેસના નેતા દિગ્વિજય સિંહે જણાવ્યું હતું કે ત્રાસવાદને ક્યારેય ધર્મની સાથે જોડવો ન જોઇએ. કોઇ પણ ધર્મ હિંસાની તરફેણ નથી કરતો. મુંબઈથી અંદાજે ૨૦૦ કિલોમીટર આવેલા માલેગાંવની મસ્જિદ નજીક રખાયેલી મોટરસાઇકલમાંના વિસ્ફોટકને લીધે ૨૦૦૮ની ૨૯ સપ્ટેમ્બરે થયેલા ધડાકામાં છ જણ માર્યાં ગયાં હતાં અને અન્ય ૧૦૧ જણ ઘાયલ થયાં હતાં.

અદાલતે જણાવ્યું હતું કે જે મોટરસાઇકલમાં ધડાકો થયો હોવાનું કહેવાય છે, તે ઠાકુરની હોવાનું સાબિત કરવામાં ફરિયાદ પક્ષ (વાદી) નિષ્ફળ ગયો છે. આ ઉપરાંત, આ ધડાકો મોટરસાઇકલમાં જ થયો હોવાનું પણ પુરવાર નથી થઇ શક્યું.

માલેગાંવ ધડાકા કેસના આરોપીઓમાં ઠાકુર અને પુરોહિત ઉપરાંત (નિવૃત્ત) મેજર રમેશ ઉપાધ્યાય, અજય રાહિરકર, સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને સમીર કુલકર્ણીનો સમાવેશ થતો હતો.

અદાલતે આ ધડાકામાં મરનારા દરેક લોકોના પરિવારને રૂપિયા બે લાખ અને દરેક (૧૦૧) ઘાયલોને રૂપિયા પચાસ હજારનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

દક્ષિણ મુંબઈમાં આવેલી સેશન્સ કોર્ટ ખાતે આ કેસને ધ્યાનમાં રાખીને કડક સલામતી રખાઇ હતી. (એજન્સી)■

### ભારત અને રશિયા

અને વાંધાજનક’ ગણાવી હતી અને જણાવ્યું હતું કે (ભારત સાથેના દ્વિપક્ષી વેપારમાં) બધું સમુંનમું નથી અને તેથી ભારતે પહેલી ઑગસ્ટથી પચીસ ટકા ટૅરિફ અને પેનલ્ટી ચૂકવવા પડશે. રશિયા - યુક્રેન યુદ્ધની પહેલાં ભારત મોસ્કો પાસેથી ખનિજ તેલની પોતાની કુલ ખરીદીમાંનું ૦.૨ ટકા તેલ ખરીદતું હતું, પરંતુ આ યુદ્ધના સમયગાળામાં તેની ટકાવારી ૩૫થી ૪૦ ટકા કરી હતી. રશિયા પાસેથી ક્રૂડ ઑઇલ ખરીદનારા દેશોમાં ભારતનો ક્રમ ચીન પછી બીજો છે. (એજન્સી)■

### સત્ય સામે આવ્યું

લેનારા માલેગાંવ બ્લાસ્ટ કેસના તમામ સાત આરોપીઓને મુંબઈસ્થિત સ્પેશ્યલ કોર્ટે ૧૭ વર્ષ બાદ ગુરુવારે નિર્દોષ જાહેર કર્યા હતા.

યોગ્ય અને વિશ્વસનીય પુરાવાના અભાવને કારણે આ તમામને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હોવાનું કોર્ટે કહ્યું હતું. (એજન્સી)■

### મંત્રણા માટે

પ્રમુખનું કહેવું છે કે, નરેન્દ્ર મોદી અમારા મિત્ર છે પરંતુ ભારત અમેરિકા સાથે ખૂબ જ ઓછો વેપાર કરે છે. ભારત બ્રિક્સનો ભાગ છે જેને અમેરિકા પોતાના વિરોધી દેશોનો સમૂહ માને છે. એટલા માટે પણ ટ્રમ્પ નરેન્દ્ર મોદીથી નારાજ હોવાનું સૂત્રો કહે છે. ટ્રમ્પનું કહેવું છે કે, ભારત અમેરિકા પાસેથી સૌથી વધારે ટૅરિફ વસૂલે છે, અને સામે અમેરિકા પાસેથી ખૂબ ઓછા પ્રમાણમાં ખરીદી કરે છે. અત્યારે તો અમે ભારત સાથે વાત કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ.

ટ્રમ્પે કહ્યું હતું કે, ‘અમે હમણાં વાતચીત કરી રહ્યા છીએ. તમે જાણો છો, તેમની પાસે બ્રિક્સ છે, જે મૂળભૂત રીતે યુનાઇટેડ સ્ટેટ્સ વિરુદ્ધ દેશોનો સમૂહ છે, અને ભારત તેનો સભ્ય છે... તે ડોલર પર હુમલો છે, અને અમે કોઈને ડોલર પર હુમલો કરવા દઈશું નહીં. અમેરિકાએ ભારત પર ટૅરિફ લગાવવાની જાહેરાત કરી તેની સાથે જ ભારત સરકારે તેનો જવાબ આપી દીધો હતો. ભારતે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે, અમારા માટે દેશ પહેલા છે, અને ભારત દેશના હિતમાં દરેક જરૂરી પગલું ભરીશું. ભારત સરકારના આવા નિર્ણયના કારણે ટ્રમ્પ નરમ પડ્યા અને વાતચીત કરીશું તેવી જાહેરાત કરી છે. એટલું જ નહીં પરંતુ થોડા જ સમયમાં ટૅરિફ મામલે કરેલી પોસ્ટ પણ સોશિયલ મીડિયામાંથી હટાવી દીધી હતી. ■

### ભારત પોતાના

વિચારવિમર્શ કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર ખેડૂતો, કામદારો, સાહસિકો, નિકાસકારો, એમએસએમઈ અને સમાજના બધા વર્ગના કલ્યાણનું રક્ષણ કરવા અને તેને ઉત્તેજન આપવાને ઘણું મહત્ત્વ આપે છે. અમે આપણા રાષ્ટ્રીય હિતને સુરક્ષિત કરવા અને આગળ વધારવા જરૂરી તમામ પગલાં ભરીશું.

તેમણે વધુમાં કહ્યું હતું કે તાજેતરની ઘટનાઓના સૂચિતાર્થનો સરકાર અભ્યાસ કરી રહી છે. મંત્રાલય પરિસ્થિતિ અંગે નિકાસકારો અને ઉદ્યોગ સહિતના બધા હિતધારકોના મંતવ્યો જાણી રહી છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે ભારતથી આવતી વસ્તુઓ પર પચીસ ટકા ટૅરિફ અને રશિયા પાસેથી ખનીજ તેલ અને લશ્કરી ઉપકરણો ખરીદવા માટે ન જાહેર કરેલી પેનલ્ટી લગાડવાની જાહેરાત કરી હતી. અમેરિકાની ટીમ સૂચિત દ્વિપક્ષીય વેપાર કરાર માટે મંત્રણાનો છઠ્ઠો દોર શરૂ કરવા ૨૫ ઑગસ્ટે ભારત આવવાની છે ત્યારે ટ્રમ્પે કરેલી જાહેરાતથી બધાને આશ્ચર્ય થયું હતું.

ગોયલની ટિપ્પણી અગત્યની છે, કારણ કે આમાં અમેરિકાને કૃષિ અને ડેરી ક્ષેત્રમાં જકાતમાં છૂટછાટ આપવા અંગે વધુ કડક વલણ લેવામાં આવ્યું છે. ભારત સાથેની વેપાર મંત્રણામાં અમેરિકાની આ મુખ્ય માગણી રહેલી છે.

ભારતે જેમ્સ ઍન્ડ જ્વેલરી અને ઑટો પાર્ટ જેવા શ્રમિક આધારિત ક્ષેત્રમાં આયાત જકાત હળવી કરવાની માગ કરી છે.

બન્ને દેશ દ્વિપક્ષીય વેપાર કરાર કરવા માર્ચથી વાતચીત કરી રહ્યા છે. અત્યાર સુધી મંત્રણાના પાંચ દોર પૂરા થયા છે. હાલમાં ભારત અને અમેરિકાનો વેપાર ૧૯૧ અબજ ડોલરનો છે અને નવા વેપાર કરારનો હેતુ વધારીને ૨૦૩૦ સુધી ૫૦૦ અબજ ડોલર કરવાનો છે.

ભારત અને અમેરિકા ઑક્ટોબર-નવેમ્બર સુધી વેપાર કરારના પહેલા તક્કાને પૂરા કરવાનું લક્ષ્ય રાખે છે. બન્ને દેશ વચગાળાનો વેપાર કરાર પહેલા કરવા માગે છે. (એજન્સી)■

### ટ્રમ્પની

છે, જોકે આ પાર્ટનરશિપનું નેતૃત્વ કઈ કંપની કરશે એ હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી.

નોંધનીય છે ભારત અને પાકિસ્તાનના સંબંધોએ ઈતિહાસમાં સૌથી ખરાબ સ્તરે પહોંચ્યા છે, ભારત પાકિસ્તાન સાથેના તામામ પ્રકારના વાપારનો બહિસ્કાર કરી રહ્યું છે. ત્યારે ‘ભારત પાકિસ્તાન પાસેથી ઓઈલ ખરીદેશે’ એવું કહેતા ભારત સરકાર વાંધો ઉઠાવી શકે છે. ■

### રોહિંગ્યાઓ

શરણાર્થી નથી અને દેશમાં ગેરકાયદે પ્રવેશેલા સ્થળાંતરીઓ છે તો તેવા સંજોગોમાં પણ તેમના દેશનિકાલનું કેન્દ્ર અને રાજ્ય સરકારનું પગલું ન્યાયી લેખાશે?

જો રોહિંગ્યાઓને દેશમાં ગેરકાયદે પ્રવેશેલા સ્થળાંતરીઓ ગણી લેવામાં આવે તો શું તેમને અચોક્કસ મુદત સુધી અટકાયતમાં રાખી શકાય? કે પછી તેમને જામીન પર છોડી મૂકવાને પાત્ર ગણવા જોઈએ, એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

અરજીમાં વધુ એક મુદ્દો પણ ઉપાડી લેવામાં આવ્યો હતો અને તે એ કે જે રોહિંગ્યાઓને અટકાયતમાં લેવામાં નથી આવ્યા, શરણાર્થીઓની છાવણીમાં વસવાટ કરી રહ્યા છે અને તેમને પીવાના પાણી, સેનિટેશન અને શિક્ષણ સહિતની પાયાની સુવિધાઓ પણ આપવામાં આવી છે.

ખંડપીઠે એ બાબતની પણ નોંધ લીધી હતી કે જો રોહિંગ્યાઓને દેશમાં ગેરકાયદે પ્રવેશેલા સ્થળાંતરીઓ ગણવામાં આવતા હોય તો શું કાયદાનુસાર કેન્દ્ર અને રાજ્ય સરકારને તેમનો દેશનિકાલ કરવાની ફરજ પાડી શકાય? (એજન્સી)■

# નર્મદા ડેમની જળસપાટી ૧૩૧ મીટરને પારઃ સિઝનમાં પ્રથમ વખત પાંચ દરવાજા ખોલવામાં આવ્યા



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં સતત વધારાને પગલે ૩૧ જુલાઇના રોજ સિઝનમાં પહેલીવાર ડેમના પાંચ દરવાજા ખોલવામાં આવ્યા હતા. ડેમની જળસપાટી ૧૩૧ મીટરને પાર થઈ ગઈ હતી. ૧૨ કલાકમાં ૧.૫ મીટરનો વધારો થયો હતો. ડેમ ઓવરફ્લોથી માત્ર ૭ મીટર દૂર છે. ઉલ્લેખનીય છે કે, નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ અને પાણીની સતત આવકને કારણે ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૭૦ ટકા કરતાં વધુ ભરાઈ ગયો હતો, જેના પગલે એને વોર્નિંગ સ્ટેજ પર મૂકવામાં આવ્યો હતો. તંત્ર સંપૂર્ણપણે એલર્ટ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નર્મદા નદીના કાંઠાના વિસ્તારો જેવા કે વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના ગામોને એલર્ટ કરાયાં હતા.

સરદાર સરોવરના ઉપરવાસના કેચેમેન્ટ વિસ્તારમાં સતત ભારે વરસાદના કારણે ડેમની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો હતો. ઉપરવાસથી સતત આવતા પાણીના પ્રવાહને કારણે જ ડેમના ગેટ ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલ પ્રથમ તબક્કામાં ૫૦,૦૦૦ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે અને જરૂરિયાત મુજબ આ જાવકમાં વધારો થઈ શકે છે.

સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં સતત થઈ રહેલો વધારો ચાલુ વર્ષે સારા ચોમાસાના સ્પષ્ટ સંકેત છે. ગુજરાતના ખેડૂતો અને રાજ્યની પીવાના પાણીની જરૂરિયાત માટે આ એક આશાસ્પદ સ્થિતિનું નિર્માણ કરી રહ્યું છે. ડેમની જળસપાટી પર તંત્ર દ્વારા સતત અને કડક દેખરેખ રાખવામાં આવી રહી છે. આ સપાટીમાં વધારો ગુજરાતના કૃષિ ક્ષેત્ર અને પાણીપુરવઠા માટે અત્યંત મહત્ત્વનો છે. ■

# નીટ યુજી ૨૦૨૫ પ્રોવિઝનલ જનરલ મેરિટ લિસ્ટમાં ગુજરાતના છ ઉમેદવારોએ ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ નીટ (યુજી) ૨૦૨૫નું પ્રોવિઝનલ જનરલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ૩૧ જુલાઈએ મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ યુજી હેઠળના એમબીબીએસ, બીડીએસ સહિતના કોર્સનું પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ૨૪૩૭૪ ઉમેદવારોમાંથી ૬ જેટલા ઉમેદવારોએ ઓલ ઇન્ડિયા ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું હતું. ગુજરાત સરકારની પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સ, ગાંધીનગર માટે પ્રવેશ સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે મેડિકલ અને ડેન્ટલ કોર્સ માટે કામચલાઉ મેરિટ યાદી- નીટ યુજી-૨૦૨૫ આધારિત જનરલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. મેરિટ લિસ્ટમાં ઓલ ઇન્ડિયા રેન્કમાં ટોપ ૧૦૦માં ૬ ગુજરાતીને સ્થાન મળ્યું હતું. ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારી દ્વારા મેરિટમાં કેટગરી ક્રમાંક અને ઉમેદવારનો કેટેગરી મેરિટ લિસ્ટ ક્રમાંક પણ લખવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં કુપોષિત બાળકોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો

## સંસદમાં કેન્દ્ર સરકારની કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર બજેટમાં કરોડો રૂપિયા ફાળવે છે તેમ છતાંય કુપોષણની સ્થિતીમાં ઝાઝો ફરક પડ્યો નથી. રાજ્યમાં કુપોષણનો શિકાર થયેલાં બાળકોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો હતો. સંસદમાં ખુદ કેન્દ્ર સરકારે રજૂ કરેલાં રિપોર્ટમાં ગુજરાતમાં કુપોષણની કેવી સ્થિતિ છે તેનો ખુલાસો થયો હતો. કેન્દ્ર સરકારે સાંસદમાં રજૂ કરેલા રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ૩.૨૧ લાખ આદિવાસી બાળકો કુપોષણનો શિકાર છે. ભાજપના શાસનમાં સરકારી યોજનાઓ થકી મળતિયા, ભ્રષ્ટ અધિકારી પોષિત થયાં છે પણ બાળકો તો કુપોષિત જ રહ્યાં છે.

જૂન-૨૦૨૫ સુધી ગુજરાતમાં ઓછું વજન ધરાવતાં આદિવાસી બાળકોની સંખ્યા ૧,૭૧,૫૭૦ હતી. જ્યારે અતિ ઓછું વજન ધરાવતાં ૧,૧૧,૮૬૨ આદિવાસી બાળકો હતાં. ઓછી ઊંચાઈ ધરાવતાં ૩૭,૬૯૫ બાળકો હતાં. કુલ મળીને ૩,૨૧,૧૨૭ આદિવાસી બાળકો કુપોષિત હતાં.

રાજ્યમાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, કુપોષણમુક્ત ગુજરાત અભિયાન, નમોશ્રી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા માતૃત્વ યોજના, મમતા અભિયાન સહિત ઘણી યોજનાઓ અમલમાં છે. દર વર્ષે કુપોષણ દૂર કરવાના નામે લાખો કરોડો રૂપિયા ગ્રાન્ટ ખર્ચવામાં આવે છે તેમ છતાંય ગુજરાતમાં કુપોષણની સ્થિતિ યથાવત રહી હતી. રિપોર્ટ મુજબ, ગુજરાત કરતાં બિહાર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ત્રિપુરા, કેરલા, તમિળનાડુમાં કુપોષિત આદિવાસી બાળકોની સંખ્યા ઓછી હતી. ■

# શમા પરવીનની પૂછપરછમાં થયો ખુલાસોઃ ગજવા-એ-હિંદ ઈચ્છતી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેંગલુરુથી ધરપકડ કરાયેલી અને અલ કાયદા ઇન્ડિયન સબકોન્ટિનેન્ટની આતંકી શમા પરવીનને લઈને ગુજરાત એટીએસે અનેક મોટા દાવા કર્યા હતા. એટીએસએ અલ કાયદાના ઓનલાઈન મોડ્યુલનો પર્દાફાશ કરીને શમા પરવીનની ધરપકડને મોટી સફળતા ગણાવી હતી. તે અલ કાયદા ઇન્ડિયન સબકોન્ટિનેન્ટ અને પાકિસ્તાનનું મોહરું બની ગઈ હતી. શમા પરવીન અંસારી ગઝવા-એ-હિન્દનો ઈરાદો ધરાવતી હતી અને લગભગ ૧૦,૦૦૦ લોકોમાં જિહાદનું ઝેર ફેલાવવાનું કામ કરતી હતી.

એટીએસના અધિકારીઓ અનુસાર, અંસારી ભારત સરકાર વિરુદ્ધ સશસ્ત્ર વિદ્રોહ અને જિહાદ માટે લોકોને ઉશ્કેરતી હતી અને તેના માટે તે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરતી હતી. તે નફરત ભરેલા સંદેશાઓ ફેલાવીને ધાર્મિક ઉન્માદ અને હિંસા ભડકાવવા માંગતી હતી.

એટીએસ દ્વારા જાહેર કરવામાં આવેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું કે શમા અંસારી બે ફેસબુક પેજ અને એક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ચલાવતી હતી, જેના કુલ ૧૦,૦૦૦ યુઝર્સ હતા. શમા તેના દ્વારા એક્યૂઆઈએસ અને અન્ય કટ્ટરપંથી પ્રચારકોના વિચારો શેર કરતી હતી. તેમાં એક્યૂઆઈએસ નેતા મૌલાના અસીમ ઉમર, મૃત અલ કાયદાના વિચારક અનવર અલ-અવલાકી અને લાહોરની લાલ મસ્જિદના મૌલાના અબ્દુલ અઝીઝના ભાષણોના વીડિયો શેર કરવામાં આવતા હતા. જેમાં ગઝવા-એ-હિન્દ, કાફિરો પર હુમલા અને ભારત સરકાર વિરુદ્ધ નફરતના સંદેશા હતા.

શમા અંસારી ફોન અને ઈમેલ દ્વારા પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં હતી. જુલાઇ મહિનામાં એટીએસ દ્વારા ચલાવવામાં આવેલા એક ઓપરેશન પછી શમા અંસારીની ભૂમિકા સામે આવી. ૨૩ જુલાઈએ એટીએસએ દિલ્હી, નોઈડા, અમદાવાદ અને ગુજરાતમાંથી ચાર લોકોની ધરપકડ કરી હતી.

તેમના પર જિહાદી પ્રોપેગેન્ડા વીડિયો શેર કરવાનો આરોપ છે. એટીએસે કહ્યું કે આ વીડિયોમાં ભારતીય મુસ્લિમ યુવાનોને દેશના લોકતંત્રને નકારી કાઢીને સશસ્ત્ર વિદ્રોહ કરીને શરિયા કાયદો લાગુ કરવા માટે ઉશ્કેરવામાં આવતા હતા. તપાસમાં જાણવા મળ્યું કે તેણે બે ફેસબુક અને એક ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી આ વીડિયો લીધા હતા. તપાસકર્તાઓ અનુસાર, આ બંને પેજ શમા પરવીન અંસારી ચલાવતી હતી. ■

# શ્રાવણ માસમાં ફૂલોની માગ વધીઃ વડોદરામાં મહારાષ્ટ્રથી 30,000 કિલોથી વધુ ફૂલની દૈનિક આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્રાવણ માસની સીધી અસર ફૂલ બજાર પર જોવા મળી રહી છે. વડોદરા શહેરમાં ફૂલોની માગમાં ૧૦૦ ટકાનો વધારો થયો હતો. જેથી ફૂલોના ભાવ પણ બે ગણા થઈ ગયા હતા.રસ્તાઓ પર રૂ.૩૦માં મળતો ફૂલનો હાર હાલ રૂ.૭૦થી રૂ.૮૦માં વેચાઈ રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુલાબ સિવાયના મોટાભાગનાં ફૂલો હાલ મહારાષ્ટ્રનાં વિવિધ ગામોમાંથી આવી રહ્યા છે. સામાન્ય દિવસોમાં મહારાષ્ટ્રથી ફૂલનો જથ્થો લઈને સરેરાશ ૮થી ૧૦ પિકઅપ વાન વડોદરા આવે છે, પરંતુ શ્રાવણ માસના કારણે આ આંકડો વધીને રોજ ૧૮થી ૨૦ પિકઅપ વાન પર પહોંચી ગયો છે. આ વાહનોમાં આવતા ફૂલનું કુલ વજન ૩૦ હજાર કિલોગ્રામથી પણ વધુ થાય છે. મુખ્યત્વે પીળા અને કેસરી ગલગોટા તેમજ વ્હાઇટ સેવંતી મહારાષ્ટ્રથી આવે છે. જ્યારે ગુલાબ, મોગરો, જુઈ અને લીલી જેવાં ફૂલો વડોદરા આસપાસનાં સ્થાનિક ગામડાઓમાંથી આવે છે.

શ્રાવણ માસમાં ભક્તો મોટી સંખ્યામાં ભગવાન શિવના દર્શનાર્થે મંદિરોમાં જાય છે. આ ઉપરાંત, મહિનામાં આવતા તહેવારોમાં પણ મહિલાઓ દ્વારા થતી પૂજા-વિધિમાં ફૂલોનો વ્યાપક ઉપયોગ કરાય છે. મંદિરોમાં શિવલિંગ પર ફૂલ અને હાર ચઢાવવાથી માંડીને ઘરમાં થતી પૂજા માટે પણ ફૂલોની જરૂર પડતી હોવાથી તેની માગમાં અનેકગણો વધારો થયો હતો. વડોદરા આસપાસના નારેશ્વર, ઇંટાલા, બામણગામ, મોટીકોરલ, પાદરા અને કરજણ જેવા વિસ્તારોમાંથી ગુલાબનો મોટો જથ્થો આવે છે.

શ્રાવણ માસમાં ખાસ કરીને સોમવાર અને શનિવારે ફૂલોની માગ સૌથી વધુ રહે છે. હાલ ગુલાબનો ભાવ પ્રતિ કિલોએ ૧૫૦થી ૨૦૦ રૂપિયા, ગલગોટનો ભાવ પ્રતિ કિલો રૂ. ૮૦ થી રૂ.૧૦૦, મોગરાનો ભાવ રૂપિયા ૧૦૦૦ પ્રતિ કિલો, જુઈનો ભાવ રૂ. ૧૨૦૦ પ્રતિ કિલો પહોંચી ગયો છે. સૂત્રોએ હજુ પણ ભાવમાં વધારો થશે તેમ જણાવ્યું હતું. ■

# વડોદરાના પલાસવાડા સરીતા એસ્ટેટમાંથી એસએમસીએ દારૂનું ગોડાઉન ઝડપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લા પોલીસતંત્રની ચાંપતી નજર હોવા છતાં, બુટલેગરો સરહદો પાર કરીને દારૂ ઘુસાડવામાં સફળ થઈ રહ્યા છે. સ્ટેટ મોનિટરિંગ સેલે ડભોઈ તાલુકાના પલાસવાડા નજીક આવેલા સરીતા એસ્ટેટમાંથી દારૂનું મોટું ગોડાઉન ઝડપી પાડ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે ડભોઈ તાલુકાના પલાસવાડા પાસેના એક ગોડાઉનમાં દારૂનો મોટો જથ્થો છે અને ત્યાંથી દારૂનું કટિંગ ચાલી રહ્યું છે. આ માહિતીના આધારે એસએમસીની ટીમે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. પોલીસના દરોડા દરમિયાન, દારૂનો જથ્થો લેવા માટે વિવિધ વાહનો લઈને આવેલા બુટલેગરોમાં નાસભાગ મચી ગઈ હતી અને તેઓ પોતાના વાહનો સ્થળ પર છોડીને ફરાર થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા વરણામા પોલીસે રમણગામડી જીઆઈડીસીમાંથી અમદાવાદ, ઓઢવના એક બુટલેગરનું દારૂનું ગોડાઉન ઝડપી પાડ્યા હતા.

પોલીસે ગોડાઉનમાંથી ₹૧૭ લાખની કિંમતનો દારૂનો જથ્થો, એક ટેમ્પો, એક બાઈક અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ ₹૨૩.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે ડભોઈ પોલીસે ફરાર થઈ ગયેલા ગોડાઉન માલિક સહિત સાત આરોપીઓ સામે ગુનો દાખલ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

સ્ટેટ મોનિટરિંગ સેલે ડભોઈ પોલીસ મથકમાં ફરાર થયેલા ગોડાઉન માલિક સહિત સાત બુટલેગરો અને કેરિયરો સામે ફરિયાદ નોંધાવી હતી.

ડભોઈ પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. દારૂનું ગોડાઉન ઝડપાયું હોવાની વાત વાયુવેગે પ્રસરતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ■

# દક્ષિણ ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૬૬.૭૫ ટકા વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. કેટલાક જિલ્લા ગાજવીજ સાથે વરસાદ વરસાદની આગાહી કરી હતી. રાજ્યમાં હાલ ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે અને વરસાદી સિસ્ટમના કારણે વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી હતી.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા સાંજે ૬ વાગ્યા સુધીના જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, રાજ્યમાં ૩૩ તાલુકામાં ઝરમર વરસાદ વરસ્યો હતો. નવસારીના ખેરગામમાં ૦.૩૧ ઇંચ, વાંસદામાં ૦.૨૮ ઇંચ, વિજયનગરમાં ૦.૨૪ ઇંચ વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૬૨.૮૫ ટકા વરસાદ પડ્યો છે. કચ્છમાં ૬૪.૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૫.૨૬ ટકા, પૂર્વ મધ્યમાં ૬૪.૮૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૫.૦૯ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૬૬.૭૫ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ૨૦૬ જળાશયોમાં ૬૬.૪૯ ટકા જળસંગ્રહ છે. ૩૧ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા, ૬૫ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયેલા, ૩૭ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ભરાયેલા, ૨૮ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. ૩૫ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં ૫૧ ડેમ હાઈ એલર્ટ પર છે. ૨૩ ડેમ એલર્ટ તથા ૨૨ ડેમ વોર્નિંગ પર છે. ■

# સુરતઃ પિતાએ બે પુત્રો સાથે સામૂહિક આપઘાત કર્યો, માતાએ પુત્રને ઝેરી દવા પીવડાવ્યા બાદ પોતે પણ પીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં બે ચકચાર ભરી ઘટના બની હતી. એક ઘટનામાં પિતાએ બે પુત્રો સાથે સામૂહિક આપઘાત કર્યો હતો, જ્યારે બીજી ઘટનામાં માતાએ સાત વર્ષના પુત્રને ઝેરી દવા પીવડાવ્યા બાદ પોતે પણ પી લીધી હતી.

સુરતમાં જિલ્લા પંચાયત ક્વાર્ટરમાં એક શિક્ષકે બે બાળકો સાથે આપઘાત કર્યો હતો. જેમાં એક પુત્રની ઉંમર બે વર્ષ અને બીજા પુત્રીની ઉંમર આઠ વર્ષની છે. હાલ આપઘાત પાછળનું કારણ જાણવા મળ્યું નથી.

મળતી માહિતી મુજબ મૂળ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા ગામના વતની અને હાલ સુરતમાં રહેતા અલ્પેશભાઈ કાંતિભાઈ સોલંકી (ઉં.વ. ૪૧) ડિંડોલની મેરીમાતા સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. શિક્ષક અલ્પેશભાઈએ પુત્ર ક્રીશીવ (ઉં.વ. ૮) અને પુત્ર કર્નિશ (ઉં.વ. ૨) સાથે આપઘાત કરી કર્યો હતો.

સુરતના લસકાણા વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષીય મહિલાએ પોતાના સાત વર્ષના પુત્રને ઝેરી દવા પિવડાવ્યા બાદ પોતે પણ પી લીધી હતી. દવા પીવા અંગેની જાણ પરિવારને થતાં દોડી ગયા હતા અને બંનેને સારવાર અર્થે ખાનગી હૉસ્પિટલ ખસેડ્યાં હતાં. ત્યાંથી વધુ સારવાર અર્થે માતાને સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. મહિલાએ આ આકરું પગલું કયા કારણસર ભર્યું છે એ અંગે કોઈ કારણ સામે આવ્યું નથી.

મૂળ અમરેલીના ડેડકણી ગામ અને સુરતમાં લસકાણાના કઠોદરા ખાતે આવેલી ગઢપુર ટાઉનશિપમાં ૩૪ વર્ષીય મહિલા પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં એક સાત વર્ષનો દીકરો છે. મહિલાના પહેલા લગ્ન થયા હતા, જેમાં પતિનું વર્ષ ૨૦૨૦માં અકસ્માતમાં અવસાન થયું હતું. ત્યાર બાદ તેણે બીજા લગ્ન કર્યા હતા, પણ એ સફળ ન રહેતાં પરત પિયર આવી ગઈ હતી.

હાલ મહિલા પિતા સાથે રહેતી હતી. મહિલાએ પોતાની મિત્ર સહિતના લોકોને પોતે પાસોદરા રોડ ખાતે આવેલા મામા મંદિર દેવ પાસે ઝેરી દવા પી લીધી હોવાની જાણ કરી દીધી હતી, જેથી મહિલાના મિત્રોએ તેમના પરિવારને આ અંગે જાણ કરી હતી. મહિલાનું આજે સવારે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે પુત્રની સારવાર ચાલુ હતી. લસકાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ સાબરમતી રિવરફ્રન્ટ પર દોડ લગાવી

## કાશ્મીર પ્રવાસનને પ્રોત્સાહન આપવા હાકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાહ ગુજરાતના બે-દિવસીય પ્રવાસે પહોંચ્યા હતા. અહીં તેમણે કેન્દ્રશાસિત પ્રદેશની પ્રવાસનની સંભાવનાઓને પ્રોત્સાહન આપવા માટે વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તેમના પ્રવાસના પ્રથમ દિવસે, તેમણે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર મોર્નિંગ રન કર્યા પછી તેના ભરપેટ વખાણ કર્યા હતા.

ઓમર અબ્દુલ્લાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તસવીરો પોસ્ટ કરી લખ્યું કે, અમદાવાદમાં એક પ્રવાસન કાર્યક્રમ માટે આવ્યો હતો ત્યારે, મેં અહીંના પ્રખ્યાત સાબરમતી રિવરફ્રન્ટ પર સવારની દોડનો લાભ લીધો. હું અત્યાર સુધી જ્યાં-જ્યાં દોડ્યો છું તેમાંથી આ એક શ્રેષ્ઠ જગ્યા છે, અને ઘણા બધા અન્ય ચાલનારાઓ કે દોડવીરો સાથે આ અનુભવ શૅર કરવો આનંદદાયક હતો. હું અદ્ભુત અટલ ફૂટ બ્રિજ પાસેથી પણ પસાર થયો.

ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મમીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાની ગુજરાત યાત્રાનો મુખ્ય હેતુ જમ્મુ-કાશ્મીરને એક સુરક્ષિત અને વિશ્વસનીય પર્યટન સ્થળ તરીકે ફરીથી સ્થાપિત કરવાનો છે. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકી હુમલા, જેમાં ૨૬ લોકોના જીવ ગયા હતા, પછીથી કાશ્મીરમાં પ્રવાસન ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત થયું છે. તેમણે કહ્યું, ગુજરાત, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યો હંમેશાં અમારા પ્રવાસન ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા રહ્યા છે. ■

# ગુજરાત વાર્ષિક ૧૮૩ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન સાથે દેશમાં ચોથા ક્રમેઃ પશુપાલન પ્રધાન રાઘવજી પટેલ

અમદાવાદઃ પશુપાલન પ્રધાન રાઘવજી પટેલની અધ્યક્ષતા હેઠળ જીએનએલયુ-ગાંધીનગર ખાતે પરિવર્તનશીલ વિશ્વમાં પશુ સ્વાસ્થ્યઃ નવીનતા, રોગ નિવારણ અને પશુકલ્યાણ વિષય પર ટેક્નિકલ સેમિનાર યોજાયો હતો. સમારોહ દરમિયાન સેમિનારના શુભારંભ સાથે પ્રધાન રાઘવજી પટેલે એક સાથે રાજ્યના ૧૦ જિલ્લામાં રૂ. ૧૯.૯૮ કરોડના ખર્ચે નવનિર્મિત કુલ ૩૧ પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ કર્યું હતું.

આ સમારોહ દરમિયાન ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ કૃત્રિમ બીજદાનની તાલીમ પૂર્ણ કરેલા રાજ્યના ૨૧૭ મલ્ટી-પર્પઝ આર્ટિફિશિયલ ઇન્સેમિનેશન ટેક્નિશિયન ઇન રૂરલ ઇન્ડિયા ટેક્નિશિયનને કૃત્રિમ બીજદાન માટે જરૂરી ૧૨ સાધન-સામગ્રી ધરાવતી કીટ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પશુ વીમા યોજના હેઠળ ક્લેમ મંજૂર થયો હોય તેવા લાભાર્થીઓને વીમા હેઠળ મળવાપાત્ર રૂ. ૪૦,૦૦૦ રકમના ચેક પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

પશુપાલન પ્રધાન રાઘવજી પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતે પશુપાલન અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે સમગ્ર દેશમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. જેમાં રાજ્યના પશુપાલકો ઉપરાંત પશુ સારવાર માટે કામ કરતા રાજ્યના પશુ ચિકિત્સકોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહી છે. આજે વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ભારતનો ફાળો ૨૫ ટકા છે અને ભારતમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત ચોથા ક્રમે છે. ગુજરાતમાં વાર્ષિક ૧૮૩ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન થઇ રહ્યું છે. દૂધ ઉત્પાદન અને પશુ આરોગ્યને સીધો સંબંધ છે, તેમ કહી તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતને દૂધ ઉત્પાદન ક્ષેત્રે હરહંમેશ અગ્રેસર રાખવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળની રાજ્ય સરકારે પશુ સારવાર કેન્દ્ર અને ફરતા પશુ દવાખાના થકી ઘરઆંગણે પશુ આરોગ્ય સુવિધા, પશુ સંવર્ધન માટે રાહત દરે કૃત્રિમ બીજદાન અને આઈવીએફની સુવિધા, પશુઓમાં રોગ નિયંત્રણ માટે રસીકરણ અભિયાન, પશુ ચિકિત્સકોની ઉપલબ્ધતા, પશુઓના પોષણ માટેની યોજના તેમજ પશુઓના રક્ષણ માટે પશુ વીમા યોજના જેવી અનેકવિધ નવતર પહેલો કરી છે.

આ કાર્યક્રમ દરમિયાન રાજ્યની વેટરનરી કોલેજોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને અવ્વલ આવેલા ૩૧ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ પ્રધાનના હસ્તે સ્ટુડન્ટ ઓફ ધ યરની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ■

### નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના

# ગુજરાતમાં પાંચ વર્ષમાં ૭૭ હજારથી વધુ દિવ્યાંગજનોએ આરોગ્ય વીમા કવચનો લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના દિવ્યાંગજન નાગરિકોના આરોગ્યની દરકાર ગુજરાત સરકાર કરી રહી છે. દિવ્યાંગજનોને આરોગ્ય કવચ પૂરું પાડવા માટે ગુજરાત સરકારે નિરામયા હેલ્થ ઇન્સ્યોરન્સ યોજના અમલી બનાવી છે. આ યોજના હેઠળ દિવ્યાંગજનોને વાર્ષિક રૂ. એક લાખ સુધીનું આરોગ્ય વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. નિરામયા હેલ્થ ઇન્સ્યોરન્સ યોજના હેઠળ ગત પાંચ વર્ષમાં રાજ્યના ૭૭,૦૫૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. આ દિવ્યાંગ લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૯૧.૫૬ લાખના ખર્ચે વાર્ષિક રૂ. એક લાખ સુધીનું આરોગ્ય વીમા કવચ આપવામાં આવ્યું હતું.

બૌદ્ધિક અસમર્થતા, સેરેબલ પાલ્સી (મગજનો લકવો), ઓટીઝમ તથા મલ્ટીપલ ડીસેબિલિટીઝ ધરાવતા દિવ્યાંગજનને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. આ યોજનામાં ઉક્ત ચાર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી દવાઓ અને વાહન વ્યવહારના ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ તમામ પ્રકારની વય જૂથના દિવ્યાંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ લાભાર્થીને કોઇપણ પ્રકારની પૂર્વ તબીબી પરીક્ષા એટલે કે મેડિકલ ટેસ્ટની જરૂરિયાત રહેતી નથી અને લાભાર્થી કોઇપણ માન્ય હોસ્પિટલમાં સારવાર લઈ શકે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીની કૌટુંબિક માસિક આવક રૂ. ૧૫ હજાર સુધી હોય તો માસિક રૂ. ૨૫૦ અને કૌટુંબિક માસિક આવક રૂ.૧૫ હજારથી વધુ હોય તેવા લાભાર્થીને માસિક રૂ. ૫૦૦નું પ્રીમિયમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. ■

# મહેસાણા અર્બન બેંકની ચૂંટણી પહેલા સમાજવાદના મુદ્દે સ્થાનિક રાજકારણ ગરમાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા અર્બન બેંકની ત્રણ ઓગસ્ટે ચૂંટણી યોજાશે. આ પહેલા મહેસાણા અર્બન બેંકમાં સમાજવાદનો મુદ્દો સામે આવ્યો હતો. ને વિશ્વાસ પેનલના ડી.એમ.પટેલનો ઓડિયો વાયરલ થયો હતો. જેમાં માત્ર ૮૪ સમાજના લોકોને જ સભ્ય બનાવવાની વાત કરી રહ્યા છે. ઓડિયો ક્લિપ વાયરલ થતા અર્બન બેંક ચૂંટણી પહેલા અનેક સવાલો ઊઠ્યા હતા. ઓડિયોની વાતચીત પરથી લોકોના મનમાં અનેક સવાલો થયા હતા. શું માત્ર ૮૪ સમાજ માટે જ અર્બન બેન્ક ઊભી કરવામાં આવી છે? માત્ર ૮૪ સમાજના જ લોકોને સભાસદ બનાવવાનું કામ ચાલી રહ્યું હોય તેવો સંવાદનો ઓડિયો સામે આવ્યો હતો. ચૂંટણી સમયે અર્બન બેંકના અનેક વાદવિવાદ સામે આવી રહ્યા છે. આક્ષેપ પ્રતિ આક્ષેપ વચ્ચે અર્બન બેંકની ચૂંટણી વિવાદના મધપૂડામાં સપડાઈ રહી છે. મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંક લિમિટેડમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે. જે અંતર્ગત ત્રણ ઓગસ્ટે સવાકે આઠ થી સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન યોજાશે. ચાર ઓગસ્ટે મત ગણતરી થશે અને આઠ ઓગસ્ટે એજીએમ મળશે. ■

# જોગેશ્વરીની ટ્રોમા હોસ્પિટલમાં આઇસીયુમાં સેવા આપતી કંપની બ્લેકલિસ્ટેડ

## ૨૨માંથી માત્ર ૧૦ બેડ કાર્યરત

મુંબઈઃ જોગેશ્વરીમાં આવેલી હિંદૂહૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે ટ્રોમા હોસ્પિટલના ઇન્ટેન્સિવ કેર યુનિટ (આઇસીયુ) વિભાગમાં અચાનક સેવાઓ બંધ કરવા બદલ મુંબઈ મહાનગરપાલિકાએ સંબંધિત કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટેડ કરી છે. હોસ્પિટલના તત્કાલીન ડીને કંપનીની ભૂલો વિશે ઉપરી અધિકારીઓને જાણ ન કરી હોવાથી સેવા બંધ કરવામાં આવી હોવાની ચર્ચા થઈ રહી છે.

ટ્રોમા હોસ્પિટલમાં આઇસીયુમાં હાલમાં બાવીસ બેડ છે. ગોરેગાંવમાં સિદ્ધાર્થ હોસ્પિટલ બંધ થયા પછી ૨૦૧૯માં તેના ૧૨ બેડને ટ્રોમા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૨૦૨૨માં, ટ્રોમા હોસ્પિટલના આઇસીયુમાં વધારાનું ૧૦ બેડનું ઇન્ટેન્સિવ કેર યુનિટ શરૂ કરવામાં આવ્યું હતું.

આ કુલ બાવીસ બેડના બંને આઇસીયુમાં સેવાઓ પૂરી પાડવાનો કોન્ટ્રાક્ટ મેક્સ કેર હોસ્પિટલ નામની કંપનીને આપવામાં આવ્યો હતો, પરંતુ કોન્ટ્રાક્ટર તરફથી સેવા પૂરી પાડવામાં બેદરકારી દાખવવામાં આવી હતી.

આ ગેરવર્તણૂક અંગે જૂન ૨૦૨૩માં કંપનીને નોટિસ પણ જારી કરવામાં આવી હતી. જોકે તે પછી પણ સપ્ટેમ્બરમાં કંપનીનો કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવ્યો હતો. માર્ચ ૨૦૨૫માં, કંપનીએ અચાનક આઇસીયુમાં સેવાઓ બંધ કરી દીધી હતી. આના કારણે દર્દીઓને ઘણી તકલીફ સહન કરવી પડી હતી. જો કે તે સમયે કૂપર હોસ્પિટલના ડિરેક્ટરોએ તાત્કાલિક પગલાં લઇ હોસ્પિટલમાં બે સિનિયર અને ત્રણ જુનિયર ડોક્ટરોની નિમણૂક કરી અને ૧૦ બેડનું આઇસીયુ શરૂ કર્યું હતું. જો કે કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે ૧૨ બેડનું આઇસીયુ હજુ પણ બંધ છે, એમ હોસ્પિટલના એક વરિષ્ઠ ડોક્ટરે જણાવ્યું હતું.

# મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કરોડો રૂપિયાનું કૌભાંડ

મુંબઈઃ મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કરોડો રૂપિયાના કૌભાંડ સંબંધી મની લોન્ડરિંગની તપાસ કરી રહેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ના અધિકારીઓએ ગુરુવારે મુંબઈમાં આઠ સ્થળ પર રેઇડ પાડી હતી, જેમાં નદીમાંથી ગાળ કાઢીને તેનો નિકાલ કરવા અંગેના નવ નકલી એમઓયુ પાલિકાને આપનારા કોન્ટ્રેક્ટરોને નિશાન બનાવાયા છે.ઇડી દ્વારા પાડવામાં આવેલી રેઇડનો આ બીજો રાઉન્ડ છે. ઇડીના અધિકારીઓએ જૂનના પ્રથમ સપ્તાહમાં મુંબઇ-કેરળમાં પંદરથી વધુ સ્થળે રેઇડ પાડી હતી, જેમાં ફિલ્મ એક્ટર ડિનો મોરિયાના બાંદ્રાના નિવાસસ્થાન સહિત પાલિકાના અધિકારીઓ, વચેટિયા અને અન્ય લોકોનાં રહેઠાણો તથા ઓફિસનો સમાવેશ હતો. ઇડીએ ત્યાર બાદ ડિનો મોરિયા અને તેના ભાઇ સેન્ટિનોની પૂછપરછ પણ કરી હતી. મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫ કરોડ રૂપિયાના કૌભાંડ પ્રકરણે મુંબઈ પોલીસની ઇકોનોમિક ઓફેન્સ વિંગે (ઇઓડબ્લ્યુ) મે મહિનામાં પાંચ ખાનગી કોન્ટ્રેક્ટર, પાલિકાના ત્રણ અધિકારીઓ સહિત ૧૩ જણ સામે ગુનો દાખલ કર્યો હતો. એફઆઇઆરમાં આરોપી તરીકે પાલિકાના આસિસ્ટન્ટ એન્જિનિયર પ્રશાંત રામુગડે, ડેપ્યુટી ચીફ એન્જિનિયર ગણેશ બેન્દ્રે અને પ્રશાંત તાયશેટ્ટી તથા અન્યોનાં નામ અપાયાં હતાં. આ ગુનાને આધારે ઇડીએ ઇસીઆરએસ (એન્ફોર્સમેન્ટ કેસ ઇન્ફોર્મેશન રિપોર્ટ) દાખલ કરી મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી હતી. પ્રારંભિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે નદીમાંથી ગાળ કાઢવાના કરાર સંબંધિત વિવિધ નાણાકીય ગેરરીતિ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ વચ્ચે કરાઇ હતી. એ સિવાય કોન્ટ્રેક્ટરોએ નવ નકલી એમઓયુ (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) રજૂ કર્યા હતા.

# થાણેમાં અકસ્માતમાં મૃત્યુ પામેલા શખસના કુટુંબને ૪૨ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણેમાં ૩૦ નવેમ્બર, ૨૦૧૯ના રોજ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા શખસના પરિવારને ૪૨.૨૭ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલ (એમએસીટી)એ આદેશ આપ્યો છે.

એમએસીટીના સભ્ય કે.પી. શ્રીખંડેએ પચીસમી જુલાઇએ આપેલા ચુકાદામાં વાહનના માલિક અને વીમા કંપની બંનેને સંયુક્ત અને અલગ અલગ રીતે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે, જેમાં વીમા કંપનીને પોલિસીની શરતોના ભંગ બદલ વાહનના માલિક પાસેથી વળતરની રકમ વસૂલ કરવાની છૂટ આપવામાં આવી છે.

ઘોડબંદર રોડ પર ટ્રકે મોટરસાઇકલને અડફેટમાં લેતાં સંજય વિલ્સન તોંડેનું મૃત્યુ થયું હતું, જે ખાનગી કંપનીમાં સુપરવાઇઝર તરીકે કામ કરતો હતો. સંજય તોંડેના આકસ્મિક મૃત્યુ માટે વળતર માગતી અરજી મોટર વેહિકલ એક્ટ, ૧૯૮૮ની કલમ ૧૬૬ હેઠળ દાખલ કરાઇ હતી.

દરમિયાન અરજદારના એડવોકેટ પી.એન. જાધવે ટ્રક ડ્રાઇવર પર બેદરકારીપૂર્વક વાહન હંકારવાનો આરોપ કર્યો હતો, જ્યારે વાહનના માલિક અને વીમા કંપનીના વકીલ વી.પી. કદમ તથા એ. કે. તિવારીએ આ આરોપોને નકારી કાઢ્યા હતા.

એમએસીટીના સભ્ય શ્રીખંડેએ પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે ટ્રક ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૪-એ અને મોટર વેહિકલ એક્ટ હેઠળ દાખલ એફઆઇઆર દર્શાવે છે કે તે બેદરકારીપૂર્વક વાહન હંકારી રહ્યો હતો. (પીટીઆઇ)

# પાલિકાના અધિકારીઓ-પોલીસ સાથે મારપીટઃ પાંચ વ્યંઢળ વિરુદ્ધ ગુનો

થાણેઃ નવી મુંબઈ મહાપાલિકા દ્વારા હાથ ધરાયેલી અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન પાલિકાના અધિકારીઓ અને પોલીસ સાથે કથિત ઝપાઝપી કરી હંગામો મચાવવા બદલ પોલીસે પાંચ વ્યંઢળ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૨૮ જુલાઈએ બની હતી. નવી મુંબઈ મહાપાલિકાના અતિક્રમણ વિરોધી વિભાગના અધિકારીઓ રબાળે વિસ્તારમાં આવેલા એક મેદાનમાં કથિત ગેરકાયદે બાંધકામોને તોડી પાડવા ગયા હતા. આ કામગીરી માટે પોલીસ દ્વારા સુરક્ષા પણ પૂરી પાડવામાં આવી હતી.

રબાળે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વ્યંઢળોના એક જૂથ દ્વારા મેદાન પર કબજો જમાવવામાં આવ્યો હતો. પાલિકાની ટીમ પહોંચી ત્યારે પ્લૉટ પર ૧૦થી ૧૨ જણનું જૂથ હાજર હતું. આ જૂથે પાલિકાના અધિકારીઓ અને પોલીસ સાથે ઉગ્ર દલીલો કરી હતી. પછી ધક્કામુક્કી અને ગાળાગાળી પર ઊતરી આવેલા જૂથે મારપીટ પણ કરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર પાલિકાની કામગીરી અટકાવવા વ્યંઢળોએ અશ્લીલ હાવભાવ કરી વાહનવ્યવહાર અટકાવી દીધો હતો. પોલીસે પાંચ વ્યંઢળને તાબામાં લીધા હતા. પ્રાથમિક પૂછપરછ પછી તેમની વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ)

# દલિત વૃદ્ધાનું અપમાનઃ એક કરોડની ઉચાપત બદલ ત્રણ સામે ગુનો દાખલ

થાણેઃ રાયગડ જિલ્લામાં ૬૩ વર્ષની દલિત વૃદ્ધાનું કથિત અપમાન કરવા તથા એક કરોડ રૂપિયાની ઉચાપત કરવા પ્રકરણે ત્રણ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

જળગાંવના રામકૃષ્ણ પાટીલ તથા ધુળેના રહેવાસી યુવરાજ બૈસને અને અમોલ બૈસનેએ બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. સામાજિક કલ્યાણ સંગઠનના કામકાજમાં અવરોધ ઊભો કર્યો હતો અને એક કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી.

ઉલવે પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અર્જુન રજાનેએ જણાવ્યું હતું કે વૃદ્ધાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જેને જાતિવાચક અપશબ્દો કહેવામાં આવ્યા હતા તેમ જ સામાજિક અને આર્થિક બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

આ ઘટના ૨૦૨૨માં બની હોવાથી ત્રણેય આરોપી સામે ભારતીય દંડસંહિતા તથા એસસી/એસટી (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીસ) એક્ટની જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરાઇ નથી. (પીટીઆઇ)

# મહિલા સરપંચનો આત્મહત્યાનો પ્રયાસઃ બે સરકારી અધિકારીને બંધક બનાવાયા

થાણેઃ નવી મુંબઈના ચિકલે ગામની મહિલા સરપંચે આત્મહત્યાનો કથિત પ્રયાસ કરવાની ઘટના બાદ વિરોધ પ્રદર્શન કરનારા ગામવાસીઓએ બે સરકારી અધિકારીને બંધક બનાવી રાખ્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ મંગળવારે બનેલી આ ઘટના પ્રકરણે પનવેલ તાલુકા પોલીસે ચિકલે ગામના ૧૬ રહેવાસી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

મહિલા સરપંચ દીપાલી તાંડેલે ૨૬ જુલાઈએ જમીન સંબંધી મામલાની ફરિયાદ ગંભીરતાથી ન લેવા પ્રકરણે સ્થાનિક પ્રશાસનને પત્ર લખ્યો હતો. પત્રમાં તેણે ચેતવણી પણ આપી હતી કે જો પગલાં લેવામાં ન આવે તો પરિવાર સાથે તે ઝેર પીને આત્મહત્યા કરશે.

પત્રની નોંધ લઈ ગ્રામીણ વિકાસ અધિકારી અને બ્લૉક વિકાસ અધિકારી સમજાવવા માટે સરપંચના ઘરે ગયા હતા. જોકે સરપંચના પરિવારે પોતાને ઘરમાં બંધક બનાવી લીધા હતા. દરવાજો તોડી ઝેર પીધાની શંકા પરથી સરપંચ અને તેના પરિવારને હૉસ્પિટલે મોકલાવવાની વ્યવસ્થા કરી હતી. એ સમયે એકઠા થયેલા ગામવાસીઓએ અધિકારીઓને ત્યાં જ રોકી રાખ્યા હતા. તેમના વાહનની આગળ બેસી વિરોધ પ્રદર્શન કરાયું હતું. લગભગ કલાક સુધી અધિકારીઓને બંધક બનાવવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. (પીટીઆઈ)

# કબૂતરોને ચણ નાખશો તો નોંધાશે એફઆઈઆર

## હાઈ કોર્ટે જાહેર સ્થળોએ કબૂતરોને ખવડાવવા પર મૂક્યો પ્રતિબંધ

મુંબઈઃ થોડા દિવસોથી કબૂતરો મનુષ્યના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે કે નહીં તે અંગે મતમતાંતર ચાલી રહ્યા છે. કેટલાક પ્રાણી પ્રેમીઓએ કોર્ટમાં આ અંગે અરજી કરી હતી. હવે બોમ્બે હાઈ કોર્ટે પોતાના ચુકાદામાં જાહેર સ્થળોએ કબૂતરોને ખવડાવવા પર પ્રતિબંધ મૂક્યો છે.કોર્ટે અગાઉ કબૂતરખાનાઓ તોડી પાડવા પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ ચણ નાખવાની મંજૂરી આપી નહોતી. કોર્ટના આદેશનો અનાદર કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. કોર્ટે કહ્યું કે કબૂતરોને ખવડાવવું એ જાહેર ઉપદ્રવ છે. તે લોકોના સ્વાસ્થ્ય માટે પણ હાનિકારક છે. કબતરોને કારણે લોકોને બીજી ઘણા પ્રકારની બીમારીઓનો સામનો કરવો પડે છે. કોર્ટે પોતાનો ચુકાદો આપતાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને આવી પ્રવૃત્તિઓમાં સામેલ લોકો સામે એફઆઈઆર દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

જસ્ટિસ જી.એસ. કુલકર્ણી અને જસ્ટિસ આરિફ ડોક્ટરની બેન્ચે પ્રાણી પ્રેમીઓના એક જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર પોતાનો ચુકાદો આપ્યો છે.

# ફ્રોડનો એસઆઈપીઃ ૨૮ દિવસ, ૬૩ લાખ કૉલ અને ૮૬,૯૧૦ લોકોની છેતરપિંડી

## એસઆઈપી સિસ્ટમ દ્વારા ચીન, પાકિસ્તાન, કૅનેડા, નેપાળ અને બાંગ્લાદેશમાંથી ભારતીયો સાથે છેતરપિંડીનું મોટું કૌભાંડ મહાષ્ટ્રમાં પકડાયુંઃ ૧૧ની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સેશન ઈનિશિયેશન પ્રોટોકૉલ (એસઆઈપી) સિસ્ટમનો ઉપયોગ કરીને વિદેશમાં બેઠાં બેઠાં ભારતીય નાગરિકો સાથે સાયબર ફ્રોડ કરવાના કૌભાંડનો પર્દાફાશ કરી રાયગડ પોલીસે ૧૧ આરોપીની ધરપકડ કરી હતી. ઉચ્ચ શિક્ષિતો દ્વારા ચલાવવામાં આવતા આ રૅકેટમાં સામેલ વિવિધ રાજ્યોના આરોપીઓનાં ૧૧૨ બૅન્ક ખાતાં પોલીસ દ્વારા સીઝ કરવામાં આવ્યાં હતાં.

રાયગડ પોલીસે આ રૅકેટના કથિત સૂત્રધારો આદિત્ય ઉર્ફે અભય મિશ્રા અને શમ્સ તાહિર ખાન સહિત ૧૧ની ધરપકડ કરી હતી. બીટેક કૉમ્પ સ્કોલર મિશ્રાને ઉત્તર પ્રદેશના હરદોઈથી અને એમબીએ ડિગ્રીધારક ખાનને રાજસ્થાનના જયપુરથી પકડી પાડવામાં આવ્યો હતો.

રાયગડમાં રહેતા ફરિયાદીને મની લોન્ડરિંગના કેસમાં સંડોવણી સામે આવી હોવાનો ભય દેખાડી સાયબર ઠગ દ્વારા ૬૬ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. સીબીઆઈના અધિકારીના સ્વાંગમાં આરોપીએ ડિજિટલ અરેસ્ટને નામે ફરિયાદીને વિવિધ બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી. આ પ્રકરણે રાયગડની સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓ બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને બોગસ નામે કંપની રિજસ્ટર્ડ કરાવતા હતા. બાદમાં એ કંપનીને નામે એસઆઈપી લાઈનનું કનેક્શન લેતા હતા. આ સિસ્ટમનો ઉપયોગ નાગરિકોનો સંપર્ક સાધવા માટે કરવામાં આવતો. ઈન્ટરનેટ કનેક્શનની મદદથી ચાલતી આ સિસ્ટમથી કૉલ કરવામાં આવે તો તેને ટ્રેસ કરવો મુશ્કેલ હોય છે, કારણ કે વારંવાર કૉલ બાઉન્સ થતા હોવાને કારણે તે વિદેશથી કરાયો છે કે ભારતથી એ જાણી શકાતું નથી.

મુખ્ય આરોપી અભય મિશ્રા પાંચ સર્વર ચલાવતો હતો, જેના માધ્યમથી એસઆઈપી સિસ્ટમ દ્વારા છેલ્લા ૨૮ દિવસમાં લગભગ ૬૩ લાખ કૉલ કરવામાં આવ્યા હતા. આમાંથી માત્ર મહારાષ્ટ્રમાં જ ૮૬,૯૧૦ વ્યક્તિને કૉલ કરી છેતરવામાં આવ્યાની ચોંકાવનારી માહિતી તપાસમાં સામે આવી હતી.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી સ્વ. છોટાલાલ મોનજી મહેતાના સુપુત્ર પ્રકાશભાઇના ધર્મપત્ની અ. સૌ. આશાબેન (ઇલાબેન) (ઉં. વ. ૬૪) તા. ૩૦-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કિંજલ ભાવિનકુમાર દોશી તથા સમીરના માતુશ્રી. તે કનુભાઇ જીતુભાઇ અને જગતભાઇ ઇલાબેન, મધુબેન, મીનાબહેન, હીનાબેનના ભાભી. પિયર પક્ષ મોટા સુરકા નિવાસી બચુભાઇ પિતામ્બરદાસ શાહના સુપુત્રી. ભાવેશભાઇ સોનલ સુરેશકુમારના બેન. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એમ-૨૨ સી-૨. મહાવીરનગર સોસાયટી, શંકરલેન, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ટાણા નિવાસી હાલ ચુનાભઠ્ઠી સ્વ. ચીમનલાલ વનમાળીદાસ શાહના ધર્મપત્ની વનિતાબેન શાહ (ઉં. વ. ૯૩) તે જીતુભાઇ, હસમુખભાઇ, નરેન્દ્રભાઇ, સ્વ. કિરણબેન શાહના માતુશ્રી. ચારુબેન, નયનાબેન, હેમાબેન, નવનીતરાય શાહના સાસુ. સ્વ. કાંતીભાઇ, સ્વ. હિંમતભાઇ, સ્વ. અમીચંદભાઇ, સ્વ. રંભાબેન, સ્વ. લીલાવતીબેન, સ્વ. હીરાબેન, હસુબેનના ભાભી. નિમેશ, હાર્દિક, નૈતીક, કેવિન, અંકિત, તૃષીત, દર્પણ, ચિંતનના દાદી. પિયરપક્ષે સ્વ. નેમચંદ હીરાચંદ શાહ મહુવાવાળાની દીકરી. ગુરૂવાર તા. ૩૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

અંજનાબેન કિર્તીકુમાર મહેતા (ઉં. વ. ૬૮) તા. ૩૦-૭-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે વલ્લભીપુર નિવાસી હાલ મીરારોડ, સ્વ. પ્રતાપરાઇ ચંદુલાલ મહેતાના પુત્રવધૂ. તે કલ્પનાબેન ગાંધી, જયશ્રીબેન અતુલભાઇ મહેતા, સ્વાતીબેન વિરેનભાઇ મહેતા, મીતાબેન શેઠના ભાભી. મેઘના રૃષભ મહેતા, તોરલ અમીતભાઇ શેઠના મમ્મી. ગારીયાધાર નિવાસી સ્વ. પ્રાણલાલભાઇ ભવાનભાઇ શાહના દીકરી. જ્યોત્સનાબેન, રશ્મીબેનના બેન. દીવાના દાદી. રીયાનના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લીલાબેન મૂળચંદભાઇ શાહના પુત્રવધૂ ઇલાબેન કમલેશભાઇ શાહ (ઉં. વ. ૬૬) તા. ૨૮-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અંક્તિ, ગૌરવના માતુશ્રી. અવનીના સાસુ. સુધાબેન સુકેતુભાઇ શાહના દેરાણી. તે ગઢડા (સ્વામીના) નિવાસી હાલ બોરીવલી સ્વ. વિનુમતીબેન રતિલાલ કામદારના સુપુત્રી. મિલનભાઇ, ભાવેશભાઇ, કનકબેન ગુણવંતરાય રૂપાણી, દક્ષાબેન યોગેશકુમાર અજમેરા, કિરણબેન પરેશકુમાર ગાંધીના બેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨-૮-૨૫ના ૧૦થી ૧૨. ઠે. એ.સી. હોલ, બીજે માળે, સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના નિર્મળાબેન શાંતિલાલ કરમણ ગડા (ઉં. વ. ૬૬) મંગળવાર, તા. ૨૯-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન કરમણના પુત્રવધૂ. શાંતિલાલના ધર્મપત્ની. મધુર, અર્ચના, નિકીતાના માતુશ્રી. કેતકી, નવીન, ખીમજી ગાલા, મેહુલ સત્રાના સાસુ. વિહાન, હેતાંશના દાદી. ક્રિશ, કાવ્ય, રિદાનના નાનીમા. લાકડીયા સ્વ. ચાંપુબેન ડાહ્યાલાલ નંદુ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧-૮-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દરેડ નિવાસી હાલ ઢસા જંક્સન, હરીચંદભાઈ વોરાના પુત્ર ચંદુલાલ (ઉં. વ. ૯૬) તા. ૨૬-૭-૨૫ના શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે ધીરજલાલ, સ્વ. હિંમતલાલ તથા પ્રભાબેન શાંતિલાલ કોઠારીના મોટાભાઈ. મનુભાઈ, નવીનભાઈ, કિરીટભાઈ, યતિનભાઈ, ચંદ્રિકા હેમંત લાખાણી, શોભના શૈલેષ શાહ, હર્ષા શૈલેષ દોશી, ઈલા મનીષ મેહતાના પિતાશ્રી, ભાવના, ઉષા, કિરણ તથા મીતાના સસરા, હાથસણી નિવાસ. સ્વ. બાવચંદ ખોડીદાસ મગિયાના જમાઈ, ધારા, વિશાલ, અંકિત, જીનલ, હર્ષ, કિંજલ, શ્રેયા, ફેનાલી અને યશના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ મલાડ, કીર્તિકુમાર મુક્તીલાલ વોરા (ઉં. વ. ૯૩) તા. ૩૦/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મીનાક્ષીબેનના પતિ. અતુલ, અજય, અનીશાના પિતાશ્રી. મુકુંદભાઈ, પ્રીતિબેન, એકતાબેનના સસરા. સંભવ, ઋષભ, સુતેજ શ્રુતિના દાદા. સ્વ. એવંતીભાઈ, સ્વ. પુષ્પાબેન, સ્વ. કિરીટભાઈ, સ્વ. પ્રતિભાબેન અને સ્વ. વિક્રમભાઈ મુકતીલાલ વોરાના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૬૧/૬૨, આકાશ એપાર્ટમેન્ટ, મામલતદારવાડી, રોડ નં ૪, મલાડ વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભદ્રાવળ નિવાસી હાલ ડોંબિવલી, સ્વ.ઠાકરશી આણંદજી શાહના સુપુત્ર રમેશભાઈ શાહ (ઉં. વ. ૭૩) તે વિલાસ બેનના પતિ, રાજેશના પિતાશ્રી, તા.૩૦.૦૭.૨૫ બુધવારના સ્વર્ગવાસ થયેલ છે. સ્વ. કિરીટભાઈ, હર્ષાબેન હસમુખરાય ગાંધી, ઉષાબેન અતુલભાઈ શાહ, નીતાબેન ભરતભાઈ દોશીના ભાઈ, સ્વસુર પક્ષે સ્વ.વૃજલાલ કલ્યાણજી વોરા ત્રાપજવાળાના જમાઈ. રૂમ નં૬, સાઇકૃપા નિવાસ બિલ્ડિંગ, અંબિકાનગર, ગોગ્રસવાડી ડોંબિવલી ઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના ગીરીશ રતીલાલ સાવલા (ઉં. વ. ૬૨) ૩૦-૭-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન રતીલાલના પુત્ર. રેખાના પતિ. અમિત, સંજયના પિતા. રાજેશ, દિલીપના ભાઇ. ભાનુબેન નેમચંદના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિ. અમિત સાવલા, ૭૩, ગીરીકુંજ, ૩જે માળે, એલ.જે. રોડ, માહીમ, મું. ૧૬.

નાંગલપુર (ઢીંઢ)ના ભવાનજી ખીમજી ગંગર (ઉં. વ. ૭૬) તા. ૨૯-૭-૨૫નાં વડીલ વંદના-ગુંદાલામાં અવસાન પામેલ છે. સુંદરબેન ખીમજી નરશીના પુત્ર. વિમળાના પતિ. સ્વ. અજયના પિતા. નાનજી, નેમચંદ, દામજી, વસંત, ઝવેર, હેમલતા, અનિલાના ભાઇ. નાના ભાડીયાના સોનબાઇ પ્રેમજી રામજીના જમાઇ. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. બપોરે ૨ થી ૩.૩૦. ઠે. રાજેશ પ્રેમજી મારૂ, બી/૨, હિંદમાતા કો.ઓ.હા. સોસાયટી, ડો. બી.એ. રોડ, દાદર, મુંબઇ-૧૪.

હમલા મંજલના દિનેશભાઈ વરજાંગ શાહ / હરીયા (ઉં. વ. ૮૧) તા. ૩૦-૭-૨૦૨૫ના અવસાન પામ્યા છે. ખેતબાઈ વરજાંગ દેવજીના સુપુત્ર. મૃદુલાબેનના પતિ. નિલેશ, સ્વ. મિનેશના પિતાશ્રી. શેરડીના લીલાધર વરજાંગ, દેવપુરના સાકરબેન નાનજી, ભોજાયના ગંગાબાઈ તેજપારના ભાઈ. દેઢીઆના ગંગાબાઈ લખમશી ડુંગરશી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિલેશ શાહ : એ-૩૩૦૨, ઈવોક, લોઢા ન્યુ કફ પરેડ, વડાલા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૩૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુંબઇ ભાયચંદ નારણદાસ શાહના પુત્ર સ્વ. જયસુખલાલના ધર્મપત્ની ગજરાબેન (ઉં. વ. ૮૬) તે શશીકાંતભાઇ, સ્વ. દિનેશભાઇ, દિલીપભાઇ, સ્વ. ગુલાબેન, સ્વ. મંગળાબેન તથા નિર્મળાબેનના મોટાભાભી. તે નરેન્દ્ર, અમિતાભ, મિલિબેનના માતુશ્રી. તે તેજસ પ્રતાપરાય દોશી સાવરકુંડલાવાળા (પાલાં)ના સાસુ. પિયરપક્ષે સિહોરવાળા જગજીવનદાસ ફૂલચંદ શાહના દીકરી. બુધવાર, તા. ૩૦-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઠે. ૧૮૫, કાળા પથ્થરની બિલ્ડિંગ, ૩જે માળે, કુંભારવાડા ગલી નં.૩, ગોળ દેવળ મંદિર પાસે, મુંબઇ-૪.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

કુમુદબેન શાહ (ઉં. વ. ૮૦) કોલ્કી નિવાસી હાલ કાંદિવલી સ્વ. યશવંતભાઇ છોટાલાલ શાહના ધર્મપત્ની. તે સુનીલભાઇ, રવિભાઇ અને નેહાબેનના માતુશ્રી. રિટાબેન, વિદ્યાબેન અને વિરેનભાઇના સાસુ. દિશા-મિત, દિશુ-સોહમ, યશ્વી, રાજ, નિલના દાદી/નાની. તારાબેન-મનસુખભાઇ, સુધાબેન-હસમુખભાઇ, ઉષાબેન-જીતેન્દ્રભાઇ. સ્નેહાબેન-વિનયભાઇ, રંજનબેન-રજનીભાઇ, ચારુબેન-મહેશભાઇના ભાભી. પિયર પક્ષે સ્વ. જયસુખલાલ પ્રભુદાસ બખાઇના દીકરી. ગુરુવાર, તા. ૩૧ જુલાઇ ૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

રાજકોટ નિવાસી જયસુખલાલ અમૃતલાલ ભટ્ટના સુપુત્ર મહેશભાઇ ભટ્ટ (ઉં. વ. ૪૪) જયેન્દ્રભાઇના ભત્રીજા. તે મેહુલભાઇ, ગૌરાંગભાઇ નિકુંજભાઇના મોટાભાઇ તા. ૨૯-૭-૨૫ના મંગળવારના કૈલાસવાસ થયેલ છે. ઠે. બજરંગવાડી શેરી નં. ૧૪, હિંગળાજ કૃપા ખાતે રાખેલ છે.

રાજકોટ અમરશી માધવજી ભાયાણી, રાજેશકુમાર લક્ષ્મીદાસ ભાયાણીના બહેન. રમણીકભાઇ જયંતિભાઇ આદ્યાના ભાણેજ મમતાબેન નરેન્દ્રકુમાર રાજાણી (ઉં.વ. ૬૦) નું અવસાન તા. ૨૮-૭-૨૫ સોમવારના સુરત મુકામે થયેલ છે. સાદડી તા. ૧-૮-૨૫ શુક્રવારના સાંજે ૪થી ૫. ઠે. સિદ્ધનાથ મહાદેવ, રામપાર્ક મેઇન રોડ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

કોટડી નિવાસી હાલ મુંબઇ શામજી ઘકાણ તા. ૩૧-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. રતનબેન રામજી ખટાઉના સુપુત્ર. સ્વ. શાંતાબેન શાંતિલાલ જખિયાના જમાઇ. રંજનબેનના પતિ. સ્વ. નરોતમભાઇ, હરિલાલભાઇ, ભાઇલાલ ભાઇ, સ્વ. હસમુખભાઇ, સ્વ. નર્મદાબેન, સ્વ. કસ્તુરબેન તથા હંસાબેનના ભાઇ. શિલ્પા વશનજીભાઇ છટ પોખિયા, અલ્પા મિતેશભાઇ કોઠારી, મિતલ સંજય ઓબેરોય તથા હિમાંશુના પિતા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કોળી પટેલ**

ગામ કોથા (કછોલી) હાલ વિરાર, રવિશંકર બાબુભાઈ પટેલ તથા ઉષાબેન પટેલના સુપુત્ર આશિષ પટેલ (ઉં.વ.૩૯) અવસાન બુધવાર તા. ૩૦/૭/૨૫ના રોજ થયેલ છે. તે રિચાના પતિ. દિવ્યેશના ભાઈ. નૈનિતાના દિયર. જતીનભાઈ તથા મમતાબેન કાવાના જમાઈ. સ્વ. રમેશભાઈ, સ્વ. બલ્લુભાઈ, સુમનભાઈ, પ્રવીણભાઈ, નરેન્દ્રભાઈ (રાજુ), રમીલાબેન, મીનાબેન, સુશીલાબેન, કલાબેન, સ્વ. રમીલાબેન, ગં. સ્વ. સરોજબેન, સ્વાતિબેન, હેમાબેન, રેખાબેનના ભત્રીજા. મિતેશ, હિતેશ, પ્રગ્નેશ, સની, મનીષ, પ્રતીક, ધ્રુવીલ, નિશા, તેજલ (ગુડ્ડી), મોનાલી, અપર્ણા, મેહલ, જીનલ, ઈશિતા, યશાના ભાઈ. તેમનું બેસણું શુક્રવાર તા. ૧/૮/૨૫ના ૩ થી ૫. રાખેલ છે. તેમનું પુચ્છપાણી રવિવાર, તા. ૧૦/૮/૨૫ના ૩ થી ૫. ઠે શ્રીપાલ સ્ટાર બિલ્ડિંગ, ડી-૨૧૫, એમ. બી. એસ્ટેટ, દત્તમંદિર રોડ, વિરાર-વેસ્ટ. બંને પક્ષનું બેસણું સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલાવાળા હાલ બોરીવલી સ્વ. હિંમતલાલ નંદલાલ સોમૈયાના ધર્મપત્ની તારામતી (ઉં. વ. ૮૬) તે સુધીર, નીતા, સ્મીતાના માતુશ્રી. તે પૂનમ, દીપકકુમાર, સ્વ. યોગેશકુમારના સાસુ. તે ચત્રભુજ ગાંડાલાલ સૂચકની સુપુત્રી. તે બંસી, જેસલ, કશ્યપના દાદી. તે ગૌરવ, ભાવિક, મૈત્રીના દાદી સાસુ. ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧-૮-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર હોલ, યોગી નગર, બોરીવીલ (પૂર્વ).

**શિહોર સં.ઓ.અ. બ્રાહ્મણ**

મહુવા નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. કુમુદીની લ. ભટ (ઉં.વ. ૮૨) તા. ૩૦-૭-૨૫ બુધવારના કૈલાશધામ પામ્યા છે. તે સ્વ. લક્ષ્મીપ્રસાદ વ. ભટ્ટના પત્ની. ધવલ, વર્ષા, હેમા, પૂર્વીના માતુશ્રી. ધારીણી, અતુલ, ભાર્ગવના સાસુ. સ્વ. ચંદુલાલ ન. દવેના સુપુત્રી. દિલીપ અને હેમંતના બેન. યામીની અને હેતલના નણંદ. તેમની પ્રાર્થનાસભા તા. ૧-૮-૨૫ના શુક્રવારના ૫થી ૭. ઠે. નિર્માણ હોલ, ચારકોપ સેક્ટર ૯, પ્લેટીનમ ટાવરની બાજુમાં, કાંદિવલી (પશ્ચિમ).

**કચ્છી લોહાણા**

સ્વ. રૂક્ષમણીબેન કરસનદાસ ગણાત્રા (લસણવાળા) કચ્છ ગુંદીયારી હાલ માટુંગાના સુપુત્રી કમલીનીબેન (ઉં. વ. ૫૫) તે સ્વ. સતિશભાઇ, અ. સૌ. સુક્ષ્મા હેમંતભાઇ આઇયાના બેન. સ્વ. પુરુષોતમ મેઘજી ગણાત્રાના પૌત્રી. મુલજી પેરાજના દોહિત્રી. બુધવાર, તા. ૩૦-૭-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

રવાપર હાલ મુલુંડ સ્વ. પ્રભાવંતી દેવજી તન્નાના પુત્રવધૂ અ. સૌ. પૂનમબેન (ઉં. વ. ૭૦) તે લક્ષ્મીકાંતના ધર્મપત્ની. સ્વ. હિરબાઇ હિરજી ગણાત્રાના સુપુત્રી તા. ૩૦-૭-૨૫ બુધવારના રામશરણ પામેલ છે. તે મિતેશ, યોગેશ અને દેવેશના માતુશ્રી. ધર્મિષ્ઠા, પૂનમ અને ફોરમના સાસુ. શશીકાંત, ખુશલતા નરેન્દ્ર કોટક, સુષ્મા રાજેશ સોમૈયાના ભાભી. અ. સૌ. સરલાબેનના જેઠાણી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૮-૨૫ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. કાલીદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

જસ્મિન તુષાર શ્રીધરાણી (ઉં. વ. ૬૧) તા. ૩૦-૭-૨૫ના રોજ મુંબઇ ખાતે શ્રીજીચરણ પામ્યા છે. તુષાર રમેશભાઇ શ્રીધરાણી, દીપ તુષાર શ્રીધરાણી પુત્ર. અમિત રમેશભાઇ શ્રીધરાણી દિયર. કલાબેન ભૂપતભાઇ ભાયાણી માતા, તૃપ્તિ મયંકભાઇ શાહ નણંદ, બિમલ ભૂપતરાય ભાયાણી ભાઇ. સદગતની પ્રાર્થનાસભા તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૫ના સાંજે ૪થી ૬. ઠે. ભારતીય વિદ્યાભવન હોલ, ગિરગાંવ, ચોપાટી, મુંબઇ ખાતે.

**કચ્છી લોહાણા**

સ્વ. દયારામ ઉમરશી પુંજાણી ગામ કચ્છ ગઢશીશાના ધર્મપત્ની (હાલ ઘાટકોપર) ગં. સ્વ. મણીબેન (ઉં. વ. ૧૦૩) તા. ૩૦-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગંગાબાઇ

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

વિશનજી કતીરા કચ્છ ગામ રવાની દીકરી. તે સ્વ. શાંતાબેન શામજીભાઇ પુંજાણીના બહેન. તે ગં. સ્વ. રંજનબેન હરીરામ ચંદારાણા, સ્વ. કિશોરભાઇ, કાંતીભાઇ, હરીશભાઇ, અ. સૌ. રમીલાબેન શરદભાઇ ઠક્કરના માતુશ્રી. તે ગં. સ્વ. અનસુયાબેન, અ. સૌ. જયોતીબેન, સ્વ. દિપાબેનના સાસુમા. તે મીતા, જતીન, પ્રશાંત, ફાલ્ગુની, માનસીના દાદીમા. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧-૮-૨૫ના સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ) ૪થી ૫.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ એજ દિવસે આવી જવું.

**પાવરાઇ ભાટિયા**

ગામ મંજલ કચ્છ હાલ મુંબઇ નિવાસી સ્વ. ચંપાબેન ચાંપસી ધમાણીના પુત્ર ચંદ્રસેન ધમાણી (ઉં. વ. ૮૫) તા. ૩૦-૭-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પેરાજ પૂંજા મૂલાણીના જમાઇ. તે સરલાબેનના પતિ. ગં. સ્વ. આશાબેન કીર્તિકુમાર ગાંધીના ભાઇ. તે દિનેશ, સ્વ. કાજલના પિતા. અ. સૌ. બિંદુ દિનેશના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન હરીરામ રામજી ખાંટ/ઠક્કર ગુંધીયારીવાળાના પુત્ર. સ્વ. તુલસીદાસભાઇ (શંભુભાઇ)ના ધર્મપત્ની ગં. સ્વ. લીલાવંતીબેન (ઉં. વ. ૮૬) સોમવાર તા. ૨૮-૭-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. સ્વ. મીઠાબાઇ સુંદરજી સકરાણી મસ્કાવાળાના પુત્રી. સૌ. રશ્મિ રમેશ ગંધા, સૌ. દિના નવીન રાજદે, સૌ. તરૂલતા જયંતી પવાણી, સૌ. અંજુ પ્રકાશ ખાંટ, સૌ. ક્રીષ્ણા દીપક ખાંટના માતુશ્રી/સાસુજી. સૂર્યકાંતભાઇ, મધુભાઇ, સ્વ. સુભાસભાઇ, સ્વ. સરસ્વતીબેન તુલસીદાસ બાવડ, ગં. સ્વ. શેનતારાબેન રમણીકલાલ શેઠ, સ્વ. શાંતાબેનના ભાભી. સ્વ.મોહનલાલભાઇ (મેંગલોર) હરીશભાઇ (કેનેડા)ના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કુંભાર**

મલાડ નિવાસી, સ્વ. હીરાબેન,સ્વ. દામોદરભાઈ રાઘવજી ટાંકના સુપુત્ર રમેશભાઈ ટાંક, (ઉં. વ. ૭૭) તા. ૨૮-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે શોભનાબેનના પતિશ્રી. પ્રદીપભાઈ - કેદારભાઈ અને અલ્પાબેનના પિતાશ્રી. હેતલ અને ચૈતાલીના સસુરશ્રી. સાનવી, મિહિકા, શ્રિયા, ધ્રુવના દાદાશ્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૧-૦૮-૨૫ શુક્રવારના ૪.૦૦ થી ૬.૦૦. લેન્ડમાર્ક હોલ, સાંઇબાબા કોમ્પ્લેક્સ રોડ, યશોધામ, ગોરેગામ પૂર્વ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠિયા વણિક**

બાલાગામ વાળા હાલ ગોરેગામ, સ્વ. વ્રજલાલ પ્રભુદાસ પારેખના ધર્મપત્ની ગં. સ્વ. ગુલાબબેન પારેખ (ઉં. વ. ૯૨) તા. ૨૯/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જે દક્ષા ચંદ્રકાન્ત શાહ, દિપક, દિલીપ, પરેશ, મયુરી નરેશ શાહના માતુશ્રી. ચંદ્રકાન્ત જેચંદ, નરેશ, દ્વારકાદાસ, જાગૃતિ, સંગીતા, હેતલના સાસુજી. હીરાબેન લક્ષ્મીચંદ, મુલચંદ જેચંદના બહેન, સ્નેહા ભાવિન, કૃપા નેમિશ, હિલોરી ચિરાગ, ભૂમિ અજિતના દાદી-નાની સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ડીપીએસ પાર્ક વ્યૂ, ૧૦૦૪ વીસોવાની બિલ્ડીંગ નં. ૩૫, રોડ નં.- ૧૬, ગોરેગામ (વેસ્ટ),

**સમસ્ત દરજી સમાજ બાબરિયાવાડ-મુંબઇ**

ગામ રાજુલા નિવાસી હાલ મીરારોડ, નરસીભાઈ ગીગાભાઈ ગોહિલના ધર્મપત્ની સ્વ. મંગળાબેન (ઉં. વ. ૬૬) સોમવાર તા. ૨૮-૦૭-૨૫ના અક્ષરનિવાસી પામ્યા છે. તે જતીનભાઈ, પ્રીતીબેન, રશ્મીબેન, દીમીબેનના માતુશ્રી. કમલેશભાઈ, રમેશભાઈ, અમીતભાઇના સાસુ. જશ, પ્રિયલ, મહેક, ધ્રુવી, હની, જીયા, દેવાંશ, શ્રેયાશના નાની. આશવીના દાદી. સ્વ. રામજીભાઈ દામજીભાઇ, સ્વ. બચુભાઇ, સ્વ. કાંતીભાઇ, સ્વ. જેંતીભાઇ, સ્વ. રમેશભાઈ, સ્વ. કમળાબેન, સ્વ. કલાબેન, સ્વ. વીમળાબેન તથા ધનવંતીબેન, ચેતનાબેનના બેન. પ્રાર્થનાસભા તા. ૧-૮-૨૦૨૫ને શુક્રવારના ૪.૦૦ થી ૬.૦૦. બંને પક્ષની સાદડી સાથે રાખેલ છે. પ્રાર્થનાસભા બાપા સીતારામ મંદિર, પુનમ વિહાર, આયપ્પા મંદિરની બાજુમાં, મીરારોડ પૂર્વ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ માંડવી/કલ્યાણપર હાલે ઘાટકોપર, ઠા. હિરાલાલ રતનશી સોમૈયા (ઉં. વ. ૯૦) તે સ્વ. રતનબેન રતનશી વીરજી સોમૈયાના મોટાપુત્ર. સ્વ. હર્ષિદાબેન અને તારાબેનના પતિ. પીયૂષ, સ્વ. હિમાંશુ, હિનાબેન અને રુપાલીબેન પિતાજી. ધીરજલાલ, સ્વ. સરસ્વતીબેન, કૃષ્ણાબેન, સ્વ. ચન્દ્રાબેન, સરોજબેન અને અનિલાબેનના ભાઈ. સ્વ પુરષોત્તમ ધીરાવાણી અને સ્વ. મીઠુભાઈ સોનાગેલાના જમાઈ. ગુણવતીબેનના જેઠશ્રી. તા. ૩૦-૭-૨૫ બુધવારના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૮-૨૫ શુક્રવારના ૪.૩૦ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હિંગવાલા લેન ઘાટકોપર પૂર્વ. સ્ટેશન પાસે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ ચલાલા હાલ કલ્યાણ, દર્શન વિઠલાણી (ઉં. વ. ૩૧) તે ભારતીબેન, રમેશચંદ્ર દેવચંદભાઈ વિઠલાણીના પૌત્ર, રીનાબેન મયુરભાઈના પુત્ર. પરાગભાઈ, પિયુષભાઈ, રીમાબેન, સોનલબેનના ભત્રીજા, રિતિકા, દિપ, આર્ય, આયુષી, કાવ્યના ભાઈ. પ્રશાંતભાઈ પ્રભુદાસભાઈ ગંધાના ભાણેજ, તા. ૨૯/૦૭/૨૦૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની મોસાળપક્ષ સહિત બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧/૮/૨૫ના ૫.૦૦ થી ૬.૦૦. માતોશ્રી શ્યામબાઈ લોહાણા મહાજનવાડી સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મોટી બારાયોડ વાળા, સ્વ. પાર્વતીબાઈ દયાલજી અનમના પુત્ર ઠાકરસી (ઉં. વ. ૮૨) સ્વ.ગંગાબાઈ હીરજી કરિયાના મોટાજમાઈ. સ્વ.જયશ્રીબેનના પતિ. સૌ. નિશા, સ્વ. દીપેન, ફાલ્ગુનીના પિતા, ગં.સ્વ.સાવિત્રીબેન, સૌ. જયાબેનના ભાઈ. રૂપા, ધ્રુમીના નાના. તા.૨૯.૭.૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

મધુરી મુલજી ખીમજી (ઉં. વ. ૭૩) તે સ્વ. મુલજી ગોકલદાસ ખીમજીના ધર્મપત્ની, તે સ્વ. ગોકલદાસ ખીમજી રામદાસના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીદાસ રણછોડદાસ કોડાયાની સુપુત્રી. લતા મધુસુદન સંપટના માતુશ્રી. ઊર્મિ સંદીપ ભાટીયા, નંદિતા અપૂર્વ શાહના નાની. આર્યમન અને રાધિકાના પરનાની. તા. ૩૦-૭-૨૫ના મુંબઇ ખાતે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


# મૅટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

## ફિલ્મ સ્ટાર્સના બાળ ઉછેરમાં બદલાવ...

### કામ -નામ અને દામમાં સદ્ધર થયા પછી હિન્દી ચિત્રપટ તારલાઓમાં સંતાનો સાથે ધાર્મિક સ્થળોની મુલાકાતનું ચલણ વધી રહ્યું છે!

એકવીસમી સદીમાં પેરેન્ટિંગ (બાળકોનું પાલન પોષણ)ની વ્યાખ્યા ધરમૂળથી બદલાઈ ગઈ છે. પત્ની કયા મેટરનિટી હોમમાં દાખલ થઈ છે એની બહુ દરકાર ન રાખતા બાપુજી - પિતા આજે સુપરકૂલ ડેડ બની ગયા છે. બાળકના જન્મથી જ એના ઉછેરમાં ડેડીની પાર્ટનરશીપ ફિફટી પર્સેન્ટ જોવા મળી રહી છે. જન્મેલા બાળકના નામકરણથી લઈ નાનપણમાં એનામાં સંસ્કારનું સિંચન કરવાને પ્રધાન્ય અપાઈ રહ્યું છે. આમ જનતાનું આ વલણ હવે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકાર પેરન્ટ્સમાં પણ જોવા મળી રહ્યું છે. સંસ્કારનું સિંચન એટલે શું એનો અર્થ વ્યક્તિ - વ્યક્તિએ ભિન્ન હોઈ શકે છે. એકવીસમી સદીના ફિલ્મ સ્ટાર પેરન્ટ્સમાં આધ્યાત્મિકતા (સ્પિરિચ્યુઆલિટી) પ્રત્યે ઝુકાવ જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં, બાળકના ઉછેરમાં સહભાગી થવું અને એમને જાતે નિર્ણય લેતા શીખવવા એને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.



સિદ્ધાર્થ - કિયારા



વિરાટ કોહલી - અનુષ્કા શર્મા

ગયા અઠવાડિયે મીડિયામાં છપાયેલા બે ફોટોગ્રાફ બદલાઈ રહેલા વલણનું સમર્થન કરે છે. બાળકને લઈ કુળદેવીના દર્શને જવું, એની બાબરી ઉતારવાની ધાર્મિક ક્રિયા કરવી જેવી વિધિ અનેક વર્ષોથી થતી આવી છે. વિરાટ કોહલી - અનુષ્કા શર્મા કે સિદ્ધાર્થ મલ્હોત્રા - કિયારા અડવાણી અથવા રાજકુમાર રાવ - પત્રલેખા ધર્મસ્થાનની મુલાકાત પાછળ કેવળ ધાર્મિક હેતુ નથી. પ્રભુના આશીર્વાદ તો ખરા જ...એ સાથે સ્પિરિચ્યુઆલિટી અને હોલિસ્ટિક એપ્રોચ (આધ્યાત્મિકતા અને સર્વાંગી વિકાસ)ને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.



રણબીર કપૂર - આલિયા ભટ્ટ

૧૫ જુલાઈએ સિદ્ધાર્થ - કિયારાના ઘરમાં પારણું ઝુલ્યું અને ગયા અઠવાડિયે સિદ્ધાર્થ પોતાની માતા સાથે સિદ્ધિવિનાયક મંદિરે દીકરીના ક્ષેમકુશળ માટે પ્રાર્થના કરવા આવ્યો હતો. આ ઉપરાંત ૨૦૨૫માં ફિલ્મ કરિયરના સર્વોચ્ચ સમયનો અનુભવ કરી રહેલો એક્ટર રાજકુમાર રાવ ગયા અઠવાડિયે જ અમૃતસરના સુવર્ણ મંદિરમાં આશીર્વાદ લેવા આવ્યો હતો એવી તસવીર પણ છપાઈ છે. ૨૦૨૧માં રાજકુમાર રાવનાં લગ્ન પત્રલેખા નામની અભિનેત્રી સાથે થયા હતા. દંપતીએ એમના જીવનમાં બાળકનું આગમન થવાનું છે એવી જાહેરાત કરી હતી.

રણબીર કપૂર - આલિયા ભટ્ટ એક દીકરીના પેરન્ટ છે. બંનેને પોતાના પેરન્ટ્સનો આધાર હોવા છતાં દીકરી રાહા સાથે રણબીર -આલિયા બેમાંથી એક જણ તો કાયમ હાજર રહે એની ચીવટ રાખવામાં આવે છે. દીકરીની સર્જનાત્મક બાજુ વધુ ખીલે એ માટે રણબીર પ્રયત્નશીલ રહે છે જ્યારે રાહાની સારસંભાળ વધુ સારી રીતે રાખી શકાય એ માટે મમ્મી આલિયા પોતાની શારીરિક તકેદારી સાથે માનસિક સુખાકારી પર પણ વિશેષ ધ્યાન આપી રહી છે. આ બધા વચ્ચે પ્રિયંકા-નિક અને એમની દીકરી માલતીના ઉછેરને પણ કેમ ભૂલાય? પોતાનાં સંતાનના ટેકનોલોજી સંપર્ક અંગે તેમ જ કોને હળેમળે છે એ લઈને આ ક્ષેત્રનાં માતા- પિતા બંને સજાગ રહે છે.

ગયા વર્ષે રણવીર સિંહ - દીપિકા પાદુકોણના ઘરે પુત્રી જન્મ થયો હતો. ગર્ભધારણ માટે આઈવીએફ ટેક્નોલોજીના ઉપયોગનો દંપતીએ જાહેરમાં સ્વીકાર કર્યો હતો. આ સિવાય માતૃત્વ માટે એક્યુપંક્ચર, આયુર્વેદ અને યોગ કેટલા મદદરૂપ થયા હતા એનો પણ મોકળા મને એકરાર કર્યો હતો. સાથે સાથે પોતાના ફેન સાથે એમણે ફર્ટિલિટી ટિપ્સ પણ શેર કરી હતી. પેરન્ટિંગમાં સર્વાંગી વિકાસનું આ પ્રતિબિંબ છે.

વિરાટ કોહલી - અનુષ્કા શર્મા બે બાળકના પેરન્ટ્સ છે. મોટી દીકરી વામિકાનો જન્મ જાન્યુઆરી ૨૦૨૧માં થયો હતો અને ગયા વર્ષે પુત્ર અકાયનો જન્મ થયો હતો. બંને પોતાનાં બાળકોને લઈ વૃંદાવન દર્શન કરવા ગયાં હતાં તેમ જ ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં ભક્તિભાવે ગયા હતા એના ફોટોગ્રાફ તેમજ વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા. શાહિદ કપૂર અને મીરા રાજપૂતને પણ બે સંતાન છે. શાહિદ બાળકોને સ્વાતંત્ર્ય આપવામાં માને છે અને તેઓ જાતે પોતાની તાકાત અને નબળાઈ ઓળખી જાય એવો અભિગમ આપનાવે છે. જીવનમાં મૂલ્યોનું મહત્ત્વ સમજાવી પ્રામાણિક રહેવા બાળકોને સમજાવ્યા છે. માર્ગદર્શન આપવાનું પણ નિર્ણય જાતે લેતા શીખવવાનું એ ઊડીને આંખે વળગે એવી વાત છે.

ટૂંકમાં આ છે આજના ફિલ્મસ્ટાર્સનો બાળકો માટે હોલિસ્ટિક એપ્રોચ - સર્વાંગી વિકાસ પ્રત્યેનો અભિગમ. આ બધા કલાકારો અત્યંત સફળ છે. આ સફળતામાં સુગંધ ભળે એ માટે આ બદલાવ એમનામાં જોવા મળી રહ્યો છે.

હરિવંશરાય બચ્ચને અમિતાભના ઉછેરમાં જે કાળજી રાખી હતી, એમનું જે ઈન્વોલ્વમેન્ટ હતું એ પોતે શ્ર્વેતા અને અભિષેકના ઉછેરમાં ન કરી શક્યો એનો અફસોસ અમિતજીએ જાહેરમાં જણાવ્યો હતો.' કૌન બનેગા કરોડપતિ'ના એક એપિસોડમાં અમિતાભ બચ્ચને બાળકો મોટા થઈ રહ્યા હતા ત્યારે એમને વધુ સમય ન ફાળવવા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. પોતે સવારે જ્યારે શૂટિંગ પર જવા નીકળતા ત્યારે બાળકોની સવાર ન પડી હોય, એ લોકો ઊંઘતા હોય અને મોડી રાત્રે પાછા ફરે ત્યારે બાળકો નીંદરમાં હોય. પરિણામે એમના ઉછેરમાં ધ્યાન નહોતું આપી શકાયું. એ સમયે હોલિસ્ટીક એપ્રોચ વિશે સભાનતા નહોતી. અલબત્ત, અમિતજીના નસીબ પાધરા હતા કે જયા બચ્ચને ફિલ્મોમાંથી સંન્યાસ લઈ લીધો હતો અને હરિવંશરાય બચ્ચન અને તેજી બચ્ચન એમની સાથે જ રહેતા હતા. પરિણામે પિતાની ગેરહાજરી બહુ સાલી નહીં. હવે જમાનો બદલાઈ ગયો છે અને સદભાગ્યે આજનો એક્ટર કામ અને પરિવાર વચ્ચે સંતુલન જાળવી રાખવાને પ્રાધાન્ય આપે છે. ■

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

## નીરજ વોરાઃ મારો ઓલરાઉન્ડર કલાકાર દોસ્ત



એક નાટ્યગૃહમાં ગંભીર નાટક ભજવાતું હતું. સ્ટેજ પર ફોનની રિંગ વાગી ને ઑડિયન્સમાંથી કોઇએ બરાડ્યું, 'મારો ફોન હોય તો કહેજો કે હું ઘરે નથી!' આવી વિચિત્ર રમૂજ કરનાર હતો અભિનેતા-નિર્દેશક ને સફળ ફિલ્મ લેખકઃ નીરજ વોરા.

'હેરાફેરી' -'હંગામા'- 'આવારા પાગલ દિવાના' જેવી અનેક સાઉથની રિ-મેક ફિલ્મો હિંદીમાં લખનાર નીરજ વોરા એટલે ગુજરાતી કલાજગતનો ઓલરાઉંડર.

વરસો સુધી લોકો મને ને નીરજને પાર્ટનર માનતાં, પણ અમે માત્ર બે જ ફિલ્મ સાથે લખેલી ('રંગીલા' ને 'પહેલા નશા'), પણ અમારી ખાટી-મીઠી મૈત્રીને કારણે હંમેશાં હું ને નીરજ, અમારા બેઉનાં પ્રોજેક્ટમાં ઘણીવાર એકબીજાને સાથ આપતા. મૂળે નીરજ મારાથી ૫ વરસ મોટો ને હું એના નાના સંગીતકાર ભાઇ ઉત્તંક વોરાનો મિત્ર. ઉત્તંક શાંત, નીરજ મહા ખેપાની ને જબરો. ઉત્તંક છેક સાંતાક્રૂઝથી માટુંગા જઇને આખો મહિનો સંગીતનાં ટ્યૂશન આપે ને નીરજ મહિનો પૂરો થાય એ પહેલાં જ ત્યાંથી ટ્યૂશનનાં પૈસા વસૂલી લે. પછી બીજા મહિને હું ને ઉત્તંક, નીરજ ફરી પૈસા ઉપાડે એ પહેલાં મારી મોટરબાઇકમાં અમે ત્યાં પહોંચી જઈએ! ગરીબી ને નિર્દોષ મસ્તીનાં એ દિવસો. મારા કોલેજનાં નાટકોમાં ઉત્તંક સંગીત આપે ને નીરજ છેલ્લી ઘડીએ એ બદલી નાખે ને અમારે માનવુંયે પડે.

નીરજ-ઉત્તંકે ૨૦-૩૦ ગુજરાતી સિરિયલોમાં સંગીત આપ્યું ને મેં રાતોરાત એમાં ગીતો લખેલા. બસ, ત્યારથી હું ને નીરજ નજીક આવ્યા. નીરજે મારાં લખાણમાંની સ્માર્ટનેસ, રોમાંસ ને ખાસ તો સેન્સ ઓફ હ્યુમરને પારખી અને કમર્શિયલ સિરિયલો ફિલ્મો લખવા માટે આત્મવિશ્વાસ જગાડ્યો. નીરજને સિરિયલ ફિલ્મમાં કામ મળે કે બધે મારું નામ સજેસ્ટ કરે જ કરે, એવું એનું મોટું દિલ.

અમારા વચ્ચે પૈસાના- કામના ને ઇગોના ઝગડા પણ ખૂબ થતા. ૧૯૮૯માં હું મ્યુઝિકલ નાટકનું લેખન-નિર્દેશન કરતો હતો. એમાં નીરજ-ઉત્તંકનું સંગીત. નવા કલાકારો ને સાવ ટાંચા સાધનમાં મ્યુઝિકલ નાટક બનાવવાની ધમાલમાં નીરજ સાથે બોલાચાલી થઇ. એ મને મારવા દોડ્યો, હું ભાગ્યો! પાર્લાવેસ્ટની માર્કેટમાં એક જાડો બટકો માણસ મારી પાછળ હાર્મોનિયમ લઇને ભાગી રહ્યો હતો એ હાસ્યાસ્પદ દ્રશ્ય જોનારા આજેય ભૂલ્યા નથી.

૧૯૯૦માં પછી હું ફિલ્મોમાં આસિસ્ટંટ ડિરેક્ટર હતો. ગીતો ને ફિલ્મલેખનમાં સ્ટ્રગલ કરતો. ત્યારે 'લગાન' ફેમ નિર્દેશક આશુતોષ ગોવારિકરની પહેલી ફિલ્મ 'પહેલા નશા'માં નીરજઉત્તંકને સંગીત આપવાનો મોકો મળ્યો ત્યારે એણે છેલ્લે સુધી પ્રયત્ન કર્યો કે ગીતો હું લખું. ગીતોની ધૂન પર ડમી કામચલાઉ શબ્દો પણ લખાવડાવ્યાં. છેવટે આનંદ બક્ષીએ ગીતો લખ્યાં. પટકથા લેખક તરીકે નીરજ ધારત તો કોઇ પણ સફળ લેખક પાસે સંવાદો લખાવી શક્યો હોત, પણ એણે ધરાર મને જ સંવાદ લખવાની તક અપાવી. એ જ રીતે 'રંગીલા'માં ગીતો માટે નિર્દેશક રામગોપાલ વર્મા પાસે લઇ ગયો ને પછી અમે સાથે આખેઆખી ફિલ્મ લખી. 'રંગીલા' ફિલ્મની સફળતાએ અમારા જિંદગી અને દોસ્તીનાં સમીકરણો બદલી નાખ્યા. એ પછી અમે ક્યારેય સાથે કામ ના કર્યું, કારણકે અમને કામ કરતા દોસ્તી વધુ વ્હાલી હતી.

અમારા વચ્ચે અજીબ સંબંધ હતો. મેં મારી પહેલી ગાડી લીધી કે એ જોઇને નીરજે પણ ગાડી ખરીદી. મેં ઓફિસ શરૂ કરી તો એણે પણ ઓફિસ શરૂ કરી. અમારામાં મીઠી ચડસાચડસી ચાલતી.

મારો ડ્રાઇવર હોય કે આસિસ્ટંટ, નીરજ તરત મોટી ઓફર આપીને છીનવી લેતો. હું મજાકમાં કહેતોઃ 'કમીના, તું મને એટલો મિસ કરે છે કે મારા લોકો છીનવીને મારી ખાલી જગ્યા પૂરે છે?' પણ મને ખબર નહોતી કે ફક્ત એક મૃત્યુની બાબતમાં મારાથી આટલો વહેલો આગળ નીકળી જશે?

૨૦૧૪માં મારા પપ્પા આર્ટ ડિરેક્ટર (છેલ વાયડા)ના મૃત્યુ બાદ એમના વિશે 'ફાધર્સડે' પર 'ફાધર વિનાનો ફાધર્સ ડે' નામનો મારો આર્ટિકલ ખૂબ વાઇરલ થયેલો. ત્યારે સૌથી પહેલા નીરજે ફોન કરેલો, 'હવે મને નિરાંત થઈ કે મારા ગયા પછી કોઇક તો મારા વિશે બરોબર લખી શકશે!' ત્યારે અમે હસેલાં, પણ ખબર નહોતી કે ૨૦૧૪-૧૫માં એને અચાનક બ્રેનસ્ટ્રોક આવશે ને ૨૦૧૭માં તો.

નીરજ સાથે અનેક સાંજો ગાળી ને મારા એના બધા જ પ્રોજેક્ટસ વિશે સૌથી વધારે અમને ખબર હોય. મારી નિર્દેશક તરીકેની પહેલી ફિલ્મ 'ખૂબસૂરત' (૧૯૯૯)ના શૂટિંગમાં હું હૈદ્રાબાદના સ્ટુડિયોમાં હતો, ત્યાં નીરજ અભિનેતા તરીકે કોઇ ફિલ્મ માટે આવેલો. એણે મારું ઉતરેલું મોઢું જોયું ને તરત પૂછ્યું, 'કેમ ઉદાસ છે? કલાકારો નિર્માતાઓ બહુ હેરાન કરે છે?' હું એના ખભે રડી પડ્યો.

એણે મને શાંત પાડ્યો ને મને સાથ આપવા ૨ દિવસ ત્યાં રહ્યો! ક્રૂર સાસરામાં, વહુને કોઇ પિયરનાં ગામનું કોઇ મળી જાય એવી એ ફીલિંગ હતી.

જોકે, નીરજના સ્વભાવમાં ઘણી વિચિત્રતા. ભડકે તો લખેલ પાનાં ફાડી નાખે. મુંબઇથી છેક કેરળ શુટિંગમાં જવાનું હોય તો ૧૫૦ લોકોનો કાફલો લઈને બાય રોડ જાય! અલગ અલગ જગ્યાએ ધરાર ખાવા રોકાય. કોઇ હાઇવેના ઢાબામાં રસોઇયાને રિફાઇન્ડ તેલનું પેકેટ આપી કહેઃ 'તારી કઢાઈનું તેલ ફેંકી દે ને નવા તેલમાં ભજિયા તળ!' નીરજ તમને ' કેમ હજી જીવો છો?' એ રીતે પૂછે કે હસી પડાય.

'રંગીલા'માં અમે સાથે કામ કર્યું. પણ નિર્દેશક રામુએ 'ટાઇમ્સ ઓફ ઈન્ડિયા' ના ઇન્ટરવ્યૂમાં ડાયલોગ્ઝ વિશે માત્ર મારા વખાણ કર્યા, નીરજનું નામ ન લીધું ને પછીની 'દૌડ' ફિલ્મ લખવા મને કહ્યું. ત્યારે મેં નીરજની પરવાનગી માગી, 'રામુ સાથે હું એકલો કામ કરું તો તને ખરાબ નહીં લાગેને?' તો નીરજે કહ્યું, 'ગાંડા પૂછવાનું હોય? તું જ લખ નહીં તો બીજો કોઇ લખશે.' પછી તો એ દૌડ ફિલ્મમાં ચાકો નામનું વિચિત્ર પાત્ર એણે ભજવ્યું.. 'મેરા બાપ શિકારી થા..આગે વો પીછે મૈં' વાળો સીન હું ને નીરજ જેટલીવાર ભજતા, સૌ હસીને હસીને પાગલ થઇ જતા. જોકે મૂળમાં નીરજ, શાસ્ત્રીય સંગીતજ્ઞ ને કંપોઝર પં.વિનાયક વોરાનો સુપુત્ર એટલે સંગીતનો આત્મા. એ ફિલ્મોમાં સંગીતકાર થયો હોત તો હિટ થઇ જાત , કારણ કે એને કમર્શિયલ ચાલુપણાની સમજ હતી ને સારો સેલ્સમેન હતો.

છેલ્લે ૨૦૧૪-૧૫માં એ દિલ્હી ગયો ત્યારે અમારી વાત થઈ હતી કે ત્યાંથી આવીને પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કરશે. પોતાના બેનરમાં એને ફિલ્મો બનાવવી હતી, કચ્છમાં એક સ્ટુડિયોનો પ્લાન કરેલો. એ અંગે નરેન્દ્ર મોદીજીને પણ મળેલો ને એ જ સિલસિલામાં દિલ્હી ગયો ત્યારે અચાનક કોમામાં સરી પડ્યો આમેય એ 'અચાનક'નો માણસ હતો. અચાનક જ મારી ઓફિસે કંઈ નાસ્તો લઈને આવી પહોચેં તો ક્યારેક અમસ્તા સેન્ડવિચમેકર આપી જાય હું ઇમોશનલી ડાઉન હોઉં તો એવો પાનો ચઢાવે કે મારું મડદું પણ ઊભું થઇ જાય. મડદાની વાત આવી તો યાદ આવે છે કે નીરજે નિર્દેશિત કરેલી પહેલી ફિલ્મ 'ખિલાડી ૪૨૦'માં હું એને કોઇક સીનમાં મદદ કરવા જતો. વિલપાર્લાના 'શાન' થિયેટરમાં 'ખિલાડી ૪૨૦'ના પહેલા શોમાં 'હાઉસફૂલ' ના બોર્ડ માટે ફૂલહાર લેવા હું દોડેલો ને એ મને ભેટીને રડેલો. એ જ નીરજના મૃતદેહ પર સ્મશાનગૃહમાં જ્યારે ફૂલહાર ચઢાવવાનો વારો આવ્યો ત્યારે હિમ્મત નહોતી થઇ. ધારદાર કોમેડી પંચ આપનારા નીરજ વોરાનું અચાનક જવું, મને લાગેલો એ ભયાનક પંચ - મુક્કો હતો એની કળ ક્યારેય નહીં વળે.

૨ દિવસ બાદ 'ફ્રેન્ડશિપ ડે' છે... તો ચિયર્સ ટુ, દિલદાર કમીના દોસ્ત, નીરજ વોરા! ■

## વાંચ્યું હોય એ નહી, જેણે વેઠયું હોય એ જ લખી શકે..!

સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

આજે નવા મહિનાની પહેલી તારીખ અને મારો આ ૩૦૦ મો લેખ હોય ત્યારે મારે વાત માંડવી છે મારી પ્રથમ વિદેશી સફરની.

મારી વર્ષ મુજબ કડીબદ્ધ વાત મેં કરી પણ ૧૯૯૦ના વર્ષની પરદેશની ખેપની વાત છૂટી ગઈ. ઘણાં વાચકોએ કહ્યું કે 'તમે ફોરેન ટુર કરી છે કે નહી ' ત્યારે નોંધ લેતા ખબર પડી કે એ વાત રહી જ ગઈ એટલે હવે લખું છું. આમ પણ વાંચ્યું હોય એ નહી, જેણે વેઠયું હોય એ જ લખી શકે.

આપ સર્વ વાચકોને ખ્યાલ છે કે હું,પ્રતાપ સચદેવ, સનત વ્યાસ અને સોહિલ વિરાણી. અમારી આ 'ચારની' 'ચોકડી' લાલુ શાહે ૧૯૭૪માં નવોદિત કલાકારો સાથે કરેલ નાટક 'વાયદાના ફાયદા' થી સાથે શરૂ થઈ.. કાળક્રમે સોહિલ ફિલ્મ- દુનિયામાં ગયો, પછી નાટકો કર્યા પણ સાથે નહી, છતાં મિત્રતા અકબંધ. પણ આમાં બાકી રહી ગઈ ત્રિપુટી- હું, પ્રતાપ (સચ્ચું), અને સનત.

રાજાણી નામે એક નૈરોબીના ગર્ભશ્રીમંત. એમણે નૈરોબી ટુરનું આયોજન સિદ્ધાર્થ રાંદેરિયા સાથે મળીને કર્યું. ત્યારે હું શફી ઈનામદારનાં નાટક 'બા રિટાયર થાય છે ' નાં રિહર્સલમાં. ( આ વાતનું સંજય ગોરડીયાને સ્મરણ નથી.) રાજાણી વતી સનત અને પ્રતાપનું સિદ્ધાર્થે નક્કી કરી લીધું. પછી અમે મળીએ ત્યારે સનત-સચ્ચું વિદેશની વાતો કર્યા કરે. મને પણ પરદેશ જવાની ઈચ્છા તો ખરી. આશા એક એવો તારો છે જે દિવસ અને રાત, બંને વખત દેખાય. ત્રિપુટી સાથે જઈ શકે એ શક્યતા દેખાતી નહોતી.

ખેર! શફીભાઈનું નાટક મારે માટે અગત્યનું હતું. શરૂઆતમાં ઘણા દિવસો સુધી માત્ર 'રીડિંગ' જ કરાવે. (મેં જગદીશ શાહ સાથે કામ કર્યું ત્યારે એ પણ આમ જ કરતા.) કદાચ એમની આ રીતથી પાત્ર પ્રમાણે ઉચ્ચારણ થતું રહે અને પાત્રને આત્મસાત કરવાનું સરળ બને એ કારણ હોવું જોઈએ. સિદ્ધાર્થ સાથેની ટીમ 'શોલે' જેવી હતી. સિદ્ધાર્થ રાંદેરિયા, જતીન કાણકિયા, રસિક દવે, કેતકી દવે, સનત વ્યાસ, પ્રતાપ સચદેવ, અમૃત પટેલ, રાજેન્દ્ર સાવલા અને એની પત્ની જસ્મીન સાવલા અને રજની શાંતારામ.... કુલ ચાર નાટકો સાથે ટુર કરવાની હતી. (૧) આંખ મીંચીને બોલો જયહિન્દ (૨) રાતા ગુલમહોર (૩) ચીલઝડપ (૪) હિન્દી નાટક સંકેત. એ લોકો પૂરી તૈયારી કરી રહ્યાં હતાં. હું શફીભાઈ સાથે 'બા રિટાયર..' ની ' રીડિંગ-પ્રોસેસ' માં બિઝી થઇ ગયો હતો.

અમે ત્રણે'ય જયારે મળતાં ત્યારે વાત એક જ નીકળતી કે આપણે સાથે હોત તો કેવી મજા આવત. સિદ્ધાર્થ-રસિક-જતીન તો આવી ઘણી ટુર કરી ચુક્યા હતા. કદાચ. સનત-સચ્ચું ની પહેલી ફોરેન ટુર હતી. હું સાથે હોત તો? સાથ જરૂરી છે, સુખ હોય તો વધી જાય અને દુઃખ હોય તો વહેંચાય જાય. આ સત્ય અમે ત્રણે'ય સમજતાં હતા પણ...! જાણું છું કે આપણી અપેક્ષા પૂરી કરવી એ બીજાનાં હાથમાં છે. અમે અમારી રીતે મન મનાવતા રહેતા. સ્વભાવ સૂર્ય જેવો રાખવો કે ઊગવાનું



સનત વ્યાસ - અરવિંદ વેકરિયા - પ્રતાપ સચદેવ નૈરોબીમાં

અભિમાન નહીં અને આથમવાનો અફસોસ નહીં, પ્રવૃત્ત હતા એ મોટી વાત હતી.

સમય ચાલતો રહ્યો. મને થતું મારું નસીબ ખરાબ નહી તો હું પણ સનત-સચ્ચું સાથે જોડાઈ ગયો હોત. મારા અને મારા નસીબ વચ્ચે એક લડાઈ હંમેશાં ચાલતી રહી છે. હું એના ફેસલાઓથી પરેશાન છું અને એ મારા હોંસલાઓથી, કદાચ!

કહે છે ને કે ઈશ્વર પણ ક્યારેક તમારી ઈચ્છિત વાત સાંભળી તમારી ઈચ્છાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરી દે છે.

થયું એવું કે અમૃત પટેલ (જે હવે હયાત નથી.) જેમને વાચકોએ ઘણી ફિલ્મોમાં જોયા હશે. એમની એક ફિલ્મના કલાયમેક્ષનો સીન બાકી, જે આ તારીખોમાં જ કરવાનો હતો. એમણે નાટક કરવાની પોતાની અસમર્થતા બતાવી. બસ! સનત અને સચ્ચુંએ તરત મારું નામ સિદ્ધાર્થને કહ્યું. સમયને ધ્યાનમાં લઈ એણે પણ 'હા' પાડી. મને વાત કરી. મારો ઉત્સાહ વધી ગયો પણ 'બા રિટાયર..'? મેં સનતને કહ્યું 'હું શફીભાઈને કઈ રીતે કહું?' સનત કહે, 'દાદુ, અવસર બરફ જેવો હોય છે, વિચારતા રહો ત્યાં સુધીમાં ઓગળી જાય. તું શફીભાઈને વાત તો કરી જો.'

બીજે દિવસે શફીભાઈને વાત કરી. સિધાર્થ ચાર નાટક લઈ નૈરોબી જાય છે. કોઈ કારણસર અમૃત પટેલ નથી જઈ શકતા એટલે મને કહ્યું છે.આ મારી પહેલી ફોરેન ટુર થાય જો તમે મને રજા આપો તો.. શફીભાઈએ મારા ખભા પર હાથ મૂકી હસતા-હસતા કહ્યું, 'બિન્દાસ જા.! અભી તો રીડિંગ પ્રોસેસ હી ચલ રહા હૈ, મૈ કોઈ ઔર આર્ટીસ્ટ કાસ્ટ કર લુંગા. તું જા અપને યારોકે સાથ.' મને શફીભાઈ રૂડા લાગ્યાં, કારણ કે મારા લાભની વાત કરી. ટાણે આવે તો જ રૂડો લાગે પછી એ વરસાદ હોય કે વ્યક્તિ.

હું 'બા રિટાયર..' માંથી માનભેર નીકળ્યો. એ ભૂમિકા પછી અશોક ઠક્કરે ભજવી. એ નાટકે લગભગ ૫૦૦ પ્રયોગ કર્યા.

હું સિદ્ધાર્થને મળ્યો. મારે ચારમાંથી બે નાટકમાં કામ કરવાનું હતું. ભાવતાલ કરી મારી નાઈટ ૩૦૦ રૂપિયા નક્કી કરી. મેં 'સનત-સચ્ચુંને કહ્યુ'..આ તો..' મારી વાત અડધેથી જ કાપી મને કહે,' પૈસા નહીં. સાથે પરદેશ જઈએ છીએ એ મહત્ત્વનું છે..છે કે નહીં ?' હું શું કહું? દોસ્તોને છૂટાછેડા આપી શકાતા નથી, કારણ કે એ હસ્તમેળાપથી નહીં, મનમેળાપથી મળ્યાં હોય છે. ■

ડબ્બલ રિચાર્જ

પત્નીઃ આજે તમે એક ખાશો કે બે?
પતિઃ રોટલી-પરોઠું કે ભાખરી? ચોખવટ કર.
આમાં ગેરસમજ થાય છે.

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# 'મારી ચડતી-પડતી માટે સાહિર જ જવાબદાર'

### પ્રતિભાશાળી હોવા છતાં એમને અનુરૂપ કામ, દામ અને નામથી વંચિત રહેલા સંગીતકાર જયદેવએ ગીતકારને દોષી ઠેરવ્યા હતા...



સંગીતકાર જયદેવ અને 'અલ્લા તેરો નામ'ના રિહર્સલમાં લતાજી

અન્યાય અને બદનસીબ... આ બે શબ્દ સંગીતકાર જયદેવજીની સંગીત કારકિર્દી પર ફિટ બેસે છે. નૌશાદ, એસ. ડી. બર્મન, શંકર - જયકિશન, ઓ. પી. નય્યર, સી. રામચંદ્ર, રોશન, ખૈયામ સમકક્ષ પ્રતિભા હોવા છતાં અહીં એ બધા સંગીતકારોને મળેલી પ્રસિદ્ધિ અને માનપાનના ૫૦ ટકા પણ જેમને નથી મળ્યા અને અનેક વર્ષ એસ. ડી. બર્મનના આસિસ્ટન્ટનું લેબલ દૂર નહીં કરી શકનારા જયદેવજીની આ રવિવાર (૪ ઓગસ્ટ)ના પુણ્યતિથિ છે. એ નિમિત્તે એમના સંગીત જીવનનો એક વિશિષ્ટ પહેલુ જાણી એમને વધુ નિકટથી ઓળખવાની કોશિશ કરીએ...

જયદેવજીએ ૬૦ વર્ષ પૂરા કર્યા ત્યારે દિલ્હીથી પ્રકાશિત થતા 'ફન ઔર શખ્સિયત' (કલા અને કલાકાર) નામના મેગેઝિનમાં 'આપવીતી' સિરીઝના લેખોમાં એમના નામે એક લેખ છપાયો હતો. લેખ ઘણો વિસ્તૃત છે, પણ એમાંથી જયદેવજીએ ગીતકાર સાહિર લુધિયાનવી વિશે લખેલી કેટલીક વાત તારવીને એમના જ શબ્દોમાં અહીં રજૂ કરી છે...



જયદેવ

૧૯૪૩માં લખનઊ રેડિયોએ મારા કાર્યક્રમોનું પ્રસારણ શરૂ કર્યું હતું. સાહિર સાથે મારી દોસ્તી હતી એટલે મેં એને રેડિયો પર તક આપી અને એની બે રચના 'તંગ આ ચુકે હૈં કશ્મકશ - અય - ઝિંદગી' તેમ જ 'ખુદ્દારીયોં કે ખૂન કો અર્ઝાન ના કર સકે' લખનઊ રેડિયો પર પ્રસારિત થઈ અને સાહિરની ઓળખનો વિસ્તાર થયો. ત્યારે ક્યાં ખબર હતી કે આ મારો પ્રિય મિત્ર આગળ જતા મારી કારકિર્દી ખતમ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે?

પંડિત રવિશંકર, ઉસ્તાદ અલી અકબર ખાં અને ઉસ્તાદ અલાઉદ્દીન ખાં જેવા ગુણીજનોના સાનિધ્યમાં રહ્યા પછી ૧૯૫૦માં હું મુંબઈ આવ્યો. મને 'નવકેતન' માં મહિને ૨૦૦ રૂપિયાના પગારે નોકરી મળી ગઈ. એ જ સમયે સાહિર પણ લખનઊથી મુંબઈ આવ્યો હતો અને એસ. ડી. બર્મન સાથે 'નૌજવાન' અને 'બાઝી'માં હિટ સોન્ગ આપી નામના મેળવી હતી. એ દરમિયાન સચિન દેવ બર્મન ફરી 'નવકેતન' માં આવ્યા. ચેતન આનંદના કહેવાથી એસ. ડી. બર્મને મને સહાયક તરીકે રાખી લીધો અને 'ટેક્સી ડ્રાઈવર' મારી પહેલી ફિલ્મ. સચિનદાના સહાયક તરીકે મેં કેટલીક ફિલ્મો કરી.

...આ તરફ 'નવકેતન' માં ભંગાણ પડ્યું અને ચેતન આનંદ છૂટા થયા. ચેતન આનંદની સ્વતંત્ર કંપનીની પહેલી ફિલ્મ 'જોરુ કા ભાઈ'ના સંગીત દિગ્દર્શકની જવાબદારી મને સોંપી. ગીતો સાહિર લખશે એવું નક્કી થયું. જોકે, એક ગીત રેકોર્ડ થયા પછી સાહિરે પૂર્વ શરત મૂકી કે મારે લતા મંગેશકરની પસંદગી નહીં કરવાની. જોકે, મેં સાફ ના પાડી. અમારી વચ્ચે બોલાચાલી થઈ અને મેં સાફ સંભળાવી દીધું કે લતાને તો હું ગવરાવીશ જ, તને મંજૂર ન હોય તો હું બીજા ગીતકારને પસંદ કરી લઈશ... સાહિરને આ સાંભળી બહુ ગુસ્સો આવ્યો. ચેતન આનંદે મારી તરફેણ કરી અને વિશ્વામિત્ર આદિલ પાસે ગીત લખાવ્યા. જોકે, ગીતોથી સંતોષ ન થવાથી સાહિર પોતાની શરતો પડતી મૂકી પાછા જોડાયા અને અમે લતા - તલતનું યુગલગીત 'સુરમઈ રાત હૈ, સિતારે હૈં, આજ દોનો જહાં હમારે હૈં, સુબહ કા ઈંતઝાર કૌન કરે' રેકોર્ડ કરાવ્યું.

અમારી ગાડી પાટે ચડી ગઈ અને મેં એક દિવસ બી. આર. ચોપડાને મારી કેટલીક ધૂન સંભળાવી, જે એમને પસંદ પડી. જોકે, કોઈ કારણસર સાહિરે મારા સ્વરાંકનની ટીકા કરી. અલબત્ત, સાહિરની પરવા કર્યા વિના ચોપડા સાહેબે 'સાધના' ફિલ્મના સંગીતકાર તરીકે મને આમંત્રણ આપ્યું. સાહિર ગીતો લખશે એ શરત પણ મેં સ્વીકારી લીધી. અચાનક એક દિવસ સાહિર મારા ઘરે આવ્યો, અમારો ઝઘડો થયો અને થોડા દિવસ પછી મને ખબર પડી કે ચોપડા સાહેબે મને પડતો મૂક્યો હતો. 'સાધના' મેં ગુમાવી. હું કામ વિનાનો હાથ જોડીને બેઠો હતો ત્યારે નવકેતનની 'હમ દોનો' મને ઓફર થઈ. આ ફિલ્મથી સાહિર સાથેની મારી મૈત્રી ફરી ઘનિષ્ઠ બની. પહેલી જ વાર એણે મને સંપૂર્ણ સહકાર આપ્યો. ફિલ્મ હિટ થઈ અને એના ગીત - સંગીતને ગજબનાક લોકપ્રિયતા મળી. 'અલ્લા તેરો નામ' ગીત દુનિયાભરમાં ગાઈ ગાઈ લતાજીએ મશહૂર કરી દીધું. બીજા ગીતો પણ રસિકોએ છાતીએ વળગાડ્યા. સંગીતકાર બનવાનું મારું સપનું ખરા અર્થમાં સાકાર થયું. આ બધા ગીત સાહિર લુધિયાનવીના હતા. મારી કારકિર્દીનો આ ઉચ્ચાંક હતો, જેમાં સાહિરનો મોટો ફાળો હતો એ હકીકત છે.

એ જ સમયે સુનીલ દત્તએ 'મુજે જીને દો'ના સંગીત દિગ્દર્શક તરીકે મારી પસંદગી કરી. ગીતો સાહિરના હતા અને ચાર ગીત રેકોર્ડ થયા પછી શું પેટમાં દુખ્યું ખબર નહીં, સાહિરે ફતવો કાઢ્યો કે એની સાથે કામ કરતા દરેક સંગીતકારે પોતાના વાદ્યો સાથે એના ઘરે જવાનું. મેં આ માગણી સ્વીકારવાની ના પાડી. એક તરફ દત્ત સાહેબ ગીતોના રેકોર્ડિંગનો આગ્રહ કરી રહ્યા હતા તો બીજી તરફ સાહિરે આડોડાઈ કરી હતી. કંટાળીને સુનીલ દત્તે મને પડતો મૂકવાનું નક્કી કર્યું. નરગિસજીને આ વાતની જાણ થતા એમણે મને મળવા બોલાવ્યો. વાતવાતમાં મેં કહ્યું કે 'ડાકુઓ ફિરાક કે સાહિરને જાણતા ન હોય. એમને તો લોકગીતોમાં રસ હોય. અને મેં એમને 'નદી નારે ના જાઓ શ્યામ પૈયાં પડું' સંભળાવ્યું, જે એમને બહુ ગમ્યું અને ફિલ્મમાં સામેલ કરવાનું નક્કી કર્યું. સાહિરને આ વાતની જાણ થતા બીજે દિવસે હાજર થયો અને ગીતો લખવાની તૈયારી બતાવી. જોકે. 'મુજે જીને દો'માં બે લોકગીત રહ્યા ખરા. બીજું હતું 'મોકો પિહર મેં મત છેડ રે બાલમ'.

મેં મેળવેલી સિદ્ધિઓમાં, મારી ચડતીમાં સાહિર લુધિયાનવીનું યોગદાન હું સ્વીકારું છું અને એ વાત મને શિરોમાન્ય છે.


જોકે, સાથે સાથે એ પણ એટલી જ સાચી વાત છે કે મારી પડતી માટે પણ સાહિર લુધિયાનવી જ જવાબદાર છે. અલબત્ત, એના માટે મારા મનમાં લાગણી, એની આવડત માટે આદર શરૂઆતમાં હતા એવા જ અકબંધ કાયમ રહ્યા છે...

આ વાત દર્શાવે છે કે બે દિગ્ગજ ગીતકાર-સંગીતકાર એકમેક સાથે હાથ મિલાવાને બદલે મુક્કો ઉગામે ત્યારે એ બન્નેના કૌવતના જાદુથી સંગીતપ્રેમીઓ દર્શકો જ વંચિત રહી જાય છે! ■





મહેશ નાણાવટી

# તારાચંદ બડજાત્યાનાં પબ્લિસિટી 'ગિમિક્સ'?










આજે જ્યારે એવો સમય ચાલી રહ્યો છે કે જો કોઈ ફિલ્મનો બહુ મોટો વિવાદ ન થાય, એની રિલીઝ વખતે થિયેટરોમાં તોડફોડ ન થાય, સોશ્યલ મીડિયામાં એની હોહા ન થાય અને કોઈ રાજકીય નેતાઓ એના વિશે કંઈ આડીઅવળી ટીકા ન કરે ત્યાં સુધી લોકો એ ફિલ્મ જોવા માટે થિયેટરો સુધી જતા નથી.

હાલમાં રિલીઝ થયેલી 'સૈયારા' જોઈને યુવાનો રડારોડ કરી રહ્યા છે, શર્ટ ફાડીને ચીસો પાડી રહ્યા છે, સ્ક્રીન પાસે જઈને ફર્શ પર આળોટી રહ્યા છે... અરે, કોઈને બેહોશ થઈ જવાને કારણે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા પડે છે અને કોઈ તો હાથમાં ગ્લુકોઝના બાટલા સાથે મુવી જોવા આવે છે!

આવી વીડિયો ક્લિપ્સ જે રીતે સોશ્યલ મીડિયામાં વહેતી મૂકવામાં આવી છે તે જોઈને મોટાભાગના દર્શકોનું માનવું છે કે આ તો 'માર્કેટિંગનું ગિમિક' છે, પરંતુ સાથે એવા રિવ્યૂ પણ આપે કે ફિલ્મ એકાદ વાર જોવાય એવી છે, સાવ ખરાબ નથી... એમાં ફલાણું સારું છે ને ઢીકણું બહુ સારું છે... આ બધાની એવી અસર પડે છે કે 'એવું તે શું છે ફિલ્મમાં?' એવી ઉત્સુકતા સાથે ૨૫૦થી ૫૦૦ રૂપિયાનો ચાંલ્લો કરી બેસે છે.

જોકે સાવ એવું પણ નથી કે અગાઉના સમયમાં ફિલ્મોને ચલાવવા માટેના ગિમિક્સ સાવ થતાં જ નહોતાં. એ વખતે પણ 'ફલાણું ગાયન જે ફિલ્મમાંથી કાઢી નાખ્યું હતું તે ઉમેરાયું છે' એવું કૌતૂક કામ કરી જતું હતું.

રાજ કપૂર માટે કહેવાતું હતું કે એમની ફિલ્મ રિલીઝ થાય પછી દેશમાં ક્યાંકને ક્યાંકથી કોઈ 'કોર્ટ કેસ' જરૂર થાય. કપૂર સાહેબ જે તે શહેરની કોર્ટમાં હાજરી આપવા આવે... લોકોના ટોળાં ભેગાં થાય... અને એ બહાને ફિલ્મને નવો 'પૂશ' મળી જતો હતો.

બાકી, જૂના ટાઈમમાં ફિલ્મની 'હાઈપ' ઊભી કરવાનો એક જ રસ્તો હતો કે એની ટિકિટોના કાળાબજાર કરીને 'હાઉસફૂલ'નાં પાટિયાં ઝૂલતાં જોઈને લોકોને થાય કે 'ઓહોહો... આ ફિલ્મની તો ટિકિટો મળતી નથી...! જોરદાર ફિલ્મ લાગે છે!'

હવે એવા જૂના જમાનામાં, તમને કહીએ કે તારાચંદ બડજાત્યા નામના પ્રોડ્યુસરે પોતાની ફિલ્મો ચલાવવા માટે જાતજાતના 'ગિમિક્સ' કરેલાં, તો તમે માનશો? તમે કહેશો, 'હોતું હશે? પેલા 'રાજશ્રી પ્રોડક્શન'વાળા તારાચંદ બડજાત્યા? જે હંમેશાં શુદ્ધ, સામાજિક અને સંસ્કારી ફિલ્મો જ બનાવતા હતા એ? એમને શા માટે આવા ગિમિકસ કરવાં પડે?'

જી હા, હકીકત એ છે કે બડજાત્યા સાહેબે પણ માર્કેટિંગ ગિમિક્સ કર્યા હતાં. હા, એમની રીત ખાસ્સી નિરાળી હતી.

પહેલો દાખલો લઈએ ફિલ્મ 'જીવન મૃત્યુ'નો. રાખી-ધર્મેન્દ્ર અભિનિત આ ફિલ્મ જ્યારે બનીને તૈયાર થઈ ગઈ ત્યારે બડજાત્યા સાહેબે એને માત્ર એક જ થિયેટરમાં રજૂ કરી અને એ પણ રોજના એક જ શો માટે! એ થિયેટર હતું મુંબઈનું 'ઈરોસ' થિયેટર (જ્યાં હવે તાજેતરમાં જ શ્રીમતી નીતા અંબાણીએ પરંપરાગત ભારતીય પ્રોડક્ટ્સનો ભવ્ય શોરૂમ શરૂ કર્યો છે) વળી એમાં એકમાત્ર શો 'મેટિની' એટલે કે બપોરે ૧૨ થી ૩નો!

આ 'ઈરોસ' થિયેટરમાં 'જીવન મૃત્યુ'ને ચાલવા દીધી... એમ કરતાં પૂરા છ મહિના સુધી ચાલતી રહી! આ સમાચાર ધીમે ધીમે આખા દેશમાં ફેલાઈ ગયા હતા. ફિલ્મ માટે એક અપેક્ષાની હવા બંધાઈ ગયા પછી બડજાત્યા સાહેબે 'જીવન મૃત્યુ'ને આખા દેશમાં થિયેટરમાં રિલીઝ કરી. ફિલ્મનાં ગાયનો તો ઓલરેડી હિટ હતાં. પરિણામે ફિલ્મ પણ હિટ સાબિત થઈ.

આજે આવું ગાંડપણ કરવાનું કોણ વિચારે? ફિલ્મના નિર્માણમાં રોકેલી મૂડી છ-છ મહિના સુધી પાછી ન આવે એવી ધીરજ કોણ રાખી શકે? પરંતુ તારાચંદ બડજાત્યાને પોતાની આ 'ધીરા સો ગંભીર'વાળી નીતિ ઉપર પાકો ભરોસો હતો.

આવું જ કંઈક 'રાજશ્રી પ્રોડક્શન' ની ફિલ્મ 'ગીત ગાતા ચલ'માં થયું હતું. ફિલ્મના કલાકારો સચિન અને સારિકા સાવ નવાં સવાં. ઉપરથી ૧૯૭૫નો એ સમય જ્યારે 'શોલે' જેવી અનેક ફિલ્મોમાં મારધાડની બોલબાલા હતી. આટલું ઓછું હોય તેમ ફિલ્મમાં ભલે સામાજિક પ્રેમ કહાણી હતી પણ ગાયનોમાં એક 'ભજન' હતું... 'મંગલ ભવન અમંગલ હારી...' એ ઉપરાંત જે પ્રેમગીત હતું તેમાં વાત તો રાધા, મીરાં અને કૃષ્ણની હતી... 'શ્યામ તેરી બંસી કો બજને સે કાન, લોગ કરે મીરાં કો યૂં હી બદનામ...' વળી ફિલ્મના ગીતકાર-સંગીતકાર રવિન્દ્ર જૈન પણ તે વખતે સાવ નવા-સવા હતા. આ વખતે પબ્લિસિટીની બાગડોર બડજાત્યા પરિવારના રમેશચંદ્ર બડજાત્યાના હાથમાં હતી. એમનો આગ્રહ હતો કે ફિલ્મને મુંબઈના ભવ્ય ૧૩૦૦ સીટોવાળા 'મેટ્રો' સિનેમામાં, અને એ પણ એમાં માત્ર 'મેટ્રો' સિનેમામાં જ રજૂ કરવામાં આવે!

મેટ્રોના માલિકનું કહેવું હતું કે આ તો પોતાના પગ ઉપર કૂહાડો મારવા જેવી વાત છે, પરંતુ બડજાત્યા પરિવાર સાથેના જૂના સંબંધને માન આપીને એણે માત્ર એક વીક માટે ચલાવવાની હા પાડી... જોકે હવે જે થયું તે પહેલાં કદી નહોતું થયું...

શુક્રવારે માંડ પાંચ ટકા ટિકિટ વેચાઈ, શનિવારે વીસ ટકા અને રવિવારે માત્ર પચ્ચીસ ટકા! પરંતુ સોમવારે ન જાણે કેમ 'માઉથ પબ્લિસિટી' દ્વારા ચમત્કાર થયો... બાર વાગ્યાનો પહેલો શો 'હાઉસફૂલ...' ત્રણ, વાગ્યાના શો માટે લાંબી લાંબી લાઈનો... અને છેલ્લા શોમાં તો પ્રેક્ષકોની જીદને માન આપીને નીચે બેસાડવા પડ્યા!

બરાબર બે મહિના પછી આખા દેશમાં રિલીઝ થયેલી 'ગીત ગાતા ચલ' ફિલ્મે રોકાણ સામે ચાર ગણો નફો કર્યો.

આ બધા કરતાં પણ મોટું જોખમ લીધું હતું 'હમ આપ કે હૈં કૌન' વખતે. કેમ કે તે વખતે (૧૯૯૪માં) વીડિયો પાયરસી એટલી બધી વધી ગઈ હતી કે ભલભલી ફિલ્મો થિયેટરમાં ફસડાઈ પડતી હતી. ઉપરથી સેટેલાઈટ ટીવીના આક્રમણને લીધે લગભગ તમામ થિયેટરમાં કાગડા ઉડતા થઈ ગયા હતા.

આવા સમયે 'રાજશ્રી'વાળાએ બહુ મોટો જુગાર ખેલ્યો હતો. તેમણે આખા દેશમાં અમુક ખાસ ચૂંટેલાં તમામ થિયેટરમાં નવું રંગરોગાન કરાવ્યું, ફૂવારા મુકાવ્યા, લાઈટનાં તોરણો ગોઠવ્યા, એરકંડિશનરો નવાં નંખાયા... જેથી લોકોને 'થિયેટરમાં મૂવી' જોવાનો 'સ્પેશિયલ' અનુભવ થાય!

આ વખતે પણ બડજાત્યા પરિવારને ધીરજના મીઠાં ફળ ચાખવા મળ્યાં. અમદાવાદમાંથી લોકો છેક ગાંધીનગરના એક ચોક્કસ થિયેટરમાં 'હમ આપ કે હૈં કૌન' જોવા જતા હતા. એ જ રીતે ઉદયપુરનું એક જૂનું છતાં ભવ્ય થિયેટર આસપાસના ૧૦૦ કિલોમીટર સુધીના પ્રેક્ષકોને છ-છ મહિના સુધી આકર્ષતું રહ્યું.

'હમ આપ કે હૈં કૌન' માત્ર બડજાત્યા પરિવારની સક્સેસ સ્ટોરી નથી, આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સફળગાથા છે, કેમ કે એ પછી લોકો ફરી થિયેટરમાં પાછા ફર્યા હતા!

આજે સમયનું ચક્કર ફરીને એ જ હાલતમાં આવીને ઊભું છે. લોકો સિનેમા હોલમાં જવાથી કતરાઈ રહ્યા છે. આવા સમયે માત્ર 'સૈયારા' જેવા ગતકડાંની નહીં, પણ બડજાત્યા સાહેબની ધીરજવાળી લોંગ-ટર્મ સ્ટ્રેટેજીની જરૂર છે.

જોકે,'ધર્મા પ્રોડક્શન'ના કરણ જોહર કે 'યશરાજ ફિલ્મ્સ'ના આદિત્ય ચોપરાને આવું 'જોખમ' લેવાનું મન થશે ખરું? ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### સો રૂપિયામાં સિતારે ઘર પે !

આમિર ખાને છેવટે પોતે આપેલું વચન નિભાવ્યું છે. આજથી એની યુટ્યુબ ચેનલ 'આમિર ખાન ટોકીઝ' પર 'સિતારે ઝમીન પર...' જોવા મળશે. જોકે, આ ફિલ્મ એમ સાવ મફતમાં તો જોવા નહીં મળે... આમિર ખાને આ અઠવાડિયે એક પ્રેસ કોન્ફરન્સમાં આ વિશે વધુ સ્પષ્ટતા કરી છે..

જોકે આમિરે એમ પણ જણાવ્યું કે એની આ ફિલ્મ એક ઓટીટી પ્લેટફોર્મ દોઢસો કરોડમાં ખરીદવા માટે તૈયાર હતું, પરંતુ એને તો ફક્ત સો રૂપિયામાં ફિલ્મને ઘેરઘેર પહોંચાડવી હતી. 'સિતારે ઝમીન પર ... ' આમિર ખાન ટોકીઝ પર પે-પર-વ્યૂ આધારે જોવા મળશે. આ અનુસાર તમે યુટ્યુબ પર ૧૦૦ રૂપિયા ચૂકવીને એ ફિલ્મ ૩૦ દિવસ માટે ભાડે લઇ શકશો, પરંતુ, એક વખત તમે ફિલ્મ જોવાની શરૂ કરી તો અડતાલીસ કલાકમાં તેને જોઈ લેવાની રહેશે.

આમિરે આ જાહેરાત સાથે એ પણ ઉમેર્યું કે એના પ્રોડક્શન હાઉસ ઉપરાંત પપ્પા તાહિર હુસૈનની ફિલ્મો પણ હવે એની ચેનલ પર જોવા મળશે. 'કારવાં' અને 'અનામિકા' જેવી ફિલ્મો ફ્રીમાં લોકો જોઈ શકશે. આ ઉપરાંત આમિરનો ટીવી શો 'સત્યમેવ જયતે' પણ ફ્રીમાં જોઈ શકાશે. આમિરનો આ પ્રયાસ અવનવો છે.એ જો સફળ નીવડશે તો વધુને વધુ હિન્દી ફિલ્મ પ્રોડ્યુસર્સ આમિરને જરૂર અનુસરવાના....

### યાર , આ 'વોર' તો મોંઘું છે...



યુદ્ધ હંમેશાં મોંઘુ જ હોય છે. જાનમાલની હાનિ અને બેફામ નાણાનો વ્યય. ખૂબ ખર્ચાય. આપણે અહીં બે દેશ વચ્ચેના વોરની નહીં, પરંતુ 'યશરાજ'ની ફિલ્મ ' વોર-૨'ની વાત છે.

એક આંકડા અનુસાર 'યશરાજ' ની 'વોર-ટુ' ૪૦૦ કરોડની ફિલ્મ બનીને બહાર આવી છે.

આ વર્ષે સ્વતંત્રતા દિવસના એક દિવસ અગાઉ આ ફિલ્મ રિલીઝ થવાની છે. આપણે ફિલ્મ બનાવવાનું બજેટ બાજુમાં મૂકી દઈએ તો પણ જે આંકડા સામે આવ્યા છે એ આશ્ચર્ય પમાડે તેવા છે.

માહિતી અનુસાર હ્રિતિક રોશનને આ ફિલ્મ માટે ૫૦ કરોડ મળ્યા છે, પરંતુ, ફિલ્મમાં વિલન બનેલા જુનિયર એનટીઆરને તો હ્રિતિક કરતાં પણ વધુ એટલે કે ૭૦ કરોડનો ચેક આપવામાં આવ્યો છે. એ શક્ય છે કે હિતિકને નફામાં ભાગ પણ આપવાનો હશે.

'વોર-ટુ'ની હીરોઈન કિયારા અડવાણી ઘરે ૧૫ કરોડ લઇ ગઈ છે અને અનિલ 'જકાસ' કપૂરને ૧૦ કરોડ મળ્યા છે. ઔર અભી તો રુકો... ફિલ્મના નિર્દેશક અયાન મુખર્જી પોતે ૩૦ કરોડ લઈને સંતુષ્ટ થયા છે. બાકીના ૨૨૦ કરોડ સમગ્ર પ્રોડક્શનમાં ખર્ચવામાં આવ્યા છે.

વિચારો, ૪૦૦ કરોડની ફિલ્મને સુપર હીટ કે બ્લોક બસ્ટર થવા માટે કેટલા કરોડની કમાણી કરવી પડશે? અરે! માત્ર હીટ કહેવડાવા માટે કેટલા કરોડ કમાવા પડશે? એ જાણવું રસપ્રદ રહેશે કે આ ફિલ્મ તેની સ્ટોરીને લીધે ચાલશે કે પછી 'યશરાજની 'સૈયારા' જેવી રણનીતિથી ફિલ્મને હીટ જશે?

### 'ના રે ના, અમે તો ક્યારનુંય છોડી દીધું છે!'




ગયા અઠવાડિયે કેન્દ્ર સરકારે સેમી અથવા તો સોફ્ટ પોર્ન દેખાડતી કેટલીક એપ્સને પ્રતિબંધિત કરી. આ એપ્સમાં ALTT પણ સામેલ હતું. હવે આ નામ સાથે બે ખાસ નામો પણ જોડાયેલા હતા એટલે સોશ્યલ મીડિયામાં જોણું થયું. એકતા કપૂર અને માતા શોભા કપૂર એક સમયે આ એપના કર્તાધર્તા હતાં.

આથી, જેવી આ એપ પર પ્રતિબંધ મુકાયો લોકો માતા-પુત્રીની આ જોડી પર તૂટી પડ્યા હતા. છેવટે બાલાજી તરફથી એકતા કપૂરે ખુલાસો કર્યો. એકતા કહે છે કે 'હું અને મારી માતા ૨૦ જૂન ૨૦૨૧થી જ આ એપથી છેડો ફાડી ચૂક્યાં છીએ..' માતા-પુત્રીની જોડીને ટ્રોલ કરનારાઓએ એટલું પણ ધ્યાન ન રાખ્યું કે પહેલાં જે એપને 'ઓલ્ટ બાલાજી' તરીકે ઓળખવામાં આવતી હતી તેનું નામ હવે ALTT થઇ ગયું છે.

એકતાએ ભલે એમ કહી દીધું કે અમે હવે એ એપ સાથે જોડાયેલા નથી, પરંતુ એક સત્ય બીજું પણ છે. એકતા અને શોભા કપૂરના એપ સાથે સંબંધ તોડ્યા પહેલાંથી જ એમાં 'એ ' પ્રકારનું એડલ્સ કન્ટેન્ટ આવતું જ હતું. એમનાં ગયા પછી એમાં કદાચ વધારો થયો છે એ હકીકત છે... 'આમ કેમ?' એ કોણ કહેશે. ■

**કટ એન્ડ ઓકે...**

*'એ પબ્લિસિટી સ્ટંટ ન હતો, મામલો ખરેખર કોર્ટમાં ગયો હતો.'....*

*'હેરાફેરી' ના છેલ્લો વિવાદ પત્યા બાદ 'એ પબ્લિસિટી સ્ટંટ હતો' ના આરોપ વિશે અક્ષય કુમારે આવી સ્પષ્ટતા કરવી પડી છે.*

## આજની ટૂંકી વાર્તા
પંકજ ત્રિવેદી

# ઢીંગલી



**સમયની રેખા લંબાતી ગઈ. શ્યામાએ જીવતા શીખી લીધું. રોજ સાંજે શહેરમાંથી પાછા આવતા પતિનો રસ્તો જોઇને આંખ ભરાઈ જતી ત્યારે આંસુમાં એક નવો ચહેરો ઊભરી આવતો, એની દીકરીનો ! દીકરીના પગ હવે દોડવા લાગ્યા છે. આજે તો દીકરીએ જીદ કરીને ઢીંગલી માગી છે. શ્યામાને એ ગોઝારો દિવસ યાદ આવી ગયો.**

જેવું એનું નામ, એવું જ એનું નામ શ્યામા. તંદુરસ્ત, ચમકદાર, ઘાટીલું, શ્યામ રંગનું શરીર. મનમોહક સ્મિત, નમણાશ એવી કે ગમે તેવો પુરુષ ઝંખ્યા કરે શ્યામા જેવી સ્ત્રી ને !

મહાનગરની ગીચ વસતિમાં શ્યામાનું મકાન કેવું? નદીને સામે પાર પૂલ નીચે કેટલાંક વિશાળકાય સિમેન્ટના પાઈપ પડ્યાં હતા. પાંચ-સાત વરસ તો થયા જ હશે. શ્યામા માટે આ ભવ્ય આવાસમાં સુખ હતું. સરકારી ખાતા દ્વારા પાણીની યોજના અંતર્ગત પાઈપલાઈન નાખવાની હશે. યોજના તો સાકાર ન થઇ પણ પાઈપ ગરીબોના આવાસ બની ગયા હતા. પૂલની નીચેની આ એવી વસતિ છે, જ્યાં અમલદારો રૂઆબભેર આવે છે. કોઈપણ ઝૂંપડીમાં કે વિશાળ પાઈપના આવાસમાં ગમે ત્યારે પ્રવેશીને કોઈની જુવાન બહેન-દીકરી કે પત્નીની ગરીબી ખેંચી લેવામાં આવે છે. મદદ કરવાની સેવાના નામે પાશવી તૃપ્તિનો ક્ષણિક આનંદ મેળવવા અમલદારો તત્પર હોય છે. પોતાની વાસના સંતોષી થોડાં રૂપિયાની મદદ કરવાનું અભિમાન એમના ચહેરા પર સ્મિત ફરકાવે છે.

શ્યામા જ્યારે આ વસતિમાં રહેવા આવી ત્યારે એણે માત્ર વાતો સાંભળેલી. એનો પતિ પ્લાસ્ટિકની કોથળીઓ, કાચની બોટલો જેવી ચીજો વીણવા જતો. શ્યામા ઘેર રહેતી. સાંજે બંને મળીને દરેક ચીજો અલગ કરતાં. જે કાંઈ મળે એમાં લગ્ન પછીની રોમેન્ટિક ક્ષણોને શણગારતા હતા. બંનેની તરોતાજા યુવાની વચ્ચે ગરીબી કદી અવરોધ બની નહોતી. તેથી એમનું દાંપત્યજીવન સુખમય બની રહ્યું હતું.

શ્યામને ત્યાં પહેલા ખોળે દીકરી અવતરી ત્યારે ઝૂંપડપટ્ટીનાં લોકોએ નિસાસો નાખ્યો હતો. દીકરીને અહીં યાતના, લાચારી, શોષણ સિવાય મળવાનું પણ શું હતું? પરંતુ શ્યામા સૌથી જુદી હતી. એને મન તો આનંદનો પ્રસંગ હતો. એ માનતી કે દીકરી હોય કે દીકરો, જન્મ આપવામાં દરેક માતાની પીડા સરખી જ હોય છે અને નીજત્વનો આનંદ. એ પોતાની ખુશીને વહેંચવા ઈચ્છતી હતી, પણ કઈ રીતે? એનાં અરમાનોની દુનિયા સાંકડી હતી. ત્યાં પહોંચતી શેરીઓ ગંધાતી હતી. એણે મનોમન નિસાસો નાખ્યો. આખા દિવસની મહેનતને અંતે એનો પતિ સિત્તેર-એંશી રૂપિયા માંડ કમાતો. થોડાં વધુ મળ્યા હોત તો હળવો નશો એને ઝૂમવા માટે પૂરતો હતો. એને બહુ નાની ઉંમરમાં કિડની ખરાબ થઇ ગયેલી. પછી તો માનસિક ચિંતાએ અસ્થિરતા સુધી એને દોડાવ્યો. એ ઘડીકનો માણસ થઇ ગયો. સરખું ચાલ્યું તો રૂડો લાગે અને... આવા કારણે શ્યામાએ સપનાં જોવાનું બંધ કર્યું હતું. એણે પોતાની જાત સાથે સમાધાન કરી લીધું હતું.

આટલું ઓછું હોય તેમ વાલી શ્યામાનાં જીવનમાં ઝંઝાવાત ઊઠ્યો. અચાનક એક ઘટના બની. એક દિવસ શ્યામાનો પતિ શહેરમાંથી પાછો આવતો હતો. મુશળધાર વરસાદ વરસતો હતો. ક્યાંય કશું દેખાતું નહોતું. રસ્તા પર પસાર થતાં વાહનોની લાઈટના શેરડા આંખને આંજી દેતા તો ક્યારેક એની બ્રેક લાગવાને કારણે ચિચિયારી સંભળાતી. શ્યામાનો પતિ ઠંડીથી ધ્રુજતો, પલળતો, હાથનું નેજવું કરીને આગળ વધતો હતો. ક્યારેક રસ્તાના છેડે ઊભો રહી જતો.

પવનનો પણ મિજાજ બદલાયો હતો. રસ્તા પર ભરાયેલું પાણી વધતું જતું હતું. શ્યામાનો પતિ ધીમે ધીમે ચાલતો હતો. એ વખતે એક મોટરકાર જોરદાર સ્પીડ સાથે ધસી આવી. એની મરક્યુરી લાઈટને કારણે શ્યામાનો પતિ અંજાઈ ગયો. એ ઝડપથી આઘો ખસવા માટે દોડ્યો. એ ક્ષણે જ એક ખાડામાં એનો પગ પડ્યો કે એની ચીસ પણ ડૂબી ગઈ...! પાણીના ધોધ વચ્ચે બે-પાંચ પરપોટા થયા અને પાણી વહેવા લાગ્યું. એ માણસને બૂમ પાડવાની તક પણ ન મળી. પગ લપસ્યો કે સીધો જ અંડરગ્રાઉન્ડ થઇ ગયો.

શ્યામાએ એના પતિની ખૂબ રાહ જોઈ. એ નાનકડી દીકરીને બહાર મૂકીને જઈ શકે એમ નહોતી. નદીનો વિશાળ પટ પાણીના ગાંડાતૂર પ્રવાહને સાગર તરફ ધકેલતો હતો. હવે જો વરસાદ વધે તો આખીયે ઝૂંપડપટ્ટી તણાઈ જાય એમ હતી. શ્યામાનું ઘર તો મોટા સિમેન્ટના પાઈપમાં વસેલું હતું. એને તણાઈ જતાં શી વાર?

ઘણાખરાં લોકોએ સ્થાળાંતર કરવાનું શરૂ કરી દીધેલું. શ્યામા પણ એમની સાથે નીકળી જાય, પરંતુ એનો પતિ પાછો આવ્યો ન હતો એટલે કેમ કરીને જાય.

શ્યામા વિચારવા લાગી કે અહીં દીકરીને એકલી મૂકીને કેમ જાવું? એને સાથે લઈને જાઉં અને એનો બાપ આવે તો અમને ક્યાં શોધે? શ્યામાએ મન મક્કમ કરીને વિચાર્યું કે હવે જે થાય તે પણ અહીં બેસીને જ પતિની રાહ જોઇશ.

શ્યામાનો પતિ ઘેરથી નીકળ્યો ત્યારે એણે કહેલું; 'શું લાવું?'

ત્યારે શ્યામાએ જવાબમાં કહેલું; દીકરી માટે ઢીંગલી લાવજે.

આટલી વાત કરીને એનો પતિ નીકળી ગયેલો. હજી એનો પતિ નથી આવ્યો એ સભાનતાએ એને ચિંતામાં મૂકી દીધી. એ કુદરતના રૌદ્ર રૂપને જોઈ રહી હતી.

વરસાદ ધીમો પડ્યો કે શ્યામાને ભાન થયું. હજી એનો પતિ પાછો આવ્યો નથી. એ પતિની શોધમાં નીકળી પડી.

ક્યાંયથી કશી ભાળ ન મળી એટલે થાકીને એક જગ્યાએ બેસી ગઈ. એ ભૂખ-તરસને ભૂલી ગયેલી. શ્યામા સુનમુન થઈને એક થાંભલાને અડીને બેઠી. હજી ઝરમર વરસાદ વરસતો હતો. પરોઢ થઇ ગયું હતું. ક્યાંક થોડાં માણસો કુતૂહલતાથી વરસાદનું પાણી જોવા નીકળ્યા હતા. રસ્તા પર વૃક્ષો પડી ગયા હતા. કેટલાંક બંધ થઇ ગયેલાં વાહનો પણ ચમકતા હતા.

બીજો દિવસ પણ વીતવા લાગ્યો. શ્યામાનો પતિ હજી પાછો ફર્યો નહોતો. એ નદીના કિનારે જઈને બેઠી. ભારે વરસાદ પછીનો ઉઘાડ અને સૂર્યનો તીખો તાપ અકળાવતો હતો. જાણે વરસાદ સામે વામણો બની ગયેલો સૂરજ દાદો હજીયે પોતાના તેજનું અભિમાન બતાવવા ઈચ્છતો હતો. એના અભિમાનને પછાડવા ફરીફરીને વાદળો ઊમટી પડતાં હતા. કાળા ડિબાંગ! એના હોઠ જાણે આપોઆપ સિવાઈ ગયા હતા. શ્યામા હવે શાંત થવા લાગી હતી પરંતુ અંદરનો કોલાહલ શમતો નહોતો.

સમયની રેખા લંબાતી ગઈ. શ્યામાએ જીવતા શીખી લીધું. રોજ સાંજે શહેરમાંથી પાછા આવતા પતિનો રસ્તો જોઇને આંખ ભરાઈ જતી ત્યારે આંસુમાં એક નવો ચહેરો ઊભરી આવતો, એની દીકરીનો ! દીકરીના પગ હવે દોડવા લાગ્યા છે. આજે તો દીકરીએ જીદ કરીને ઢીંગલી માગી છે. શ્યામાને એ ગોઝારો દિવસ યાદ આવી ગયો, જે દિવસે એણે પતિને ઢીંગલી લાવવા કહેલું. એનો પતિ ઢીંગલી લેવા ગયેલો અને ક્યારેય પાછો ફરી શક્યો નહોતો. શ્યામાએ દીકરીને સમજાવવા પ્રયત્ન કર્યો; 'બેટા, બીજા રમકડાં લાવી આપું પણ ઢીંગલી રહેવા દે.'

શ્યામાની વાત કોણ સમજે? બાળહઠ વધતી ગઈ. છેવટે શ્યામાએ કહ્યું; 'હા, તને ઢીંગલી લાવી દઈશ.'

શ્યામાએ વિચાર્યું કે રોજની મજૂરીમાં બે ટંકનું ખાવાનું માંડ મળે છે. એમાંયે કેટકેટલાંની કૂડી નજરનાં તીર ભોંકાય છે એના યૌવન પર...! આ બધી પીડા સહીને શ્યામા જીવે છે પોતાની એકમાત્ર દીકરી માટે. આજે એ થોડું વધારે કામ કરવા ઈચ્છતી હતી. આજે એણે બે કોથળા ભરીને પ્લાસ્ટિકનો કચરો વીણ્યો હતો. થોડી લાલચ થઇ કે આજનો દિવસ પૂરી મહેનતથી કામ કરું. એણે બપોરનું ભોજન પણ કર્યું નહીં. પ્લાસ્ટિક અને કાચની વસ્તુઓ વીણતી હતી. એની દીકરી પતંગિયાની જેમ પાછળ પાછળ ફર્યા કરતી હતી. શ્યામાએ એને કહેલું; 'આજે તો તને ઢીંગલી અપાવીશ.'

શ્યામાએ જોયું કે હવે બજાર નજીક છે. બંને ખભે બે-બે કોથળા માંડ ઊંચકીને ચાલતી હતી. એનાં પગ લથડતા હતા. નાનકડી દીકરી આગળ-પાછળ થયા કરતી ને એનો જીવ ઊંચો થઇ જતો. થોડીવારમાં આ બધો સામાન વેચીશ તો પૈસા હાથમાં આવી જશે એવો ઉત્સાહ આનંદ વધારતો હતો. એ ભંગારવાળા શેઠને કહેશે, આજે થોડાં રૂપિયા વધારે આપો. મારી દીકરીને ઢીંગલી અપાવવી છે. એ શેઠની નજર બહુ સારી નથી. થોડાં લટકાં-ઝટકાં કરીશ તો એ માની જશે. આમેય સાલ્લો નાશરમો તો છે જ. પાણી-પાણી થઈને પૈસા આપી દે એટલે પત્યું.

રસ્તાની પેલે પાર ભંગારનું ગોડાઉન દેખાતું હતું. એને દીકરીને સમજાવી. મારી સાથે જ ચાલશે. શ્યામાએ બંને ખભે કોથળા ઊંચક્યા હતા. એ થાકી હતી છતાંયે હિંમત હારી નહોતી. એ આગળ વધતી હતી અને દીકરી એનો પડછાયો બનીને ચાલતી હતી. ત્યાંજ દીકરીની નજર દૂર પડેલા એક રમકડાં પર પડી. એનું બાળસહજ મન લલચાયું. એને રમકડું લેવા દોટ મૂકી. રસ્તા વચ્ચે દીકરીને દોડતી જોઇને શ્યામાએ ચારેય કોથળા પડતાં મૂક્યાં અને એની પાછળ દોડી... સામેથી આવતી મોટરકાર જોઈ. શ્યામાએ ભયભીત અવાજે બૂમ પાડી પણ અવાજ રુંધાઈ ગયો. એને થયું કે હમણાં મારી દીકરીને કોઈ વાહન ટક્કર મારશે. એ ઝડપથી દોડી...

ત્યાં સુધીમાં તો શ્યામાની દીકરી એ રમકડાં સુધી પહોંચી ગયેલી. શ્યામાએ જોયું તો ઢીંગલી પડી હતી. શ્યામાની દીકરીએ ઢીંગલીને ઊંચકી લીધી અને છાતીએ દબાવી શ્યામાને બતાવવા જેવી પાછળ ફરી કે એક પ્રચંડ ધડાકો થયો ! શ્યામાની ફૂલ જેવી દીકરી અણુ-અણુમાં વિખરાઈ ગઈ. એની પાછળ જ શ્યામા પણ ફંગોળાઈને એક દીવાલ સાથે અથડાઈ પડી. એના કાનમાં બહેરાશ આવી ગઈ. એના ચહેરા પર રાખનો થર જામી ગયો અને એણે આંખો પરથી રાખ હટાવીને જોયું. દીકરીને શોધવા લાગી. આંખો પૂરી ખુલી ન શકી. એને જમીન પર હાથ ફેરવીને દીકરીને શોધવા પ્રયત્ન કર્યો. ધગધગતા પ્રવાહી વચ્ચે એના હાથમાં કશુક આવ્યું અને એ કંપી ગઈ.

એ શ્યામાની નાનકડી દીકરીની આંગળીઓ હતી, માંસના લોચા એના હાથમાં આવ્યા... શ્યામા અવાચક થઇ ગઈ. મોટા ધડાકા પછીની શાંતિ અને ધીરે ધીરે ચારે દિશાઓમાંથી ઊભરાતો આક્રંદભર્યો અવાજ સંભળાવા લાગ્યો. શ્યામાને જાણે કશું સંભળાતું નહોતું. એ મોતના તાંડવ વચ્ચે હસતી-રડતી રહી. સતત...! (સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| ऐतबार | હાથી |
| एहसान | એકમાત્ર |
| एकलौता | ઉપકાર |
| ऐनक | ભરોસો |
| ऐरावत | ચશ્માં |

### ઓળખાણ પડી?

બ્યુટી કોન્ટેસ્ટમાં મિસ ઈન્ડિયાનો ખિતાબ જીતી ૧૯૯૦ના દાયકામાં હિન્દી ફિલ્મોમાં વ્યસ્ત રહેલી હિરોઈનની ઓળખાણ પડી?



અ) જુહી ચાવલા બ) પૂનમ ઢિલ્લોં ક) સંગીતા બિજલાની ડ) જયા પ્રદા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ્ય | વ | ૨ સ્થા | ૩ પ | ક | ■ | ૪ ઉ | ૫ જા | ગ | ૬ ર |
| વ | ■ | ૭ પ | ડ | ■ | ૮ પા | ■ | ડી | ■ | જા |
| ૯ સા | ૧૦ મ | ના | ■ | ૧૧ ખ | રિ | તો | ■ | ૧૨ શ | ક |
| ૧૩ ચી | સ્ટ | ■ | ૧૪ ખ | લ | તો | ■ | ૧૫ પુ | ર | જા |
| ક | ■ | ૧૬ સ | ■ | ■ | ષિ | ■ | ૧૭ ર | દ | ■ |
| ૧૮ ર | જ | ક | ણ | ■ | ક | ■ | સ્કા | ■ | ૧૯ શ |
| ણ | ■ | લા | ■ | ૨૦ વા | ■ | ૨૧ સ | ર | ૨૨ ભ | ર |
| ■ | ૨૩ શ | ત | ■ | ૨૪ રા | ૨૫ સ | ડો | ■ | ૨૬ ર | મ |
| ૨૭ પા | ર | ■ | ૨૮ ફ | ણ | ગા | ■ | ૨૯ કા | ચ | ■ |
| ૩૦ છા | તી | સ | ર | સી | ■ | ૩૧ હ | લ | ક | ટ |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | | | | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | | ૧૯ | | ૨૦ | | |
| ૨૧ | | ૨૨ | | ૨૩ | | | ૨૪ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | | | | ૨૮ | | | ૨૯ |
| ૩૦ | | | ૩૧ | | ૩૨ | | | ૩૩ | |
| | | ૩૪ | | | ૩૫ | | | | |
| | ૩૬ | | | | | | ૩૭ | | |

**આડી ચાવી**
૧. જબરદસ્તી (૫)
૪. ઇજ્જત જવી તે (૪)
૭. રશિયા-એક દેશ (૨)
૯. બધું વેચાતું મળે (૩)
૧૧. ગોકળ---કૃષ્ણનો જન્મદિવસ (૩)
૧૩. સ્વામી, પતિ (૨)
૧૪. પદ્ધતિ (૨)
૧૫. પુરુષો ઝભ્ભાની નીચે પહેરે (૪)
૧૬. હોડી (૨)
૧૭. ગધેડો (૩)
૧૯. વ્હાલા-વ્હાલ (અં.) (૩)
૨૨. સ્ત્રીઓનું એક વસ્ત્ર (૪)
૨૪. ગંધ (૨)
૨૬. એક પ્રાણી (૩)
૨૮. છુપાઇને (૪)
૩૦. દરિયાકિનારે થતાં વૃક્ષ (૨)
૩૧. સાલ્લાનો ખોસવાનો છેડો (૩)
૩૩. મોતીની સેર (૨)
૩૫. દાળને બદલે --- પણ ચાલે (૨)
૩૬. વાઢકાપ, સર્જરી, (૫) (અં.)
૩૭. વિદ્યા --- થી શોભે (૩)

**ઊભી ચાવી**
૧. સમાનતા (૪)
૨. ચોક્કસ, નક્કી (૩)
૩. આવવા જવાનું જાહેર સાધન (૨)
૫. ઘા, જખમ (૨)
૬. --- ફાલુદામાં નખાય (૫)
૮. આઠ દિવસનો સમૂહ (૫)
૧૦. ચાર ધામની--- કરો (૩)
૧૧. અણી, ૧૦૦ ચોરસ મીટર (૨)
૧૨. દક્ષિણનો સુગંધી પર્વત (૩)
૧૩. સપ્તાહના દિવસ (૨)
૧૫. સરસ, સારો (૩)
૧૮. ચંદ્રની વિદાયનો સમય (૩)
૨૦. મોકલવું તે (૩)
૨૧. વાતનું --- ના કરો (૪)
૨૩. વાદળો કાળાં --- (૩)
૨૫. સંભાળ, સાચવ, ધ્યાન રાખ (૩)
૨૭. વૃક્ષ, ઝાડ (૨)
૨૯. નાટકના જેવું, ઢોંગી (૪)
૩૨. પ્રતીક, નિશાર, પ્રતિકાત્મક (૩)
૩૪. મારા દાદાના બાપાનો પૌત્ર (૨)

### ગુજરાત મોરી મોરી રે

નાટ્ય મહર્ષિ પ્રભુલાલ દ્વિવેદીના કયા નાટક પરથી ૧૯૫૦માં ગુજરાતી ફિલ્મ બની હતી જેમાં નિરૂપા રોય મુખ્ય ભૂમિકામાં હતાં?

અ) વડીલોના વાંકે બ) ગુણસુંદરીનો ઘરસંસાર
ક) વેવિશાળ ડ) ગાડાનો બેલ

### જાણવા જેવું

શત્રુઘ્ન સિન્હાએ ના પાડ્યા પછી મનમોહન દેસાઈએ 'દેશ પ્રેમી'નો હૈદરાબાદી ઈન્સ્પેક્ટરનો રોલ 'જાની' રાજકુમારને ઓફર કર્યો હતો. રાજકુમારને રોલ પસંદ પડ્યો હતો, પણ અમિતાભ બચ્ચનને આપો છો એટલા પૈસા આપો તો જ રોલ કરું એવો આગ્રહ રાખતા ડિરેક્ટરે પછી પરીક્ષિત સાહનીની પસંદગી કરી હતી.

### સુડોકુ-૯૦૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૧ | | | ૫ | | |
| ૪ | ૬ | | | | | | | |
| | | | ૨ | ૭ | | ૪ | | |
| | ૭ | | | ૩ | ૮ | | | |
| ૮ | | | | | | | | ૩ |
| | | | ૬ | ૫ | | | ૭ | |
| | | ૧ | | ૯ | ૪ | | | |
| | | | | | | | ૨ | ૮ |
| | | ૩ | | | ૨ | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૫ | ૩ | ૪ | ૨ | ૭ | ૧ | ૯ |
| ૨ | ૯ | ૭ | ૫ | ૧ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૧ | ૩ | ૪ | ૯ | ૭ | ૬ | ૫ | ૮ | ૨ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૩ | ૧ | ૯ | ૨ | ૮ |
| ૯ | ૧ | ૨ | ૮ | ૬ | ૫ | ૩ | ૭ | ૪ |
| ૭ | ૮ | ૩ | ૨ | ૯ | ૪ | ૧ | ૫ | ૬ |
| ૩ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૨ | ૬ | ૧ |
| ૫ | ૨ | ૧ | ૬ | ૮ | ૩ | ૪ | ૯ | ૭ |
| ૬ | ૪ | ૯ | ૧ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ |

### ચતુર આપો જવાબ
### માથું ખંજવાળો

બે દિગ્ગજ અભિનેતા શાહરુખ ખાન અને કમલ હાસને સાથે કામ કર્યું હતું એ ફિલ્મ વિકલ્પોમાંથી ઓળખી કાઢો.

અ) પુષ્પક બ) હે રામ ક) યસ બોસ ડ) ચાચી ૪૨૦

### નોંધી રાખો

કસબાથી મોટું હોય અને જ્યાં બહુ ધંધો વેપાર ચાલતો હોય એવું શહેર આઠસો ગામની વચ્ચે એક વ્યવહાર સ્થાન હોય એવા શહેરને પણ અગાઉના વખતમાં નગર કહેવાતું.

### માઈન્ડ ગેમ

વિવિધ પ્રકારના રોલમાં અભિનય પ્રતિભા સિદ્ધ કરનારા અજય દેવગનને કઈ ફિલ્મ માટે પ્રથમ નેશનલ એવોર્ડ મળ્યો હતો?

અ) ગંગાજલ બ) ઓમકારા
ક) ઝખ્મ ડ) હમ દિલ દે ચુકે સનમ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बँडेर | લાકડું |
| बंधुवा | કેદી |
| बंजर | ઉજ્જડ |
| बटेर | પક્ષી |
| बसेरा | માળો |

ઓળખાણ પડી?
બાઝી

માઈન્ડ ગેમ
મનચલી

ગુજરાત મોરી મોરી રે
છેલ્લો દિવસ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ઊંચે લોગ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નૂતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) મહેશ દોશી (૩૨) જયવંત પદમશી ચિકલ (૩૩) ભાવના કર્વે (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતિન જયંતિલાલ બજરિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) કમાલ માતલિયા (૫૦) મહેશ સંઘવી (૫૧) વિપીન શાહ (૫૨) ધવલ શાહ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧)તાજ મહેલ ૨)દિલ સે મિલે દિલ ૩)લહુ કે દો રંગ ૪) મેલા ૫)જિસ દેશ મેં ગંગા બેહતી હૈ ૬)સાવન ભાદો ૭)રામ અવતાર

**ક્વિઝ (બ)** ૧) મેહબૂબા, કુદરત ૨) મધુમતી ૩) ઓમ શાંતિ ઓમ ૪) પ્રેમ ૫) બંજારણ ૬) મિલન ૭) હંમેશા

**ફિલ્મનામા**
**નરેશ શાહ**

# માનવું તો પડશે, સમીરજી... આપકા જાદુ ચલ ગયા!

## ગીતકાર પિતા અનજાન કરતાં સવાયા સફળ અને લોકપ્રિય નીવડ્યા છે પુત્ર ગીતકાર સમીર



'સામાન્ય લોકો તો સમજ્યા, પણ નિર્માતા-દિગ્દર્શકો પણ એવું માનતા હોય છે કે હું જમણાં ખિસ્સામાં હિટ અને ડાબા ગજવામાં ફલોપ ગીતો રાખીને જીવું છું!' આમ કહીને ગીતકાર સમીર ('અનજાન') ઉમેરે છે કે, 'સચ્ચાઈ એ છે કે લોકપ્રિય ગીતમાં ગીતકાર ઉપરાંત સંગીતકાર અને ગાયકનો પણ જબરો પ્રભાવ હોય છે. મારું પ્રથમ હિટ સોંગ ('નજર કે સામને, જીગર કે પાસ'- આશિકી)ના શબ્દો જુઓ. એકદમ સામાન્ય અને જરા પણ ઊંડાણ કે સાહિત્યિક ટચ તેમાં નથી, પણ નદીમ-શ્રવણના સંગીત અને કુમાર શાનુના અવાજે તેને બ્લોકબસ્ટર ગીત બનાવી દીધું. જિંદગીનો પ્રથમ 'ફિલ્મફેર' એવોર્ડ પણ મને એ ગીતના કારણે જ મળેલો!'

હિન્દી ફિલ્મોમાં જેમને ખાત્રીપૂર્વક આનંદ બક્ષી પછીના ક્રમે મૂકી શકાય એવા સફળ ગીતકાર સમીરે (તમે જાણો છો કે એ જાણીતા ગીતકાર અનજાનના પુત્ર છે) આ વાત ડેરેક બોસે સમીર પર લખેલાં પુસ્તકમાં કરી છે તો પોતાના અમુક આઈકોનિક ગીતો પાછળની ચમકાવતી-રસપ્રદ વાતો કરતું 'લિરિક્સ બાય સમીર' પુસ્તક તો ખુદ સમીર સુજા અલી સાથે મળીને લખી ચૂક્યા છે.

સમીરની ગીતકાર તરીકેની કારકિર્દી ભોજપુરી ગીતોથી થઈ હતી. એમની પ્રથમ હિન્દી ફિલ્મ 'બેખબર' હતી, જેના સંગીતકાર ઉષા ખન્ના હતાં. શરૂ થયેલી આ કારકિર્દીને ૧૯૮૩થી ગણીએ તો સમીર છેલ્લાં બેતાલીસ વરસથી હિન્દી ફિલ્મોનાં ગીતો લખી રહ્યા છે. ગલવાન-ઘાટી પર ચાઈનીઝ-ભારતની સૈન્યની અથડામણ પર બની રહેલી સલમાન ખાનની આગામી ફિલ્મનાં ગીતો પણ સમીર લખી રહ્યાં છે.

સ્વાભાવિક છે કે સાડા પાંચસો જેટલી ફિલ્મોમાં ત્રણ હજારથી વધુ ગીતો લખી ચૂકનારા ગીતકાર સમીરના સેંકડો ગીતો પાછળની મજેદાર કહાણીઓ હોવાની. અકે કહાણી તો 'કુછ કુછ હોતા હૈ'ના ટાઈટલ સોંગની જ છે. 'તુમ પાસ આએ, યૂં મુસ્કુરાએ...' જેવું ટાઈટલ સોંગ લખીને કરણ જોહરને આપતી વખતે સમીરને ખુદ લાગતું હતું કે આ ગીતના શબ્દો ભલે ફિલ્મની થીમ કે વાર્તાને અનુરૂપ હોય પણ પોતે આ ગીત વધુ સારી રીતે લખી શકે તેમ છે... ગીત સંભળાવીને એમણે કરણ જાહેરને કહ્યું પણ ખરું, હું આથી પણ સારું ગીત લખી શકું તેમ છું...

'...પણ મને આ શબ્દો જ વધારે યોગ્ય લાગે છે!' કહીને કરણ જોહરે એ જ ગીત જતીન-લલિત પાસે સ્વરબદ્ધ કરાવ્યું. સમીર કહે છે કે, દિગ્દર્શક પોતાની અપેક્ષામાં સ્પષ્ટ હોય ત્યારે જ આવું શક્ય થાય, કારણ કે મેં તો રેકોર્ડિંગ વખતે જ નવા અંતરા લખી આપ્યા છે અને ક્યારેક મારા ગીતના શબ્દોની કતલેઆમ થતાં પણ જોઈ છે.'

સલમાન ખાનની 'જીત' ફિલ્મમાં સુહાગ રાત માટે લખાયેલું ગીત ડિરેક્ટરે સ્વિત્ઝર્લેન્ડની વાદીઓમાં શૂટ કરીને ફિલ્મમાં સામેલ કરેલું. ગીતમાં સલમાન ખાન અને હીરોઈન કરિશ્મા કપૂરને બે બલગ-અલગ ટેકરી પર ઊભા રહીને (સુહાગ રાતનું) ગીત ગાતાં જોઈને સમીરને તો આઘાત જ લાગ્યો હતો. આમિર ખાનની 'દિલ' ફિલ્મનું એક સૌથી લોકપ્રિય ગીત હતું: 'મુઝે નીંદ ના આએ, મુઝે ચૈન ના આએ...' ગીત લખાયું ત્યારે ડિરેક્ટર ઈન્દ્રકુમાર અને નિર્માતા અશોક ઠાકરિયાને આ શબ્દો ગમ્યાં નહોતા. સમીરે ખૂબ સમજાવ્યા, પણ અશોક ઠાકરિયા સહમત થતા નહોતા. આખરે સમીરે કહેવું પડ્યું કે સિચ્યુએશન મુજબ આનાથી સારું ગીત હું લખી શકું તેમ નથી... તમે બીજા ગીતકાર પાસે લખાવડાવી લો ! ' આખરે ડિરેક્ટર-પ્રોડ્યુસર ઝૂક્યાં. ગીત રેકોર્ડ થયું ત્યારે બન્નેએ વિચારેલું કે યોગ્ય નહીં લાગે તો ગીતને ફિલ્મમાં લેશું જ નહીં પણ...

રેસ્ટ ઈઝ હિસ્ટરી...

'સાજન' ફિલ્મનું આ ગીત તમે સાંભળ્યું જ નહીં, ગણગણ્યું પણ છે: 'મેરા દિલ ભી કિતના પાગલ હૈ, યે પ્યાર તો તુમ સે કરતાં હૈ.., પર સામને જબ તુમ આતી હો, કુછ ભી કહેને સે ડરતાં હૈ...'

એકદમ બોલચાલની શૈલીના શબ્દોમાં લખાયેલાં આ સુપરહિટ સોંગ વિષે સમીર કહે છે કે, 'એક યુવાને મારો આભાર આ ગીત માટે માનેલો. એ પોતાની પ્રેમિકાને દિલની વાત નહોતો કરી શક્તો એટલે એણે આ ગીત જ પ્રેમિકાને સંભળાવી દીધું અને તીર નિશાના પર લાગેલું. એ યુવાને મને કહેલું કે આ ગીત લખીને તમે મારા જેવા અનેક યુવાનો પર ઉપકાર કર્યો છે...!'

સમીરના આવા સેંકડો ગીતોએ આપણા જીવનનો હિસ્સો બનીને આપણી ઉપર (શૈલેન્દ્ર, સાહિર, ગુલઝાર, આનંદ બક્ષી કરતાં થોડાક ઓછો પણ) ઉપકાર જરૂર કર્યો છે. સાડા પાંચસોથી વધુ ફિલ્મો, પચાસથી વધુ મ્યુઝિક આલ્બમ (હિમેશ રેશમિયાનું 'તેરા સુરૂર' યાદ છેને ?!) માટે ગીત લખી ચૂકેલાં સમીર હિન્દી સિનેમાના રામ - લક્ષ્મણ અને રવિન્દ્ર જૈન સિવાયના સિતેરથી વધુ સંગીતકાર સાથે કામ કરી ચૂક્યા છે. બેશક, તેમાં સૌથી વધુ વખત એમણે આનંદ- મિલિન્દ (એક્સો છેતાલીસ ફિલ્મ), નદીમ- શ્રવણ (નેવ્યાંશી ફિલ્મ) અન્નુ મલિક (સાઈઠ ફિલ્મ) હિમેશ રેશમિયા (એકતાલીસથી વધુ ફિલ્મ) અને જતિન-લલિત (વીસ ફિલ્મ) માટે ગીતો લખ્યાં છે.

બેશક, એમણે અનેક સિચ્યુએશનમાં ગીતો લખ્યાં છે, પણ સમીર એમનાં રોમેન્ટિક સોંગ માટે હિન્દી સિનેમામાં કાયમ યાદ રહેશે.

(-અને હાં, ૨૦૦૦માં આવેલી 'તેરા જાદુ ચલ ગયા' ફિલ્મના સંગીતકાર ઈસ્માઈલ દરબાર હતા. ગીતકાર હતા સમીર!) ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

## ક્વિઝ (અ)

**આ ગીતો કઈ ફિલ્મનાં છે?**

૧)પાઉં છું લેને દો ફૂલો કો ઇનાયત હોગી, ઇનાયત..
૨)હાથો મેં મેરે ભી મેહેંદી લગાઓ જલ્દી સે જાઓ..
૩)માથે કી બિંદિયા બોલે કાહે કો ગોરી ડોલે સજના..
૪)કમ્મરીયા લચકે રે ઓ બાબુ જરા બચકે રે..
૫)હોઠો પે સચ્ચાઈ રેહતી હૈ જહાં દિલ મેં સફાઇ..
૬)કાન મેં જુમકા ચાલ મેં ઠુમકા કમર પે ચોટી લટકે...
૭)ઉંગલી મેં અંગૂઠી અંગૂઠી મેં નગીના તેરે બીન ઍક ભી...

## ક્વિઝ (બ)

**આ કલાકારોની પુનઃજન્મ પર આધારિત ફિલ્મનાં નામ જાણો છો?**

૧) રાજેશ ખન્ના - હેમા માલિની
૨) દિલીપ કુમાર - વૈજયંતિ માલા
૩) શાહરુખ ખાન - દીપિકા પદુકોણ
૪) સંજય કપૂર - તબ્બુ
૫) રિશી કપૂર - શ્રી દેવી
૬) સુનિલ દત્ત - નૂતન
૭) સૈફ અલી ખાન - કાજોલ

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'


**શો-શરાબા**
**દિવ્યકાંત પંડ્યા**

# કટઘરે મેં કન્ટેન્ટ હાજિર હો...!

## શું સ્ટાર્સના કોર્ટરૂમ કેસ હવે દર્શકો માટે મનોરંજન બની ગયા છે?

તમને ખબર છે, એક સાવ નવા જ વિચિત્ર કન્ટેન્ટ પ્રકારે જન્મ લીધો છે? હા, હોલિવૂડમાં ન્યાયાલયના કેસ માત્ર કાયદાની લડાઈ નથી રહ્યાં, પણ એ પણ એક પ્રકારનું કન્ટેન્ટ બની ચૂક્યાં છે, કારણ કે હવે સ્ટાર્સના જીવનની કટુ સત્ય ઘટનાઓ ડોક્યુમેન્ટરી તરીકે ઓટીટી પ્લેટફોર્મ્સ પર રજૂ થવા લાગી છે. પહેલા આવા વિષયો કે ગુનાની ઘટનાઓ માત્ર ન્યૂઝ હેડલાઈનમાં આવતી, પણ આજે એ બધું સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ માટે મજબૂત મનોરંજન કન્ટેન્ટ બની ગયું છે. દરેક લાઈવ ટ્રાયલ પાછળ હવે ડોક્યુમેન્ટરી રાઈટ્સ કે મીની સિરીઝના પ્લાન થઈ ગયા છે. ખરેખર તો હવે એવું લાગી રહ્યું છે કે હોલિવૂડના કેટલાક કોર્ટ કેસ એક્ટર્સ માટે નાકનો-ઈજ્જતનો પ્રશ્ન હોવાને બદલે, એમને ફરી પોપ્યુલર કરવા માટેનો રસ્તો બની ગયા છે.




આનું બેસ્ટ ઉદાહરણ છે ૨૦૨૨માં સમગ્ર વિશ્વે જોયેલો અને સોશ્યલ મીડિયા પર વાયરલ બનેલો જ્હોની ડેપ અને એમ્બર હર્ડનો કેસ. બંને વચ્ચે ચાલેલો બદનામીનો કેસ માત્ર કોર્ટરૂમ સુધી નહોતો રહ્યો. લોકોએ યૂટ્યુબ પર લાઈવ ટ્રાયલ જોયા, ક્લિપ્સ શેર કરી, મીમ્સ બનાવ્યા, ટિકટોક પર રિએક્ટ કર્યું, અને આખરે આ બધું એટલું લોકપ્રિય થયું કે 'નેટફ્લિક્સે' તેના પર 'ડેપ વર્સિસ હર્ડ' નામે ડોક્યુમેન્ટરી બનાવી નાખી. 'નેટફ્લિક્સ ' પછી ડિસ્કવરી પ્લસે પણ આ કેસ પરથી ડોક્યુમેન્ટરી બનાવી. 'હુલુ' એ તો 'હોટ ટેક' નામથી એક સ્ક્રિપ્ટેડ ડ્રામા જ બનાવી નાખ્યો.

આવો જ એક જૂનો કિસ્સો છે 'ઓ. જે. સિમ્પસન ટ્રાયલ'. અમેરિકામાં ૧૯૯૦ના દાયકામાં આ કેસ એટલો ચર્ચિત હતો કે લોકો લાઈવ ન્યૂઝથી માંડીને મેગેઝિન સુધી બધું વાંચતા. અને વર્ષો પછી, 'એફએક્સ ' નેટવર્કે 'The People VS O. J. Simpson: American Crime Story' નામે એના પર આધારિત એક મીની સિરીઝ બનાવી. આ સિરીઝે અમુક એવોર્ડ પણ જીત્યા અને એના પછી આવી રહેલી ડોક્યુ-ડ્રામાની લહેર માટે રસ્તો ખોલી દીધો.

આ બધું જોઈને હવે કહી શકાય કે હોલિવૂડમાં કોર્ટરૂમ ડ્રામા એ કન્ટેન્ટ બનાવવાની નવી રીત બની ગઈ છે. સાચી ઘટનાને થોડી હળવી છૂટછાટ સાથે નવી કહાનીમાં બદલવી અને દર્શકોની લાગણી સાથે જોડીને એનું મોનિટાઈઝેશન કરવું આ સામાન્ય બનવા લાગ્યું છે.

આપણે જો તાજેતરની વધુ કેટલીક ઘટનાઓની વાત કરીએ તો સિંગર બ્રિટની સ્પીયર્સનો કન્ઝર્વેટરશિપ કેસ પણ એવો જ હતો, જેને લઈ સમગ્ર દુનિયાએ 'ફ્રી બ્રિટની મૂવમેન્ટ' ને સપોર્ટ આપ્યો હતો. એની પર્સનલ લાઈફ, માંદગી અને પિતા સાથેના સંબંધોની માહિતી પહેલા મીડિયા અને પછી દસ્તાવેજી ફિલ્મ્સમાં ખુલ્લી પાડવામાં આવી. 'હુલુ' એ 'ફ્રેમિંગ બ્રિટની સ્પીયર્સ' નામની ડોક્યુમેન્ટરી બનાવી અને 'નેટફ્લિક્સે' પણ એના પર અલગ દ્રષ્ટિકોણથી ફિલ્મ રજૂ કરી. લોકો હવે સ્ટાર્સની પર્સનાલિટી સાથે પર્સનલ લાઈફના વેર-વિખેર થઈ ગયેલા હિસ્સા જોઈને વધુ જોડાય છે.

ઓટીટી પ્લેટફોર્મ્સ તો હવે એ રીતે રિસર્ચ કરતાં હોય છે કે ક્યાં ક્યા કિસ્સા લોકોને વિઝ્યુલાઈઝ કરવા ગમશે, જેમ કે એન્ના ડેલ્વી કે જેણે કરોડોની ઠગબાજી કરી છતાં યુરોપ-અમેરિકામાં પોતાની છબી એક સોશ્યલાઈટ તરીકે ઊભી કરી હતી એના પર પણ 'નેટફ્લિક્સે' 'ઈન્વેન્ટિંગ એન્ના' બનાવી અને દર્શકોએ ક્રાઈમ-ડ્રામા નહીં, પણ સ્ટાઇલિશ ફેમ-થ્રિલર ગણીને તેનો આનંદ લીધો એટલે હવે ગુનો પણ કન્ટેન્ટની ફેશન બની ગયો છે.

આ વસ્તુ ફક્ત ફિલ્મ્સ સ્ટાર્સ પૂરતી જ સીમિત નથી, પોલિટિક્સ અને રોયલ ફેમિલીઝ સુધી પણ પહોંચી છે. પ્રસિદ્ધ અમેરિકન પ્રમુખ બિલ ક્લિન્ટન અને મોનિકા લ્યુઇન્સ્કી વચ્ચે થયેલા અફેર અને ઇમ્પીચમેન્ટ કેસ પણ અમેરિકામાં વર્ષો સુધી ચર્ચામાં રહ્યા. એફએક્સના Impeachment: American Crime Storyમાં એ કિસ્સાને સંપૂર્ણ ડ્રામેટિક રીતે રજૂ કરવામાં આવ્યો. મજેદાર વાત એ છે કે આ સિરીઝના કેન્દ્રમાં મોનિકા લ્યુઇન્સ્કી પોતે કો-પ્રોડ્યૂસર હતી. અહીંથી દેખાય છે કે કેટલીકવાર જે-તે બાબતના સહભાગી પણ પોતાની ઘટનાને કન્ટ્રોલ કરવા માટે એ કન્ટેન્ટનો ભાગ બને છે. અન્ય એક કેસ જોકે કોર્ટ કેસ નહોતો, પણ 'નેટફ્લિક્સ' પર આવેલી ડોક્યુ-સિરીઝ 'હેરી એન્ડ મેઘન' પણ સૌને ટ્રાયલ જેવી જ લાગી. આખા વિશ્વે બ્રિટિશ રોયલ ફેમિલીની અંદર શું ચાલે છે, કેવી રીતે યુવાન રોયલ દંપતીને પ્રેસ, સંસ્થાઓ અને રિવાજોની વચ્ચે પીસાઈ જવું પડ્યું એ બધું જાણવામાં રસ લીધો. મોટા સ્ટુડિયોઝ હવે આવી ઘટનાઓમાં રસ લઈ રહ્યા છે. એવું પણ બનતું આવ્યું છે કે કોઈ કેસ ચાલે, એ પહેલાં જ તેના ફિલ્મ રાઈટ્સ ખરીદી લેવામાં આવે. આ પ્રક્રિયા એટલી ઝડપી બની ગઈ છે કે કેટલાક લોઅર્સ અને પક્ષકારોએ કોર્ટમાં જાહેર કર્યું કે એ પોતાના કેસને મીડિયાથી દૂર રાખવા માગે છે, કેમ કે હવે ન્યાયથી પહેલાં કન્ટેન્ટ રિલીઝ કરવાની દોડ લાગી છે.

આ પરિસ્થિતિથી સવાલ ઘણાં પેદા થાય. શું આ ટ્રેન્ડ હકીકતમાં ખરાબ છે? જો કોર્ટરૂમને નાટ્યમંચ બનાવી દેવામાં આવે તો શું સાચો ન્યાય લોકોના અભિપ્રાયથી બદલાઈ શકે? હકીકત એટલી જ છે કે આજે હોલિવૂડમાં સ્ટાર્સની પર્સનલ લાઈફ અને કાનૂની સંઘર્ષો હવે અલગ રહ્યાં નથી. એમની લાઈફ મનોરંજન અને સંવેદનાની જગ્યા બની ગઈ છે!■

**લાસ્ટ શોટ**

*બે પુરુષએ એમના બાળપણ દરમિયાન માઈકલ જેક્સન દ્વારા યૌન શોષણ થયાનો દાવો કર્યો હતો, જેના પર **Leaving Neverland** નામની ખૂબ જ વિવાદાસ્પદ ફિલ્મ બની હતી.*

**ફોકસ**
**નિધિ શુકલા**

# મંદાકિનીની કરિયર ને દાઉદ



૧૯૮૫ની સુપરહિટ ફિલ્મ 'રામ તેરી ગંગા મૈલી'માં 'ગંગા'ની ભૂમિકા ભજવીને ભૂરી આંખોવાળી અભિનેત્રી મંદાકિનીએ રાતોરાત ખ્યાતિ મેળવી હતી. આ અભિનેત્રીનો આજે એટલે કે ૩૦ જુલાઈએ ૬૧મો જન્મદિવસ છે. ૩૦ જુલાઈ ૧૯૬૩ના રોજ ઉત્તર પ્રદેશના મેરઠમાં જન્મેલી યાસ્મીન જોસેફ મંદાકિની બની. આ અભિનેત્રીની વાર્તા જેટલી પ્રેરણાદાયક છે તેટલી જ વિવાદોથી ભરેલી પણ છે. મંદાકિનીની સુંદરતા, અભિનય અને તેના અંગત જીવનના ઉતાર-ચઢાવ તેને હંમેશાં લાઇમલાઇટમાં રાખતા રહ્યા. ચાલો જાણીએ તેના વિશેની કેટલીક વાતો.

મંદાકિનીએ ૨૨ વર્ષની ઉંમરે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. બહુ ઓછા લોકો જાણે છે કે તેમનું સાચું નામ યાસ્મીન છે. ફિલ્મ નિર્માતા અને અભિનેતા રાજ કપૂરે તેમને 'મંદાકિની' નામ આપ્યું હતું. મંદાકિનીએ ૧૯૮૫માં બંગાળી ફિલ્મ 'અંતારેર ભાલોબાશા'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તેણે તે જ વર્ષે 'મેરા સાથી'થી હિન્દી સિનેમામાં ડેબ્યૂ કર્યું હતું.

જો કે, તેને ખરી ઓળખ રાજ કપૂરની ફિલ્મ 'રામ તેરી ગંગા મૈલી'થી મળી હતી. ફિલ્મમાં તેના અંતરંગ દૃશ્યોએ તે સમયે ભારે ચર્ચા જગાવી હતી, જેના માટે ફિલ્મને પ્રશંસાની સાથે સાથે વિવાદોનો પણ સામનો કરવો પડ્યો હતો. આ ફિલ્મ માટે તેને ફિલ્મફેર એવોર્ડ્સમાં શ્રેષ્ઠ અભિનેત્રી માટે નોમિનેશન પણ મળ્યું હતું.

'રામ તેરી ગંગા મૈલી'ની સફળતાએ મંદાકિનીને રાતોરાત સ્ટાર બનાવી દીધી હતી. ૮૦ના દશકમાં તેણે 'ડાન્સ-ડાન્સ', 'કમાન્ડો', 'લોહા', 'જાલ', 'પ્યાર કે નામ કુરબાન', 'શાનદાર', 'સિંહાસન', 'અગ્નિ' અને 'જોરદાર' જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું હતું. જોકે, તેની મોટાભાગની ફિલ્મો સફળતા મેળવી શકી નહીં. છતાં, તેની સુંદરતા અને અભિનય લોકપ્રિય રહ્યા.

મંદાકિનીનું કરિયર એટલું સરળ નહોતું. પુરુષ-પ્રધાન ઇન્ડસ્ટ્રીમાં તેની સામે ઘણા પડકારો હતા. એક ઇન્ટરવ્યૂમાં, તેણે જણાવ્યું હતું કે એકવાર એક નિર્માતાએ તેને સ્ક્રિપ્ટ સંભળાવી અને તે ફિલ્મ કરવા માટે સંમત થઈ ગઈ, પરંતુ બાદમાં ઓછી ફીને કારણે બીજી અભિનેત્રીની પસંદગી કરવામાં આવી. આવી ઘટનાઓએ તેની કારકિર્દીને અસર કરી હતી.

દાઉદ સાથે તેનું નામ જોડાતા હોબાળો મચી ગયો હતો

મંદાકિનીના જીવનનો સૌથી મોટો વિવાદ ૧૯૯૪માં શરૂ થયો હતો જ્યારે દુબઈના શારજાહ સ્ટેડિયમમાં તેની અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમની ક્રિકેટ મેચ જોતી તસવીરો વાયરલ થઈ હતી. આ તસવીરોએ બોલિવૂડમાં હલચલ મચાવી દીધી હતી. મીડિયામાં અફવા ફેલાઈ હતી કે મંદાકિની અને દાઉદ વચ્ચે પ્રેમ સંબંધ હતો. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે દાઉદે મંદાકિનીને ઘણી ફિલ્મોમાં કામ અપાવવામાં મદદ કરી હતી.

જોકે, મંદાકિનીએ હંમેશાં આ અફવાઓનું ખંડન કર્યું હતું. દાઉદ સાથે નામ જોડાતા તેની કારકિર્દી પર અસર પડી હતી. ફિલ્મ નિર્માતાઓ તેને કાસ્ટ કરવામાં ખચકાટ અનુભવતા હતા અને ધીમે ધીમે તેની કારકિર્દી ખતમ થવા લાગી. ૧૯૯૬માં તેની છેલ્લી ફિલ્મ 'જોરદાર' રિલીઝ થઈ હતી, ત્યારબાદ તેણે બોલિવૂડને અલવિદા કહ્યું.

૧૯૯૦માં મંદાકિનીએ ભૂતપૂર્વ બૌદ્ધ સાધુ કાગ્યુર ટી. રિનપોચે ઠાકુર સાથે લગ્ન કર્યા. લગ્ન પછી મંદાકિનીએ ફિલ્મી દુનિયાથી દૂરી બનાવી લીધી અને સામાન્ય જીવન જીવવાનું શરૂ કર્યું. તેમને બે બાળકો છે, પુત્ર રબ્બિલ ઠાકુર અને પુત્રી ઇનાયા. મંદાકિનીએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો છે અને તે દલાઈ લામાના અનુયાયી છે. હાલ મંદાકિની અને તેમના પતિ મુંબઈમાં એક તિબેટિયન યોગ કેન્દ્ર ચલાવે છે, જ્યાં તેઓ યોગ અને ધ્યાન શીખવે છે. ૨૬ વર્ષ પછી ૨૦૨૨માં મંદાકિનીએ તેના દીકરા રબ્બીલ સાથે 'માં ઓ માં' મ્યુઝિક વીડિયો દ્વારા પુનરાગમન કર્યું હતું. ■




# આતંકવાદ ક્યારેય ભગવો નહોતો, ક્યારેય રહેશે નહીં: મુખ્ય પ્રધાન

## કોંગ્રેસે કહ્યું કે તેમને (મુખ્ય પ્રધાનને) કોઈ અફસોસ નથી: શિંદેએ કહ્યું કે ચુકાદાથી હિન્દુ સમુદાય પર લાગેલું કલંક ભૂંસાયું

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને આવકારતા કહ્યું કે 'આતંકવાદ ક્યારેય ભગવો નહોતો અને ક્યારેય રહેશે નહીં,' જ્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે આ ચુકાદાથી હિન્દુ સમુદાય પર લાગેલું કલંક ભૂંસાઈ ગયું છે.

એકનાથ શિંદેએ એવો પણ દાવો કર્યો કે હિન્દુઓ ક્યારેય રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકતા નથી, અને 'હિંદુ આતંકવાદ જેવો વાહિયાત શબ્દ' બનાવવા બદલ કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી.

વિપક્ષ કોંગ્રેસે ફડણવીસ પર પ્રહાર કરતા કહ્યું કે મુખ્ય પ્રધાનને વિસ્ફોટમાં મૃત્યુ પામેલા નિર્દોષ લોકોના મોત પર 'કોઈ અફસોસ' નથી, અને કોર્ટના ચુકાદા પર તેમની પ્રતિક્રિયા તેમની 'રાજકીય માનસિકતા' દર્શાવે છે. તેમણે એ પણ જાણવાની માગણી કરી હતી કે શું સરકાર કોર્ટના નિર્ણયને હાઈ કોર્ટમાં પડકારશે, જે રીતે ૭/૧૧ બ્લાસ્ટ કેસના આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા પછી કરવામાં આવ્યું હતું.

ચુકાદા પર પ્રતિક્રિયા આપતા, મુખ્યમંત્રી ફડણવીસે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું હતું કે, 'આતંકવાદ ક્યારેય ભગવો નહોતો, નથી અને ક્યારેય રહેશે નહીં.' આ કેસમાં કોર્ટના નિર્ણય બાદ, રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તત્કાલીન કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારની ટીકા કરતાં કહ્યું છે કે, 'કોંગ્રેસે સમગ્ર હિન્દુ સમુદાયની માફી માગવી જોઈએ.'

'કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારે ચૂંટણીમાં લઘુમતીઓના તુષ્ટિકરણ માટે હિન્દુ આતંકવાદ, ભગવા આતંકવાદનો નેરેટિવ સેટ કરવાનો પ્રયાસ કર્યો હતો, તેણે એવો પ્રચાર કર્યો હતો કે હિન્દુ આતંકવાદ, ભગવો આતંકવાદ છે, તે પ્રચાર કેટલો ખોટો હતો તે આજે સ્પષ્ટ થયું છે. કોંગ્રેસે જે રીતે કાવતરું રચીને ભગવો આતંકવાદ દાખવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કોર્ટે પુરાવા સાથે સિદ્ધ કર્યું છે કે તે પ્રયાસ કેટલો ખોટો હતો,' એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

'હકીકતમાં, કોંગ્રેસે માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસમાં યુપીએ સરકારે જેમની સામે કાર્યવાહી કરી હતી તેમની માફી માગવી જોઈએ. ઉપરાંત, કોંગ્રેસે સમગ્ર હિન્દુ સમુદાયની માફી માગવી જોઈએ. જે રીતે તેમણે ભગવો આતંકવાદ બતાવવાનો પ્રયાસ કર્યો અને સમગ્ર હિન્દુ સમુદાયને આતંકવાદી તરીકે દર્શાવ્યા. તેથી, કોંગ્રેસે જાહેરમાં માફી માગવી જોઈએ,' એમ દેવેન્દ્ર ફડણવીસે મીડિયા સાથે વાત કરતા કહ્યું છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ આ ચુકાદા પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. ■

## ત્યારે અસ્તિત્વમાં આવ્યો 'ભગવો આતંકવાદ' શબ્દ

માલેગાંવ: ૨૦૦૮ના માલેગાંવ બોમ્બ વિસ્ફોટ પછી જ દેશમાં 'ભગવો આતંકવાદ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો હતો. રાજ્યની એન્ટી ટેરર સ્ક્વોડ (આતંકવાદ વિરોધી ટુકડી)ના વડા હેમંત કરકરેએ ઘટના સ્થળેથી મળી આવેલા સ્કૂટરના આધારે આ કેસ ઉકેલ્યો હતો અને કહેવાતા 'અભિનવ ભારત' સંગઠનની સંડોવણી હોવાનું જાહેર કર્યું હતું. સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરનું સ્કૂટર મળી આવતાં સાંધો સુરત પહોંચ્યો હતો. એ સમયે પ્રજ્ઞાસિંહને કાર્યવાહી માટે એન્ટી ટેરરિઝમ ડિપાર્ટમેન્ટમાં લાવવામાં આવ્યા હતા. કરકરેએ જ તેમની પૂછપરછ કરી હતી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે સંકળાયેલા કાર્યકર્તાઓની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ જ સમયગાળા દરમિયાન વાશી અને પનવેલમાં થયેલા બોમ્બ વિસ્ફોટોમાં સનાતન સંસ્થાની સંડોવણી પણ કરકરેએ શોધી કાઢી હતી. ત્યારે તેમણે રાજ્ય સરકારને સનાતન સંસ્થા પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી. ભાજપના નેતૃત્વ હેઠળના અન્ય હિન્દુ સંગઠનોએ એ સમયે કરકરેની તીવ્ર ટીકા કરી હતી. તત્કાલીન ગુજરાતના મુખ્ય પ્રધાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મહારાષ્ટ્ર એટીએસની કાર્યવાહીની ટીકા કરી હતી. તે સમયે એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કરકરે લઘુમતી સમુદાયને રાજી રાખનારી તત્કાલીન કોંગ્રેસના નેતૃત્વવાળી સરકાર માટે કામ કરી રહ્યા છે. અલબત્ત પોતે કરેલી કાર્યવાહી વાજબી હોવાનું સમર્થન તેમણે કર્યું હતું. ત્યાર બાદ હિન્દુ આતંકવાદ અથવા ભગવો આતંકવાદ શબ્દ પ્રયોગ પ્રચલિત થયો. ■

## સત્ય ક્યારેય હારતું નથી: એકનાથ શિંદે

એક્સ પર જ એક પોસ્ટમાં, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, 'સત્ય ક્યારેય હારતું નથી. સત્તર વર્ષની લાંબી લડાઈ પછી, એક વિશેષ અદાલતે માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસમાં સાત કથિત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. એ સાચું છે કે ન્યાયમાં વિલંબ થયો હતો, પરંતુ ફરી એકવાર સાબિત થયું છે કે સત્ય ક્યારેય હારતું નથી.'

તેમણે કહ્યું કે શિવસેનાએ માલેગાંવ વિસ્ફોટ કેસમાં ખોટા આરોપો લગાવીને જેલમાં ધકેલી દેવાયેલા દેશભક્તોને કાયમ સ્પષ્ટપણે ટેકો આપ્યો હતો.

'આનું કારણ એ છે કે શિવસેનાને ક્યારેય શંકા નહોતી કે તેમનો હેતુ ન્યાયી હતો. કર્નલ પુરોહિત, સાધ્વી પ્રજ્ઞા અને અન્ય સાત વ્યક્તિઓને આ આરોપોને કારણે ભારે માનસિક અને શારીરિક યાતના સહન કરવી પડી હતી. હિન્દુ સમુદાય આ અન્યાય ક્યારેય ભૂલશે નહીં,' એમ શિંદેએ કહ્યું હતું.

હિન્દુઓ ક્યારેય રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકતા નથી, કારણ કે હિન્દુ ધર્મનું પાલન કરનારાઓ માટે દેશભક્તિ એક પવિત્ર ફરજ છે. 'હિન્દુ આતંકવાદ' શબ્દ ષડયંત્રકારી કોંગ્રેસના નેતાઓ દ્વારા ઘડી કાઢવામાં આવ્યો હતો. આવા સ્પષ્ટ જુઠ્ઠાણા માટે હવે તેમની પાસે શું જવાબ છે? એમ તેમણે પૂછ્યું હતું.

'આજે એક કાળું પ્રકરણ સમાપ્ત થયું છે. હિન્દુ સમુદાય પરનું કલંક ભૂંસાઈ ગયું છે. 'ગર્વથી કહો, અમે હિન્દુ છીએ' સૂત્ર હવે દેશભરમાં સો ગણા વધુ જોરથી ગુંજી ઉઠશે, તેમાં કોઈ શંકા નથી,' એમ એકનાથ શિંદેએ કહ્યું હતું. ■

## 'આ અન્યાય છે: પીડિતના સંબંધી

મુંબઈ: 'આ ચુકાદો સાંભળીને અમને દુ:ખ થયું છે. અમે આ ચુકાદાને મુંબઈ હાઈ કોર્ટમાં પડકારીશું,' એમ માલેગાંવના પીડિતોના સંબંધી અને પ્રત્યક્ષદર્શી ડો. અંસારી અખલાક અહેમદે કોર્ટમાંથી બહાર આવ્યા બાદ જણાવ્યું હતું. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ માલેગાંવમાં એક મસ્જિદ પાસે મોટરસાઇકલમાં રાખેલો બોમ્બ વિસ્ફોટ થયો. તે સમયે, હું એક કિલોમીટર દૂર હતો અને બોમ્બ વિસ્ફોટ વિશે સાંભળતાં જ હું તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો. બોમ્બ વિસ્ફોટથી બાળકો સહિત સામાન્ય નાગરિકો ડરી ગયા હતા. બોમ્બ વિસ્ફોટ રમઝાન મહિનામાં થયો હતો. મેં આ ભયાનકતા મારી આંખોથી જોઈ છે. આ બોમ્બ વિસ્ફોટમાં મારા ઘણા સંબંધીઓ ઘાયલ થયા હતા.

હવે માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસના આરોપીઓને પુરાવાના અભાવે છોડી મૂકવામાં આવ્યા છે. આ અમારી સાથે અન્યાય થયો છે, આ ચુકાદો સાંભળીને મને ખૂબ જ દુ:ખ થયું છે અને અમે આ ચુકાદાને હાઇ કોર્ટમાં પડકારીશું ડો. અંસારીએ કહ્યું હતું. ■

## ગુનેગારોને પકડવાની જવાબદારી સરકારની છે: પૃથ્વીરાજ ચવ્હાણ

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણે ગુરુવારે કહ્યું હતું કે માલેગાંવ બ્લાસ્ટ કેસમાં પુરાવા રજૂ કરવાની જવાબદારી કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય તપાસ એજન્સીની છે.

મુંબઈની એક ખાસ અદાલતે આ કેસમાં તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા બાદ બોલતાં તેમણે નોંધ્યું હતું કે તેમની સામે 'કોઈ વિશ્વસનીય અને મજબૂત પુરાવા' નહોતા. 'મહારાષ્ટ્ર એટીએસ (એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ)એ બ્લાસ્ટ કેસની તપાસ કરી અને ચાર્જશીટ દાખલ કરી. ૨૦૧૧માં, એનઆઈએએ કેસ પોતાના હાથમાં લીધો અને ૨૦૧૪માં (રાજ્ય અને કેન્દ્રમાં) સરકાર બદલાઈ ગઈ. જો આ આરોપીઓ ગુનેગાર ન હોત તો ૨૦૧૪થી ૨૦૨૫ સુધી સરકારે કેમ તપાસ ન કરી, પરંતુ કેસ ચાલુ રાખ્યો. જો તે બનાવટી કેસ હોત, તો તેને છોડીને ફરીથી તપાસ કરી શકાઈ હોત,' એમ ચવ્હાણે જણાવ્યું હતું. ■

## લોકો નમાઝ પછી પરત ફરી રહ્યા હતા અને...

૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ, રમઝાન મહિનામાં માલેગાંવના ભીક્કુ ચોકમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. જેમાં છ લોકો માર્યા ગયા હતા અને ૧૦૧ લોકો ઘાયલ થયા હતા. દરમિયાન, એક પ્રત્યક્ષદર્શીએ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ ભીક્કુ ચોકમાં શું બન્યું તેની માહિતી આપી છે. પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે, ૯.૩૫ ના બોમ્બ વિસ્ફોટ થયો હતો. તે દિવસે રોજા ૨૮મો હતો. લોકો નમાઝ પઢીને આવ્યા હતા, તેથી ભીડ વધારે હતી. વિસ્ફોટમાં અમારી દુકાનને નુકસાન થયું હતું. મારા ભાઈ અને દુકાનના કર્મચારી ઘાયલ થયા હતા. ■

## હિન્દુઓને લાંબા સમયથી બદનામ કરવાના કાવતરાનો ખુલાસો: બાવનકુળે

રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ જણાવ્યું હતું કે માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસમાં વિશેષ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) કોર્ટનો ચુકાદો ફક્ત ન્યાયિક નિર્ણય નહોતો, પરંતુ બદનામ કરવાના લાંબા સમયથી ચાલતા રાજકીય કાવતરાનો ખુલાસો હતો.

કોર્ટે સ્પષ્ટપણે નોંધ્યું હતું કે કોઈપણ આરોપો પાછળ કોઈ નક્કર પુરાવા નથી. પરંતુ વધુ ગંભીર બાબત એ છે કે કોંગ્રેસે જાણી જોઈને તેના પ્રચારમાં 'હિન્દુ આતંકવાદ' શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેમાં વિશ્વભરમાં હિન્દુ સમુદાય અને તેના વિશ્વાસને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું. કોંગ્રેસે હિન્દુ ધર્મને આતંકવાદીઓની હરોળમાં મૂકવાનો પ્રયાસ કરીને એક અક્ષમ્ય ગુનો કર્યો છે, જે સદીઓથી માનવતા અને સહિષ્ણુતાનું પ્રતીક રહ્યું છે.

આજે, કોર્ટે સત્યને સમર્થન આપ્યું છે, અને હવે કોંગ્રેસે હિન્દુ સમુદાયની માફી માંગવી જોઈએ, એવી માગણી બાવનકુલેએ કરી હતી.

'એક હિન્દુ ક્યારેય આતંકવાદી બન્યો નથી અને ક્યારેય બનશે નહીં. આજના કોર્ટના નિર્ણયથી હિન્દુઓને બદનામ કરનારાઓને જોરદાર થપ્પડ લાગી છે,' એમ તેમણે કહ્યું હતું. ■

## ધર્મ અને આતંકવાદનો કોઈ સંબંધ નથી: ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ

મુંબઈ: માલેગાંવ બોમ્બ બ્લાસ્ટ કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) કાયદા હેઠળ રચાયેલી ખાસ અદાલત દ્વારા સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર, લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત સાત આરોપીઓને પુરાવાના અભાવે મુક્ત કરવામાં આવ્યા તેના પર બોલતાં રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખે મુંબઈની સેશન્સ કોર્ટમાં કહ્યું હતું કે, 'ધર્મ અને આતંકવાદ વચ્ચે કોઈ સંબંધ નથી.'

માલેગાંવ વિસ્ફોટ પછી, દેશમાં 'ભગવા આતંકવાદ' શબ્દની ચર્ચા થઈ હતી. આ મુદ્દે શાસક અને વિપક્ષી પક્ષો વચ્ચે લડાઈ થઈ હતી. જોકે, ભગવા અને આતંકવાદનો કોઈ સંબંધ નથી. ધર્મ અને આતંકવાદનો એકબીજા સાથે કોઈ સંબંધ નથી. આતંકવાદ એ આતંકવાદ છે, એમ અનિલ દેશમુખે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો.

ઉપરાંત, માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસમાં વાસ્તવિક આરોપી કોણ છે? એવા પત્રકારોના સવાલ અંગે અનિલ દેશમુખે કહ્યું કે આ કેસની વધુ તપાસ દ્વારા વાસ્તવિક આરોપી બહાર આવશે.

માલેગાંવના પીડિતોના પ્રત્યક્ષદર્શી અને સંબંધી ડો. અંસારી અખલાક અહેમદે કોર્ટમાંથી બહાર આવ્યા બાદ કહ્યું હતું કે તેઓ આ ચુકાદાને મુંબઈ હાઈકોર્ટમાં પડકારશે. ■

## કોંગ્રેસને ફટકાર, ભગવા આતંકવાદના નિવેદન બદલ માફી માગવી જોઈએ: શ્રીકાંત શિંદે

મુંબઈ: શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ ગુરુવારે કહ્યું કે ૨૦૦૮ના માલેગાંવ વિસ્ફોટ કેસના આરોપીઓને નિર્દોષ જાહેર કરવા એ કોંગ્રેસના મોઢા પર તમાચો છે, અને તેમણે કોંગ્રેસ પાર્ટી પાસેથી તેના 'ભગવા આતંકવાદ'ના નિવેદન બદલ માફીની માગણી કરી.

તેમણે શિવસેના (યુબીટી) પર કોંગ્રેસ સાથે જોડાણ કરવા અને હિન્દુત્વના સિદ્ધાંતો અને બાળ ઠાકરેના આદર્શોને 'ત્યજી દેવા' બદલ પણ પ્રહારો કર્યા હતા.

'પ્રજ્ઞા સિંહ ઠાકુર, કર્નલ પુરોહિત અને અન્યો સામે ખોટો કેસ નોંધવામાં આવ્યો હતો. આવું કેમ થયું? આ એટલા માટે હતું કારણ કે ભારતે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ જોયો હતો. આને છુપાવવા માટે, કોંગ્રેસ દ્વારા ભગવા આતંકવાદની વાર્તા શરૂ કરવામાં આવી,' એમ શિંદેએ કહ્યું હતું.

'૧૭ વર્ષ પછી, કોર્ટે તેમને (આરોપીઓને) નિર્દોષ જાહેર કર્યા. તે કોંગ્રેસના મોઢા પર થપ્પડ છે અને તેમણે માફી માગવી જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

જ્યારે વિસ્ફોટ થયો ત્યારે કોંગ્રેસ સત્તામાં હતી અને હવે શિવસેના (ઉબાઠા) તેની સાથે જોડાણ કરી ચૂકી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બળવો કર્યો કારણ કે અવિભાજિત ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાએ બાલ ઠાકરેના આદર્શોનો ત્યાગ કર્યો અને હિન્દુત્વને ''ભૂલી'' ગયા, થાણેના કલ્યાણ મતવિસ્તારના લોકસભા સભ્યએ જણાવ્યું.

'આજે પણ, ગઠબંધનને કારણે સેના (યુબીટી) કોંગ્રેસ વિરુદ્ધ બોલી શકતી નથી. કોંગ્રેસની જેમ સેના (યુબીટી)એ પણ માફી માગવી જોઈએ,' એમ શિંદેએ કહ્યું હતું. ■

# 'આપલી ચિકિત્સા યોજના' પહેલી ઑગસ્ટથી ફરી મુંબઈગરાની સેવામાં

## નજીવા દરે કરવામાં આવશે બ્લડ ટેસ્ટ: રિપોર્ટ વૉટ્સ ઍપ પર મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા અનેક મહિનાથી બંધ થઈ ગયેલી 'આપલી ચિકિત્સા યોજના' પહેલી ઑગસ્ટથી મુંબઈગરાની સેવામાં ફરી શરૂ થઈ રહી છે. આ યોજના હેઠળ જુદા જુદા બ્લડ ટેસ્ટ નજીવા દરે ઉપલબ્ધ કરી આપવામાં આવતા હતા. શુક્રવારથી મુંબઈ મહાનગરપાલિકાના ૧૦૦ આરોગ્ય સંસ્થામાં આ યોજના ફરી ચાલુ થવાની છે. તેમ જ ૧૫ ઑગસ્ટ સુધીમાં પાલિકાના તમામ દવાખાનામાં આ સેવા ચાલુ કરવાનો પાલિકાએ લક્ષ્યાંક રાખ્યો છે.

'આપલી ચિકિત્સા યોજના' અંતર્ગત મુંબઈના નાગરિકોને પાલિકાના આરોગ્ય સંસ્થામાં આઉટસોર્સિંગ દ્વારા જુદા જુદા બ્લડ ટેસ્ટ રાહતના દરે ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા હતા. પાલિકાની હૉસ્પિટલમાં ચાલી રહેલી આ યોજના અમુક મહિના પહેલા બંધ કરવામાં આવી હતી. તેથી દર્દીઓને હેરાનગતીનો સામનો કરવો પડી રહ્યો હતો. જોકે પાલિકાએ પહેલી ઑગસ્ટથી આ યોજના ફરી ચાલુ કરવાનો નિર્ણય લીધો છે.

પાલિકાએ આ સેવા માટે જૂન ૨૦૨૫માં ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકી હતી. તે મુજબ 'લાઈફનિટી હેલ્થ' આ સંસ્થાની સર્વિસ પ્રોવાઈડર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આપલી ચિકિત્સા યોજના' અંતર્ગત રાજ્ય સરકારની આરોગ્ય સંસ્થામાં ઉપલબ્ધ રહેલા નિષ્ણાતોની સમિતિની ભલામણ મુજબ ૬૬ મૂળભૂત તપાસ અને ૧૭ એડવાન્સ એમ કુલ ૮૩ ટેસ્ટ કરવામાં આવશે. ૧૫ ઑગસ્ટ સુધી પાલિકાના તમામ દવાખાનામાં પણ આ સેવા ચાલુ કરવામાં આવશે. ■

# રસ્તા પરના બેવારસ વાહનો સામે સુધરાઈ એક્શન મોડમાં

## નાગરિકો ફોન કરીને અથવા વેબસાઈટ પર ફરિયાદ કરી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રસ્તા પર ગમે ત્યાં વાહનો પાર્ક કરીને ટ્રાફિકમાં અડચણરૂપ બનનારા તેમ જ જાહેર સુરક્ષા માટે જોખમી કહેવાતા બેવારસ વાહનો સામે મુંબઈ મહાનગરપાલિકા ફરી એક વખત એક્શન મોડમાં આવી ગઈ છે, જે અંતર્ગત રસ્તા પરના નકામા, ભંગાર તથા બેવારસ વાહનોની ઓળખ મેળવીને નિયમ અનુસાર તેનો નિકાલ કવા માટે પાલિકાએ કૉન્ટ્રેક્ટર નીમ્યો છે. મુંબઈગરા તેમના વિસ્તારમાં રસ્તા પર લાંબા સમયથી પડી રહેલા વાહનોની ફરિયાદ પાલિકાની વેબસાઈટ પર અથવા તેમના દ્વારા જાહેર કરવામાં આવેલા ફોન નંબર પર કરી શકે છે. પાલિકાએ નાગરિકોને નધિયાણતા વાહનોની ફરિયાદ કરવાની અપીલ કરી છે. તે માટે પાલિકાની વેબસાઈટ https://www.mcgm.gov.in પર અને ૧૯૧૬ નંબર પર ફોન કરીને ફરિયાદ કરી શકાશે અથવા કૉન્ટ્રેક્ટરના નંબર પર ફરિયાદ કરી શકાશે. દક્ષિણ મુંબઈ માટે મેસર્સ આઈફસો ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડને નીમવામાં આવી છે અને ૭૫૦૫૧૨૩૪૫૬ નંબર પર ફરિયાદ કરી શકાશે. પૂર્વ ઉપનગર માટે મેસર્સ રઝા સ્ટીલને ૯૮૧૯૫૪૩૦૯૨ અને પશ્ચિમ ઉપનગર માટે પ્રદીપ ટ્રેડિંગ કંપનીને ૮૮૨૮૮૯૬૯૦૩ નંબર પર ફરિયાદ કરી શકાશે, જેમાં વાહનોના ફોટા અને ગુગલ લોકેશન સહિતની માહિતી મોકલી ફરિયાદ નોંધાવી શકાશે. પાલિકા દ્વારા નીમવામાં આવેલા કૉન્ટ્રેક્ટરો દ્વારા નિયમ હેઠળ નિયમિત કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં બેવારસ વાહનોને નોટિસ ફટકારવામાં આવે છે.

વાહનો માલિકોને નોટિસ ફટાકરીને ૭૨ કલાકની અંદર સાર્વજનિક રસ્તા પરથી વાહનો હટાવ્યા નહીં તો તે વાહનોને ટોઈંગ કરીને કૉન્ટ્રેક્ટરના યાર્ડમાં લઈ જવામાં આવે છે. તેમ જ ૩૦ દિવસ બાદ આ વાહનોનો નિકાલ કરવામાં આવે છે અને તે વાહનો માટે કોઈ પણ પ્રકારનો દાવો કરી શકાતો નથી. તેથી ટોઈંગ કરીને યાર્ડમાં જમા કરેલા વાહનો જોઈતા હોય તો વાહનમાલિકોને ૩૦ દિવસની અંદર દંડની રકમ ભરીને વાહનો લઈ જવાની અપીલ કરવામાં આવી છે. ■

# આઠ આદિવાસી બહુલ જિલ્લાઓમાં સુધારિત અનામત ધોરણો લાગુ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે આઠ આદિવાસી બહુલ જિલ્લાઓ, એટલે કે નાશિક, ધુળે, નંદુરબાર, પાલઘર, યવતમાળ, રાયગઢ, ચંદ્રપુર અને ગઢચિરોલીમાં ગ્રુપ સી અને ગ્રુપ ડી પોસ્ટ્સ માટે સુધારિત અનામત ધોરણો અને પોઈન્ટ-આધારિત રોસ્ટર પદ્ધતિ લાગુ કરી છે, એમ રાજ્યના મહેસૂલ ખાતાના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે જણાવ્યું હતું.

બાવનકુળેની આગેવાની હેઠળની કેબિનેટ સબ-કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણોને અનુસરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના સામાન્ય વહીવટ ખાતાના જણાવ્યા મુજબ, આ પ્રદેશોમાં વિવિધ સામાજિક શ્રેણીઓની હાલની અનામત ટકાવારી અને વસ્તી રચનાનું મૂલ્યાંકન કર્યા પછી સુધારિત રોસ્ટરને ઔપચારિક બનાવવામાં આવ્યા છે. આ અનામતમાં અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી), વિમુક્ત જાતિ (વીજે-એ), વિચરતી જનજાતિ (એનટી-બી, એનટી-સી, એનટી-ડી), ખાસ પછાત વર્ગ (એસબીસી), અન્ય પછાત વર્ગ (ઓબીસી), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી), અને આર્થિક રીતે નબળા વર્ગ (ઈડબ્લ્યુએસ) માટેના ક્વોટાનો સમાવેશ કરીને રચના કરવામાં આવી છે.

એસઈબીસી અધિનિયમ ૨૦૨૪ હેઠળ રાજ્ય સરકારે સરકારી સેવાઓમાં સીધી ભરતી અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોને ૧૦ ટકા અનામત ફાળવી છે. ■

# કમલા મિલમાં ગેરકાયદે બાંધકામ પર હથોડો:

## બે હૉટલ પર જપ્તીની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોઅર પરેલમાં આવેલી કમલા મિલ પરિસરમાં ગુરુવાર, ૩૧ જુલાઈ, ૨૦૨૫ના ગેરકાયદે ઊભી કરવામાં આવેલી સુરક્ષા દીવાલ, શેડ તથા બે હોટલ સામે પાલિકાના જી-દક્ષિણ વોર્ડ, ફાયરબ્રિગેડ, બિલ્ડિંગ એન્ડ ફેકટરી, હેલ્થ તથા અતિક્રમણ નિર્મૂલન વિભાગ દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ કમલા મિલ પરિસરમાં રહેલા થિઓબ્રોમા રેસ્ટોરાં, શિવસાગર હૉટલ, નૅનોજ કૅફે, બિરા ટૅપ્રુમ, ફૂડ બાય દેવિકા આ દુકાનોની તપાસ કરવામાં આવી હતી. દરમ્યાન લાઈસન્સનું ઉલ્લંઘન કરવાના પ્રકરણમાં બિરા ટૅપ્રુમ અને ફૂડ બાય દેવિકા આ દુકાન સામે સાર્વજનિક આરોગ્ય વિભાગ દ્વારા જપ્તીની કાર્યવાહી કરવામાં આવી હતી. તો બીકેટી હાઉસ સામે પાર્કિંગ માટે ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલી સુરક્ષા દીવાલ સહિત બિરા ટૅપ્રુમ અને ફૂડ બાય દેવિકાએ ખુલ્લી જગ્યામાં ઊભા કરેલા શેડ અને સુરક્ષા દીવાલને તોડી પાડવામાં આવી હતી. ■

# ગણેશોત્સવ મંડળો પાસેથી હવે ૨,000નો જ દંડ વસૂલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવ દરમ્યાન મંડપ માટે ખાડાઓ ખોદવા માટે ગણેશોત્સવ મંડળો રક પ્રતિ ખાડા માટે લાદવામાં આવેલા ૧૫,૦૦૦ રૂપિયાના દંડ વધારાને પાછો ખેંચવાની જાહેરાત કરવામાં આવી છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી સાથે ચર્ચા બાદ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર એકનાથ શિંદેએ નિર્દેશ આપ્યો હતો કે પ્રતિ ખાડા દંડની રકમ મૂળ ૨,૦૦૦ રૂપિયા જ રહેશે. દંડની રકમમાં ઘટાડો કરવાની જાહેરાત બાદ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ડેપ્યુટી ચીફ મિનિસ્ટર એકનાથ શિંદેએ સોશિયલ મિડિયા પર દંડની રકમમાં ઘટાડો બાબતે પોસ્ટ કરતા કહ્યું હતું કે કમિશનર સાથે ચર્ચા બાદ દંડ વધારવો ન જોઈએ એવો નિર્દેશ આપ્યો હતો. શિંદેએ મંડળોને પણ પણ કૉંક્રીટના રસ્તા પર ખોદવાનું ટાળવા અને માળખાગત નુકસાન ઓછું કરવા માટે મંડપ બનાવવા માટે આધુનિક પદ્ધતિને અમલમાં મૂકવાની સૂચના આપી હતી. રાજ્યના કેબિનેટ પ્રધાનના હસ્તક્ષેપ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કહેવાય છે. તેમણે બુધવારે સાર્વજનિક મંડળો સાથે બેઠક કર્યા બાદ દંડ ઘટાડવામાં આવશે અને આ મુદ્દો પાલિકા કમિશનર સમક્ષ ઉઠાવવાનું વચન પણ આપ્યું હતું. ■

# જુલાઈ મહિનામાં સરેરાશ ઓછો વરસાદ

## છેલ્લા એક દાયકાનો સૌથી સુકો મહિનો

મુંબઈ: સામાન્ય રીતે ચોમાસાના ચાર મહિનામાં સૌથી વધુ વરસાદ જુલાઈમાં પડતો હોય છે પણ આ વર્ષનો જુલાઈ મહિનો લગભગ છેલ્લા એક દાયકાનો સૌથી સૂકો રહ્યો છે. જુલાઈ મહિનામાં પડેલો વરસાદ તેનો માસિક સરેરાશના આંકડાને પણ ગાંઠી શક્યો નથી.

હવામાન વિભાગે આપેલા આંકડા મુજબ પહેલી જુલાઈથી ૩૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં સાંતાક્રુઝમાં માત્ર ૭૯૮ મિ.મી. વરસાદ પડયો છે, જે જુલાઈના સરેરાશ ૯૧૯.૯ મિ.મી.થી ઓછો છે. આ અગાઉ ૨૦૧૫ની સાલનો જુલાઈ માત્ર ૩૫૯.૧ મિ.મી. જેટલા વરસાદ સાથે સૌથી સૂકો રહ્યો હતો. કોલાબામાં ચાલુ વર્ષે જુલાઈમાં ૩૮૧ મિ.મી. જેટલો જ વરસાદ નોંધાયો છે, જ્યારે અહીં જુલાઈમાં સરેરાશ ૭૬૮.૫ મિ.મી. પડતો હોય છે. આ અગાઉ ૨૦૧૫ની સાલમાં જુલાઈમાં કોલાબામાં ૨૮૦ મિમી. વરસાદ નોંધાયો હતો. જુલાઈ મહિનામાં ઓછા વરસાદ માટે હવામાન નિષ્ણાતો નિષ્ક્રિય ચોમાસાના તબક્કાને ગણાવે છે, જ્યાં સક્રિય સિસ્ટમનો અભાવ અને મજબૂત ચોમાસાના પ્રવાહની ગેરહાજરીમાં ઓછો વરસાદ રહ્યો હતો. ■

# મેઘરાજાએ હેરાન કર્યા, બ્રિટિશરોએ કાબૂમાં રાખ્યા

## ▶ ઓવલમાં વરસાદની આવ-જા વચ્ચે ભારતીય બૅટ્સમેનોનું પણ આયારામ-ગયારામ



લંડનઃ અહીં ધ ઓવલના ગ્રાઉન્ડ પર ગઈ કાલે પાંચમી અને છેલ્લી ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઇવ) દરમ્યાન પિચ અને આઉટફીલ્ડ વરસાદને કારણે વારંવાર ખરાબ થઈ ગયા હતા અને એ હાલતમાં ભારતીયોએ સમયાંતરે (વરસાદના વારંવારના બ્રેક બાદ) વિકેટ ગુમાવી અને રમતને અંતે સ્થિતિ એ હતી કે એકંદરે બ્રિટિશરોનો હાથ ઉપર રહ્યો હતો. પ્રારંભિક દિવસની રમતના અંતભાગમાં કુલ ૫૩મી ઓવરને અંતે ભારતનો પ્રથમ દાવનો સ્કોર ૬/૧૬૯ હતો. કરુણ નાયર કદાચ કરીઅરની સૌથી આકરી કસોટી આપી રહ્યો છે અને તે ૬૬ બૉલમાં બનાવેલા ૩૨ રને દાવમાં હતો અને વૉશિંગ્ટન સુંદર ચાર રને રમી રહ્યો હતો.

ટીમ ઇન્ડિયાની બૅટિંગ લાઇન-અપ એકાદ-બે બૅટ્સમેનને છોડીને ભરોસાપાત્ર છે, પરંતુ એક પણ હાફ સેન્ચુરી નહોતી જોવા મળી. સાઇ સુદર્શન ૧૦૮ બૉલ રમવા છતાં ૩૮ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. તેને આ પહેલાં સિરીઝમાં જે બે ટેસ્ટમાં રમવા મળ્યું એમાં તેના સ્કોર્સ આ મુજબ હતાઃ ૦, ૩૦, ૬૧, ૦.

મેઘરાજા જાણે ગિલની વિકેટ પાડવા માટે જ અટક્યા હતા કે શું? ભારતે મેઘરાજાના બે વિઘ્ન વચ્ચે સિરીઝના સુપરસ્ટાર શુભમન ગિલ (૨૧ રન, ૩૫ બૉલ, ચાર ફોર)ની વિકેટ પડી હતી. લંચ બાદ રમત થોડી મોડી શરૂ થયા બાદ ગિલ રનઆઉટ થતાં ભારતીય ટીમને ૮૩ રનના કુલ સ્કોર પર ત્રીજી વિકેટના રૂપમાં મોટો ઝટકો લાગ્યો હતો. ગિલ પોતાની જ ઉતાવળને લીધે વિકેટ ગુમાવી બેઠો હતો. ડ્રેસિંગ-રૂમની બહાર બેઠેલો હેડ-કોચ ગૌતમ ગંભીર ખુદ ગંભીર મુદ્રામાં આવી ગયો હતો. ગિલ પરનો ગુસ્સો તેના ચહેરા પર દેખાતો હતો.

દિવસની શરૂઆતમાં પિચ પર થોડું લીલું ઘાસ હતું. જોકે બન્ને ઓપનર યશસ્વી જયસ્વાલ (બે રન) અને કેએલ રાહુલ (૧૪ રન) બ્રિટિશ મિડિયમ પેસ બોલર્સની બોલિંગમાં સસ્તામાં વિકેટ ગુમાવી બેઠા હતા. લૉર્ડ્સમાં અને મૅન્ચેસ્ટરમાં બ્રિટિશરો સામે જબરદસ્ત લડત બતાવનાર રવીન્દ્ર જાડેજા ગુરુવારે ઓવલમાં નવ રન કર્યા બાદ વિકેટકીપરના હાથમાં કૅચઆઉટ થયો હતો, જ્યારે રિષભ પંતના સ્થાને રમી રહેલો વિકેટકીપર ધ્રુવ જુરેલ ૧૯ રન પર વિકેટ ગુમાવી હતી. તે ઍટકિન્સનના બૉલ પર બીજી સ્લિપમાં હૅરી બ્રૂકના હાથમાં કૅચ આપી બેઠો હતો. પહેલી છમાંથી એક વિકેટ (ગિલના) રનઆઉટની હતી, જ્યારે બાકીની પાંચમાંથી બે-બે વિકેટ ઍટકિન્સન અને જૉશ ટન્ગે અને એક વિકેટ ક્રિસ વૉક્સને મળી હતી.

ઈજાગ્રસ્ત રિષભ પંતના સ્થાને ધ્રુવ જુરેલને, બુમરાહના સ્થાને આકાશ દીપને, શાર્દુલની જગ્યાએ કરુણ નાયરને અને અંશુલ કંબોજની જગ્યાએ પ્રસિદ્ધ ક્રિષ્નાને સામેલ કરવામાં આવ્યા છે. બ્રિટિશ ટીમમાં કૅપ્ટન બેન સ્ટોક્સ ખભાની ગેરહાજરીમાં ઑલી પૉપ સુકાન સંભાળી રહ્યો છે. ■

# દિવ્યા દેશમુખે ગ્રૅન્ડમાસ્ટરનું ટાઇટલ સદ્‌ગત ટ્રેઇનરને અર્પણ કર્યું

## ▶ નાગપુરની ટીનેજર ૧૦ વર્ષ પહેલાં વર્લ્ડ યુથ ચેસ ચૅમ્પિયન બની હતી



હોમટાઉન નાગપુરમાં દિવ્યાનું ભવ્ય સ્વાગત થયું હતું.



સદ્‌ગત ટ્રેઇનરના ફોટો સાથે દિવ્યા





દિવ્યા ૨૦૧૪માં નવ વર્ષની ઉંમરે (ડાબે) ચેસમાં યુથ વર્લ્ડ ચૅમ્પિયન બની હતી અને હવે (જમણે) વર્લ્ડ ચૅમ્પિયનનું ટાઇટલ જીતી.

નાગપુરઃ યુરોપના જ્યોર્જિયામાં સૌથી નાની ઉંમરે મહિલા ચેસની વર્લ્ડ ચૅમ્પિયન બનીને ભારત પાછી આવેલી નાગપુરની ૧૯ વર્ષીય દિવ્યા દેશમુખે આ જ વર્લ્ડ કપ સ્પર્ધામાં મેળવેલું ગ્રૅન્ડમાસ્ટર (જીએમ)નું ટાઇટલ સદ્‌ગત ટ્રેઇનર રાહુલ જોશીને અર્પણ કર્યું છે. ૨૦૨૦માં રાહુલ જોશીનું ૪૦ વર્ષની ઉંમરે નિધન થયું હતું. તેઓ દિવ્યાને ગ્રૅન્ડમાસ્ટર બનાવવા માગતા હતા અને હવે તેઓ તો હયાત નથી, પણ દિવ્યાએ વર્લ્ડ કપ જીતીને ગ્રૅન્ડમાસ્ટરનું ટાઇટલ આપોઆપ મેળવીને તેમનું સપનું સાકાર કર્યું છે.

દિવ્યા દેશમુખ ભારતની ૮૮મી અને મહિલાઓમાં ચોથી ગ્રૅન્ડમાસ્ટર બની છે. તેણે સોમવારે ફિડે વર્લ્ડ કપમાં ભારતની ૩૮ વર્ષીય રૅપિડ વર્લ્ડ ચેસ ચૅમ્પિયન કૉનેરુ હમ્પીને ફાઇનલમાં ૧.૫-૦.૫થી હરાવીને વિશ્વવિજેતાપદ મેળવી લીધું હતું. ચેસમાં તે ભારતની પ્રથમ મહિલા વિશ્વવિજેતા છે.

દિવ્યાએ ભારત પાછા આવ્યા બાદ એક મુલાકાતમાં કહ્યું, ‘ મારા ભૂતપૂર્વ ટ્રેઇનર રાહુલ જોશી ઇચ્છતા હતા કે હું જીએમ બનું. હું મારું જીએમ ટાઇટલ તેમને ડેડિકેટ કરું છું.’

દિવ્યા મહિલા ચેસમાં ફિડે વર્લ્ડ કપ જીતનારી વિશ્વની યંગેસ્ટ મહિલા ખેલાડી છે. પુરુષોમાં યંગેસ્ટ વિશ્વ વિજેતાનો તાજ ડિસેમ્બરમાં ભારતના જ ડી. ગુકેશે જીતી લીધો હતો. વિશ્વનાથન આનંદ ૨૦૦૦ની સાલમાં ચેસમાં ભારતનો સૌપ્રથમ વર્લ્ડ ચૅમ્પિયન બન્યો હતો.

દિવ્યા અગાઉ વર્લ્ડ જુનિયર ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ પણ જીતી હતી. તે એશિયન ચૅમ્પિયનશિપમાં પણ વિજેતા થઈ હતી અને નવ વર્ષની ઉંમરે (૧૦ વર્ષ પહેલાં) વર્લ્ડ યુથ ચૅમ્પિયનશિપનું ટાઇટલ જીતી હતી.

મુંબઈ ચેસના જાણીતા કોચ નાગેશ ગુટ્ટુલાએ સોમવારે દિવ્યા યંગેસ્ટ વર્લ્ડ ચૅમ્પિયન બની ત્યારે વર્ષ ૨૦૧૪ની તેની સિદ્ધિની વિગતો સાથેનો તેનો નાનપણનો ફોટો ફેસબુક પર શૅર કર્યો હતો. દિવ્યા ડિસેમ્બર ૨૦૧૪માં વર્લ્ડ યુથ ચેસ ચૅમ્પિયન બની હતી અને તેણે મહારાષ્ટ્રનું તેમ જ ભારતનું નામ રોશન કર્યું હતું. દિવ્યા ત્યારે માંડ સાડાઆઠ વર્ષની હતી. કોચ નાગેશે ત્યારે દિવ્યાને વિશ્વની યંગેસ્ટ ગ્રૅન્ડમાસ્ટર બનવા માટેની શુભેચ્છા આપી હતી. આજે દિવ્યા મહિલા ચેસની યંગેસ્ટ વર્લ્ડ ચૅમ્પિયન છે. ■

# ઓવલમાં ગિલના રેકૉર્ડનો વરસાદ, સોબર્સ-ગાવસકરને પાછળ રાખ્યા

લંડનઃ ઓવલમાં ઇંગ્લૅન્ડ સામેની છેલ્લી ટેસ્ટની શરૂઆત પહેલાં કૅપ્ટન શુભમન ગિલને સર ગૅરી સોબર્સનો રેકૉર્ડ તોડવા ફક્ત ૧ રનની અને સુનીલ ગાવસકરનો વિક્રમ પાર કરવા માટે ૧૧ રનની જરૂર હતી અને ગિલે આ બન્ને લેજન્ડ્સની સિદ્ધિને ઓળંગી લીધી છે. તેણે આ ટેસ્ટમાં મેઘરાજાના વિઘ્નો વચ્ચે વિક્રમોની વર્ષા વરસાવી છે.

ગિલ હવે SENA (સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા)માં કોઈ એક ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ રન બનાવનાર વિદેશી સુકાની બની ગયો છે. તેણે પહેલાં તો સોબર્સનો વિક્રમ પાર કર્યો. સોબર્સે ૧૯૬૬માં ઇંગ્લૅન્ડમાં પાંચ મૅચની ટેસ્ટ શ્રેણીમાં કૅપ્ટન તરીકે ૭૨૨ રન કર્યા હતા. ગિલ વર્તમાન ટેસ્ટ પહેલાં ૭૨૨ રન પર જ હતો અને તેણે પ્રથમ રન કર્યો ત્યારે તેણે સોબર્સનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો હતો. હાલમાં ગિલના નામે વર્તમાન શ્રેણીમાં હાઇએસ્ટ ૭૪૩ રન છે.

સોબર્સની સિદ્ધિ પાર કર્યા પછી ગિલે સુનીલ ગાવસકરનો ભારતીય રેકૉર્ડ પણ તોડી નાખ્યો હતો. ગિલે ૧૧મો રન કર્યો એટલે તે એક ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ રન કરનાર ભારતીય કૅપ્ટન બની ગયો છે. ગાવસકરે ૧૯૭૮-’૭૯માં વેસ્ટ ઇન્ડિઝની વિરુદ્ધ ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં ૭૩૨ રન કર્યા હતા.



શુભમન ગિલે ગઈ કાલે બિનજરૂરી રન દોડ્યા બાદ પાછા આવતી વખતે રનઆઉટમાં વિકેટ ગુમાવી હતી.

### એક ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ રન (ભારતીય સુકાની)

૭૪૩ રન, શુભમન ગિલ, ઇંગ્લૅન્ડ સામે, ૨૦૨૫
૭૩૨ રન, સુનીલ ગાવસકર, વેસ્ટ ઇન્ડિઝ સામે, ૧૯૭૮
૬૫૫ રન, વિરાટ કોહલી, ઇંગ્લૅન્ડ સામે, ૨૦૧૬
૬૧૦ રન, વિરાટ કોહલી, શ્રીલંકા સામે, ૨૦૧૭
૫૯૩ રન, વિરાટ કોહલી, ઇંગ્લૅન્ડ સામે, ૨૦૧૮ ■

# ટીમ ઇન્ડિયા સાથે અમ્પાયર ધર્મસેનાએ બેઇમાની કરી? ક્રિકેટપ્રેમીઓએ લગાવ્યો આરોપ



અમ્પાયર કુમાર ધર્મસેના

લંડનઃ ઓવલ ટેસ્ટના પ્રથમ દિવસે મેઘરાજાએ તો ભારતીયોને પરેશાન કર્યા જ હતા, ભૂતપૂર્વ શ્રીલંકન ક્રિકેટર અને અમ્પાયર કુમાર ધર્મસેનાના એક સંકેતે ટીમ ઇન્ડિયાને ચોંકાવી દીધી હતી અને યજમાન બ્રિટિશ ટીમની આડકતરી તરફેણ કરી હતી. સાઇ સુદર્શન વિરુદ્ધ લેગ બિફોર વિકેટ (એલબીડબ્લ્યૂ)ની અપીલમાં ધર્મસેનાએ એવો ઇશારો કર્યો કે જે સીધો ઇંગ્લૅન્ડની ટીમને ફાયદો કરાવનારો હતો.


એક તો સિરીઝમાં બ્રિટિશ ખેલાડીઓએ ભારતીય ખેલાડીઓની કારણ વગર પજવણી કરી છે અને શ્રેણીમાં ભારત ૧-૨થી પાછળ રહેવાની સાથે હવે વર્તમાન ટેસ્ટ જીતીને સિરીઝ ૨-૨ની બરાબરીમાં લાવવા ઝઝૂમી રહી છે ત્યાં ધર્મસેનાનો આવો એક સંકેત મોટો વિવાદ ઊભો કરી શકે એવો છે. સોશિયલ મીડિયામાં ધર્મસેના પર આરોપ છે કે તેમણે નિયમને ચાતરીને ઑલી પૉપની ટીમની મદદ કરી.

વાત એવી છે કે ગુરુવારના પ્રથમ દિવસના પહેલા સત્રમાં જૉશ ટન્ગના એક બૉલમાં સુદર્શન વિરુદ્ધ એલબીડબ્લ્યૂની અપીલ થઈ ત્યારે ધર્મસેનાએ તેને નૉટઆઉટ જાહેર કર્યો હતો. જોકે આ જ ફેંસલો આપતી વખતે તેમણે કંઈક એવું કર્યું જેને સોશિયલ મીડિયામાં ‘ફિક્સિંગ’ સાથે સરખાવવામાં આવી રહ્યું છે.

સુદર્શન સામેની અપીલ વખતે સુદર્શન ટન્ગનો બૉલ રમતી વખતે પડી ગયો હતો. ઇંગ્લૅન્ડના ખેલાડીઓએ અપીલ કરી ત્યારે ધર્મસેનાએ આંગળીથી એવો સંકેત આપ્યો કે તાબડતોબ બ્રિટિશ ટીમને ફાયદો થયો હતો. ધર્મસેનાએ સુદર્શનને નૉટઆઉટ આપતી વખતે ઇશારો કર્યો કે બૉલ સુદર્શનના પૅડને લાગતાં પહેલાં તેના બૅટને અડ્યો હતો. એ સંકેત જોઈને ઇંગ્લૅન્ડના ખેલાડીઓએ ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (ડીઆરએસ)ની મદદ નહોતી લીધી.

ક્રિકેટપ્રેમીઓનું કહેવું છે કે ધર્મસેનાએ બ્રિટિશ ખેલાડીઓને ઇશારાથી મદદ કરીને ભારતીય ટીમ સાથે ચીટિંગ કરી. ક્રિકેટ ફૅન્સનું એવું પણ કહેવું છે કે ‘ધર્મસેનાએ શા માટે ઇંગ્લૅન્ડના ખેલાડીઓને આડકતરી રીતે બતાવ્યું કે બૅટ પર બૉલ વાગ્યો હતો. ક્રિકેટમાં ડીઆરએસની સુવિધા છે તો ઇંગ્લૅન્ડના ખેલાડીઓ એ લઈ શક્તા હતા. જો ધર્મસેનાએ તેમને બૅટ સાથે બૉલનો સંપર્ક થયો હતો એવું ઇશારાથી ન બતાવ્યું હોત તો બ્રિટિશ ટીમે રિવ્યૂ લીધી હોત અને તેમની એ રિવ્યૂ ખોટી સાબિત થાત જેનાથી મૅચમાં આગળ જતાં ભારતીય ટીમને ફાયદો થયો હોત.’ ■

# મેઘરાજાએ ખમ્મા કર્યાં ત્યાં પક્ષીઓએ આક્રમણ કર્યું




લંડનના ઓવલ મેદાન પર ગઈ કાલે વરસાદના વિઘ્ન બાદ રમત માંડ શરૂ થઈ ત્યાં પક્ષીઓ આવી જતાં ઇંગ્લૅન્ડના ફીલ્ડરો પરેશાન થઈ ગયા હતા. થોડી ક્ષણો માટે રમત અટકી હતી. (એપી/પીટીઆઇ)

# કુલદીપને સિરીઝમાં કેમ નથી રમાડ્યો? બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે બતાવ્યું ખરું કારણ




લંડનઃ લેફ્ટ-આર્મ ચાઇનામૅન બોલર કુલદીપ યાદવને ઇંગ્લૅન્ડ સામે રમાડવાની માગણી અને ભલામણ ટેસ્ટ સિરીઝની શરૂઆત પહેલાંથી જ થતી હતી, પણ સ્થિતિ એ છે કે પાંચેય ટેસ્ટ સહિત આખી શ્રેણીમાં કુલદીપનું ક્યાંય નામોનિશાન નથી. તેને કેમ ન લેવામાં આવ્યો એ વિશેની સમજ ટીમ ઇન્ડિયાના ગુજરાતી બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે આપી છે. ભારત સિરીઝમાં ૧-૨થી પાછળ છે.

ભારતે છેક સુધી સિરીઝને જીવંત તો રાખી છે, પણ ૨-૧થી આગળ રહેનાર ઇંગ્લૅન્ડને હવે છેલ્લી ટેસ્ટમાં હરાવીને શ્રેણીને ૨-૨ની બરાબરીમાં લાવવા માટે ખાસ કરીને બોલર્સની આકરી કસોટી થશે. પેસ બોલર્સને ઈજાની સમસ્યાઓ નડી રહી હોવાથી સ્પિન વિભાગ પર સૌનું ધ્યાન છે. ચોથી ટેસ્ટમાં અણનમ સેન્ચુરી ફટકારીને ભારતને પરાજયથી બચાવનાર રવીન્દ્ર જાડેજા અને વૉશિંગ્ટન સુંદર આ સિરીઝમાં બોલિંગ કરતાં બૅટિંગમાં વધુ ઉપયોગી સાબિત થયા છે એમ છતાં ત્રીજા સ્પિનર તરીકે કુલદીપ યાદવને પ્લેઇંગ-ઇલેવનમાં ન સમાવાયો એની ચર્ચા થઈ રહી છે.

સ્પિનર કુલદીપને કેમ ન રમાડવામાં આવ્યો એ વિશે બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, ‘ ભારતીય ટીમ મૅનેજમેન્ટે હંમેશાં બૅટિંગ અને બોલિંગમાં સમતુલા જાળવવાની કોશિશ કરી છે. હંમેશાં એવી ટીમ પસંદ કરી છે જેમાં ખેલાડીઓ ૫૫૦-૬૦૦ રન કરી શકે અને ૨૦ વિકેટ પણ લઈ શકે. આ નીતિ રાખી હોવાથી બોલિંગ પર વધુ ફૉકસ નથી રાખવામાં આવ્યું. ટીમ ઇન્ડિયાએ પાંચને બદલે છ બોલરને ઇલેવનમાં રાખવાની નીતિ રાખી છે. છઠ્ઠો બોલર જો ઑલરાઉન્ડર હોય તો તે ઓછી બોલિંગ કરીને પણ બૅટિંગમાં પણ ટીમને યોગદાન આપી શકે.’

સિતાંશુ કોટકે એવું પણ કહ્યું હતું કે ‘ એજબૅસ્ટનની બીજી ટેસ્ટમાં ૫૫૦-૬૦૦ રન બનાવવા ઉપરાંત ૨૦ વિકેટ લેવાની સમતુલાને લીધે જ ભારતીય ટીમ એ ટેસ્ટ જીતી શક્યું હતું. બોલિંગ પર જો અમે વધુ ધ્યાન આપીએ અને બૅટિંગ પર ઓછું લક્ષ રાખીએ તો એનો આધાર પિચ અને બીજી સ્થિતિ પર નિર્ભર રહે છે.’ ■

# અભિષેકનું ટી-૨૦ના નંબર-વન બન્યા પછી રૅમ્પ પર કૅટવૉક!



નવી દિલ્હીઃ ફિલ્મ સ્ટાર અને મૉડલ જેવો દેખાતો આપણો યુવાન ક્રિકેટર અભિષેક શર્મા આઈપીએલમાં તો બે વર્ષથી ધૂમ મચાવી જ રહ્યો છે, હવે તે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન થઈ ગયો છે અને બુધવારે તે આ અપ્રતિમ સિદ્ધિ મેળવ્યા બાદ પાટનગર દિલ્હીની એક ઇવેન્ટમાં છવાઈ ગયો હતો. તેણે રૅમ્પ પર કૅટવૉક કર્યું હતું.

દિલ્હીમાં ‘ઇન્ડિયા કૂટ્યર વીક ૨૦૨૫’ નામની ઇવેન્ટમાં પંજાબી પુત્તરે રૅમ્પ પર એન્ટ્રી કરી એ સાથે ચાહકોએ બૂમો પાડીને તેને ચિયર-અપ કર્યો હતો. તેણે ડિઝાઇનર જેજે વાલયા નામના ડિઝાઇનર માટે કૅટવૉક કર્યું હતું.

અભિષેક પરંપરાગત આઉટફિટમાં અન્ય સ્પર્ધકોની સરખામણીમાં ખૂબ અલગ અને આકર્ષક દેખાતો હતો.

૨૪ વર્ષનો અભિષેક શર્મા ભારત વતી ૧૭ ટી-૨૦ મૅચ અને આઈપીએલમાં ૭૭ મૅચ રમી ચૂક્યો છે. તે લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અને સ્પિનર છે.

રૅમ્પ પરના કૅટવૉક દરમ્યાન તે ગોઠણ સુધીના ઑફ-વાઈટ કલરના કુર્તા અને ચૂડીદારમાં સજ્જ હતો. કુર્તા પર પૅસ્ટલ અને અર્ધી ટૉન્સમાં ફ્લૉરલ એમ્બ્રોઈડરી પૅટર્ન હતી. તેણે કુર્તા સાથેનું મૅચિંગમાં બંધ-કોલર ફ્લૉરલ જૅકેટ પણ પહેર્યું હતું જેને લીધે તેના આઉટફિટમાં અને શૉસ્ટોપર લૂકમાં વધુ ટ્રેડિશનલ ઇફેક્ટ જોવા મળી હતી.

અભિષેક શર્માને આઈસીસીએ બુધવારે ટી-૨૦ ઇન્ટરનૅશનલના નવા નંબર-વન બૅટ્સમૅન તરીકે જાહેર કર્યા બાદ ગણતરીના કલાકોમાં જ અભિષેકે રૅમ્પ પર પ્રભાવ પાડ્યો હતો. તેણે ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ પાસેથી આ નંબર વનની રૅન્ક આંચકી લીધી છે. ■

# ભારત-ઇંગ્લૅન્ડ સિરીઝની ઉગ્રતાનો ફાયદો અમને ઍશિઝમાં થશેઃ ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના ચીફ

મેલબર્નઃ ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના વડા ટૉડ ગ્રીનબર્ગનું એવું માનવું છે કે ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની વર્તમાન ટેસ્ટ-સિરીઝમાં જે ઉગ્રતા અને આક્રમકતા જોવા મળી એને કારણે આગામી ઍશિઝ શ્રેણીમાં મૅચની ટિકિટો ધડાધડ વેચાઈ જશે.

ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ઍશિઝ ટેસ્ટ શ્રેણી આગામી નવેમ્બરમાં રમાશે અને ગ્રીનબર્ગને એવી આશા છે કે તાજેતરમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી બોર્ડર-ગાવસકર ટ્રોફી (બીજીટી)માં કુલ જે ૮,૩૭,૮૭૯ ટિકિટો વેચાઈ હતી એ આંકડો આગામી ઍશિઝમાં પાર થઈ જશે.

ગ્રીનબર્ગે ઑસ્ટ્રેલિયાના એક જાણીતા દૈનિકના પત્રકાર સાથેની વાતચીતમાં ભારત-ઇંગ્લૅન્ડ ટેસ્ટ-શ્રેણીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ‘ ઇટ્સ ગ્રેટ ક્રિકેટ. ક્રિકેટપ્રેમી તરીકે મને આ શ્રેણી જોવાની ખૂબ મજા પડી. આ શ્રેણીને કારણે નવેમ્બરમાં અમારી ઍશિઝ સિરીઝમાં વધુ ટિકિટો વેચાશે.’

ઑસ્ટ્રેલિયામાં એક ઍશિઝ સિરીઝ દરમ્યાન સ્ટેડિયમોમાં સૌથી વધુ પ્રેક્ષકોએ મૅચો જોઈ હોય એવા રેકૉર્ડ્સમાં ૧૯૩૬-’૩૭ની ઍશિઝ સિરીઝનું સ્થાન મોખરે છે. સર ડૉન બ્રૅડમૅન ત્યારે અસલ ફૉર્મમાં હતા અને તેમની હાજરીવાળી ઇંગ્લૅન્ડ સામેની એ સિરીઝની મૅચો કુલ ૯,૪૬,૭૫૦ પ્રેક્ષકોએ સ્ટેડિયમમાં બેસીને માણી હતી. ત્યાર પછી ભારત-ઑસ્ટ્રેલિયાની ૨૦૨૪-’૨૫ સિરીઝની ૮,૩૭,૮૭૯ ટિકિટોનો આંકડો બીજા નંબરે છે અને ગ્રીનબર્ગ એ આંકડો નવેમ્બરની ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝમાં પાર થતો જોવા માગે છે.

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની વર્તમાન ટેસ્ટમાં મેદાન પર ઘણી વાર હરીફ ખેલાડીઓ વચ્ચે દલીલો અને તકરાર થઈ હતી. ડ્યૂક્સ બૉલ નરમ પડી જતો હોવાના વિવાદે પણ આખી ક્રિકેટ દુનિયાનું ધ્યાન ઇંગ્લૅન્ડના મેદાનો તરફ દોર્યું હતું. ઑસ્ટ્રેલિયામાં રમાનારી ઇંગ્લૅન્ડ સામેની આગામી ઍશિઝ સિરીઝની તમામ પાંચ ટેસ્ટની પ્રથમ દિવસની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે. આ પાંચ મૅચ પર્થ, બ્રિસ્બેન, ઍડિલેઇડ, મેલબર્ન અને સિડનીમાં રમાશે. ■

# ટૅરિફના પ્રારંભિક ઝટકાને ખંખેરી બેન્ચમાર્ક માત્ર ૨૯૬ પોઈન્ટના ઘટાડે બંધ રહ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પહેલી ઓગસ્ટથી ભારતમાંથી આવતા તમામ માલ પર પચ્ચીસ ટકા ટેરિફ લાદવાની અને રશિયન ક્રૂડ ઓઇલ અને લશ્કરી સાધનો ખરીદવા બદલ અનિશ્ચિત પેનલ્ટીની જાહેરાત કર્યા પછી ગુરુવારે ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી ઘટીને બંધ થયા હતા. જોકે, પ્રારંભિક જોરદાર ઝઢકાને કારણે નીચી સપાટીએ પહોંચ્યા પછી લગભગ પચાસ ટકા ઘટાડો પચાવી લીધો હતો.

બે દિવસની તેજી અટકાવીને, બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૯૬.૨૮ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા ઘટીને ૮૧,૧૮૫.૫૮ પોઇન્ટ પર સ્થિર થયો હતો. સવારના સત્ર દરમિયાન, બેન્ચમાર્ક ૭૮૬.૭૧ પોઈન્ટ અથવા ૦.૯૬ ટકા ઘટીને ૮૦,૬૯૫.૧૫ સુધી નીચે આવ્યો હતો. જ્યારે એનએસઈ બેન્ચમાર્ક નિફ્ટી ૮૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા ઘટીને ૨૪,૭૬૮.૩૫ પોઇન્ટ પર બંધ થયો હતો.

આ જાહેરાતને અમેરિકા દ્વારા કરવામાં આવેલી માંગણીઓ સ્વીકારવા માટે નવી દિલ્હીને દબાણ કરવાની યુક્તિ તરીકે જોવામાં આવી રહી છે, જેણે તાજેતરના દિવસોમાં જાપાન, યુકે અને યુરોપિયન યુનિયન જેવા મુખ્ય ભાગીદારો સાથે અનુકૂળ વેપાર સોદા કર્યા છે. ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ અને લશ્કરી સાધનોની મોટી ખરીદી કરી હોવાથી દંડની જાહેરાત કરવામાં આવી હતી. રશિયન આયાત માટે દંડનો સામનો કરનાર ભારત પહેલો દેશ છે.

સેન્સેક્સ કંપનીઓમાંથી, ટાટા સ્ટીલ, સન ફાર્મા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, અદાણી પોર્ટ્સ, એનટીપીસી અને એશિયન પેઇન્ટ્સ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જોકે, એફએમસીજી મેજર હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના જૂન ક્વાર્ટરમાં સંયુક્ત ચોખ્ખા નફામાં ૫.૯૭ ટકાનો વધારો નોંધાવ્યા પછી તેના શેરમાં ૩.૪૮ ટકાનો ઉછાળો આવ્યો હતો. આ ઉપરાંત ઇટર્નલ, આઇટીસી, કોટક મહિન્દ્રા બેંક અને પાવર ગ્રીડ પણ ટોપ ગેઇનર્સમાં સામેલ હતા.

પ્રાઇમરી માર્કેટની હલચલમાં બ્રિગેડ હોટલનો શેર તેના ઇશ્યૂ ભાવ સામે લગભગ ૧૦ ટકા જેવા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. ગુરુવારે જીએનજી ઇલેક્ટ્રોનિક્સના શેર



૫૦ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. ઇન્ડિક્વીબ સ્પેસનો શેર બુધવારે તેના રૂ. ૨૩૭ના ઇશ્યુ ભાવ સામે લગભગ નવ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. લાર્સન એન્ડ ટુબ્રોએ જૂન ક્વાર્ટર દરમિયાન ૨૯.૮ ટકાના વધારા સાથે રૂ. ૩,૬૧૭.૧૯ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખા નફો રળ્યો છે.

કોર્પોરેટ પરિણામમાં મારુતિ સુઝુકીએ પ્રથમ ક્વાર્ટરમાં સહેજ વધારા સાથે રૂ. ૩૭૯૨ કરોડનો નફો નોંધાવ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ. ૩૭૬૦ કરોડ હતો. કોગ્નીઝેન્ટે ચોખ્ખા નફામાં ૧૪ ટકા વધારો અને વાર્ષિક રેવન્યુ ફોરકાસ્ટ પણ સુધારીને ચારથી છ ટકા જાહેર કરી છે. આર્સેલર મિત્તલની ચોખ્ખી આવક ત્રણ ગણી વધીને ૧૭૯૩ મિલિયન ડોલર રહી છે.

ફૂડ અને ઇકોમર્સ ડિલિવરી પ્લેટફોર્મ સ્વીગીની ચોખ્ખી ખોટ પ્રથમ ક્વાર્ટરમાં બમણી થઇને રૂ. ૧૧૯૭ કરોડ નોંધાઇ છે. પીએનબીએ સ્ટેન્ડઅલોન ધોરણે પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૪૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૭૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એનએસઇનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૧૪ ટકા વધીને રૂ. ૨૯૨૪ કરોડ રહ્યો છે અને કુલ આવકમાં પણ ત્રણ ટકાનો વધારો થયો છે. મઝગાંવ ડોકના પ્રથમ ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. વારી એનર્જીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮૯ ટકા વધીને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૭૪૫ કરોડ નોંધાયો હતો.

એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઘટ્યા હતા, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ સકારાત્મક સ્તરે બંધ થયો હતો. સત્રના મધ્યમાં યુરોપિયન બજારો મિશ્ર વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવારે યુએસ બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૮૫૦.૦૪ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૭૪ ટકા ઘટીને ૭૨.૭૦ ડોલર પ્રતિ બેરલ થયું હતું. પાછલા સત્રમાં, સેન્સેક્સ ૧૪૩.૯૧ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા વધીને ૮૧,૪૮૧.૮૬ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૩૩.૯૫ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૪,૮૫૫.૦૫ પર બંધ થયો હતો.

# બ્રેન્ટ ક્રૂડતેલમાં પીછેહઠ સાથે ડૉલર સામે રૂપિયામાં ૧૫ પૈસાનું બાઉન્સબૅક

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં આગેકૂચ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી વેચવાલી તેમ જ માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી આક્રમક હોવા છતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડા અને સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફરીને ગઈકાલના બંધ સામે ૧૫ પૈસાના સુધારા સાથે ૮૭.૬૫ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૮૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૬૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૭૪ અને ઉપરમાં ૮૭.૫૧ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૫ પૈસા વધીને ૮૭.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. અમેરિકાએ ભારતથી આયાત થતી ચીજો પર લાદેલી ટૅરિફને કારણે ભારતની નિકાસ પર માઠી અસર થવાની ભીતિ સપાટી પર આવતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતા ફોરેક્સ ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલી આ ૨૫ ટકા ટૅરિફ હાલની ૧૦ ટકાની બેઝલાઈન ટૅરિફની ઉપરાંતની છે કે તેની સાથેની છે. આ ઉપરાંત પેનલ્ટીની માત્રા પણ હજુ નિર્ધારિત કરવામાં નથી આવી, એમ સીઆર ફોરેક્સ એડવાઈઝર્સનાં મેનેજિંગ ડિરેક્ટર અમિત પાબારીએ જણાવતાં ઉમેર્યું હતું કે ટૅરિફ અંગેની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી રૂપિયો દબાણ હેઠળ રહે તેમ જણાય છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા વધીને ૯૯.૮૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૯૬.૨૮ પૉઈન્ટનો અને ૮૬.૭૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૫૦.૦૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવા છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૬૭ ટકા ઘટીને બેરલદીઠ ૭૨.૭૫ ડૉલર આસપાસ રહ્યા હોવાથી તેમ જ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### વૈશ્વિક સોનાએ ૩૩૦૦ ડૉલરની સપાટી ગુમાવ્યા બાદ વેપારની અનિશ્ચિતતા સપાટી પર આવતા બાઉન્સબૅક

# સ્થાનિક સોનામાં ₹ ૪૮૩નો ઘટાડો અને ચાંદીમાં ₹ ૩૪૫૦નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટી ગુમાવીને ગત ૩૦મી જૂન પછીની સૌથી નીચી ઔંસદીઠ ૩૨૬૭.૭૯ ડૉલર સુધી ગબડી ગયા હતા. જોકે, ત્યાર બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફને લગતી જાહેરાતો થતાં પુન: વૈશ્વિક વેપારોમાં અનિશ્ચિતતાની ભીતિ સપાટી પર આવતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ ચાંદીના ભાવમાં દોઢ ટકા જેટલો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત ડૉલર સામે રૂપિયામાં ૧૫ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટી આવતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૧થી ૪૮૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૫૦નો કડાકો બોલાઈ ગયો હતો.

આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવમાં ૧.૫૦ ટકા કરતાં વધુ માત્રામાં ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી નીકળેલી નફારૂપી વેચવાલી ઉપરાંત



ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૪૫૦ના કડાકા સાથે રૂ. ૧,૦૯,૯૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને ડૉલર સામે રૂપિયામાં બાઉન્સબૅકને કારણે આયાત પડતરો ઘટતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૧ ઘટીને રૂ. ૯૮,૧૩૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૮૩ ઘટીને રૂ. ૯૮,૫૩૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઘટીને ગત ૧૭ જૂન પછીની સૌથી નીચી ઔંસદીઠ ૩૨૬૭.૭૯ ડૉલર સુધી પહોંચ્યા હતા. જોકે, ત્યાર બાદ ટ્રમ્પની ટૅરિફ અંગેની જાહેરાતો પશ્ચાત્ ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. તેમ જ આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૩૩૦૫.૧૫ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ૩૩૦૨.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૬.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે સેકન્ડરી ટૅરિફની જાહેરાત કરતાં વૈશ્વિક વેપાર અંગેની ચિંતા સપાટી પર આવતાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. તેમ જ ખાસ કરીને ૩૩૦૦ ડૉલર આસપાસની સપાટીએ ખરીદીનું આકર્ષણ જોવા મળ્યું હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કોપરની આયાત સામે અને બ્રાઝિલથી થતી ઓછા મૂલ્યની આયાત સામે આપવામાં આવેલી મુક્તિ દૂર કરી હતી. તેમ જ દક્ષિણ કોરિયાથી થતી આયાત સામે ૧૫ ટકા ટૅરિફની અને ભારતથી થતી આયાત સામે શુક્રવારથી થતી આયાત સામે ૨૫ ટકા ટૅરિફનો અમલ થશે એમ જણાવવાની સાથે ચીન સાથે ટ્રેડ ડીલ થઈ જવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

વધુમાં ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય બેઠકના અંતે અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા છે અને સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં કપાતની શક્યતા અધ્યક્ષ પૉવેલે નકારી કાઢી હતી.

# એપ્રિલથી જૂન દરમિયાન સોનાની વૈશ્વિક માગમાં ત્રણ ટકાની વૃદ્ધિ

મુંબઈ: ગત એપ્રિલથી જૂન સુધીનાં ત્રિમાસિકગાળામાં સોનાના ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવા છતાં ખાસ કરીને રોકાણલક્ષી માગને ટેકે સોનાની વૈશ્વિક માગ વર્ષાનુવર્ષ ધોરણે ત્રણ ટકા વધીને ૧૨૪૯ ટનની સપાટીએ રહી હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં જણાવ્યું છે.

સમીક્ષા હેઠળના સમયગાળામાં સોનામાં ભૂરાજકીય અનિશ્ચિતતાઓને કારણે ભાવમાં તેજીનુ વલણ રહેતાં મજબૂત રોકાણલક્ષી માગને ટેકે ત્રિમાસિક ધોરણે કુલ માગમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે જાહેર કરેલા 'ક્યુ ટુ ૨૦૨૫ ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ' અહેવાલમાં જણાવ્યું છે.

આ સમયગાળામાં સોનાની કુલ માગમાં સોનાના એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોમાં ગત સાલના સમાનગાળામાં જોવા મળેલા બાહ્ય પ્રવાહની સામે ૧૭૦ ટનનો મજબૂત આંતરપ્રવાહ જોવા મળ્યો હતો. તેમાં પણ ખાસ કરીને એશિયામાં લિસ્ટેડ થયેલા ફંડોનો સૌથી વધુ અમેરિકાની સમકક્ષ ૭૦ ટનનો હિસ્સો રહ્યો હતો. જોકે, પહેલા ત્રિમાસિકગાળામાં વૈશ્વિક સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ વર્ષ ૨૦૨૦ પછીનો સૌથી વધુ વિક્રમ ૩૯૭ ટનની સપાટીએ રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના ત્રિમાસિકગાળામાં સોનાના બાર અને કોઈનમાં રોકાણલક્ષી માગ પણ વર્ષાનુવર્ષ ધોરણે ૧૧ ટકા વધીને ૩૦૭ ટનની સપાટીએ રહી હતી. જેમાં ચાઈનીઝ રોકાણકારોનું રોકાણ વર્ષાનુવર્ષ ધોરણે ૪૪ ટકા વધીને ૧૧૫ ટનની સપાટીએ રહ્યું હતું, જ્યારે ભારતીય રોકાણકારોનું રોકાણ ૪૬ ટનના સ્તરે રહ્યું હતું. જોકે, પશ્ચિમની બજારોમાં યુરોપનું રોકાણ બમણું થઈને ૨૮ ટનની સપાટીએ અને અમેરિકાનું બાર અને કોઈનમાં રોકાણ અડધું થઈને નવ ટનની સપાટીએ રહ્યું હતું.

વધુમાં એપ્રિલથી જૂન દરમિયાન કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી જળવાઈ રહેતાં પોલેન્ડ, તુર્કિ અને અઝરબાઈઝનની આગેવાની હેઠળ કુલ ૧૬૬ ટનની માગ રહી હતી. આ સિવાય ઊંચી ભાવસપાટીને કારણે જ્વેલરીની માગ ૧૪ ટકાના ઘટાડા સાથે વર્ષ ૨૦૨૦ પછીની નીચી ૩૪૧ ટનની સપાટીએ રહી હતી, જેમાં ચીન અને ભારતની માગમાં અનુક્રમે ૨૦ ટકાનો અને ૧૪ ટકાનો ઘટાડો થયો હતો. તેમ છતાં મૂલ્યની દૃષ્ટિએમ માગ વધીને ૩૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

# ટૅરિફ વૉરને કારણે રિઅલ્ટી સ્ટોક્સના બજારમૂલ્યમાં ઘટાડો

### આંતરરાષ્ટ્રીય સ્તરે ટૅરિફને લગતા વિક્ષેપોને કારણે ઇનપુટ ખર્ચમાં વધારો થવાની આશંકાની પણ અસર જોવાઇ હતી

મુંબઇ: ૨૦૨૫માં લિસ્ટેડ કંપનીઓ પર ઓપરેશન સિંદૂર, ટેરિફ અને ઈરાન-ઇઝરાયલ યુદ્ધની નકારાત્મક અસર જોવા મળી હોવાનું ગ્રોહે અને હુરુન ઇન્ડિયાએ રિઅલ એસ્ટેટની ટોચની ૧૫૦ કંપનીઓના રેન્કિંગ સંદર્ભે હાથ ધરેલા સર્વેક્ષણમાં જણાવ્યું છે. જોકે, પાછલા બે મહિનામાં આ કંપનીઓના મૂલ્યમાં મજબૂત રિબાઉન્સ જોવા મળ્યું હતું. અલબત્ત, ૨૦૨૫ના ગ્રોહે - હુરુન ઇન્ડિયા રિયલ એસ્ટેટ લિસ્ટમાં ભારતની સૌથી મૂલ્યવાન રિયલ એસ્ટેટ કંપનીઓનું સંયુક્ત મૂલ્ય ૧૫૦ રૂપિયા ૧૬ લાખ કરોડ (૧૮૮ અબજ ડોલર) નોંધાયું છે, જે ગયા વર્ષ કરતાં ૧.૯ લાખ કરોડ રૂપિયા વધારે છે. આ આંકડો કુવૈતના જીડીપી તેમ જ જોર્ડન અને બલ્ગેરિયાના સંયુક્ત જીડીપી કરતા વધારે છે. આ ગ્રોહે અને હુરુન ઇન્ડિયાના સર્વેક્ષણ અહેવાલ અનુસાર ૨૦૨૫ના પૂર્વાર્ધમાં, ભૂ-રાજકીય તણાવને કારણે ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં તીવ્ર પીછેહઠ જોવા મળી હતી. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે ટેરિફને લગતા વિક્ષેપોને કારણે ઇનપુટ ખર્ચમાં વધારો થવાની આશંકાની પણ અસર જોવાઇ હતી.

આ પરિબળોને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટને ભારે ફટકો પડવાને કારણે કેટલાક ડેવલપર્સે એપ્રિલ સુધીમાં નોંધપાત્ર બજાર મૂલ્ય ગુમાવ્યું હતું. જોકે, મે અને જૂન વચ્ચે આ ક્ષેત્રે મજબૂત સુધારો જોવા મળ્યો હતો. જેમ કે ડીએલએફના બજારમૂલ્યમાં જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૫ દરમિયાન ૧.૮ ટકાનો ઘટાડો થયો હતો અને મેથી જૂનમાં ૨.૨ ટકાનો વધારો થયો હતો.

ઉક્ત સમયગાળા દરમિયાન સ્થિર વ્યાજ દરો, મેટ્રો શહેરોમાં મજબૂત હાઉસિંગ માગ, સિમેન્ટના ભાવમા ઘટાડો અને પ્રથમ ક્વાર્ટરના પરિણામોને કારણે પ્રોત્સાહન મળવાથી મોટાભાગના મુખ્ય લિસ્ટેડ ખેલાડીઓએ આ સમયગાળા દરમિયાન નોંધપાત્ર સુધારો નોંધાવી આગળની નુકસાની સરભર કરી લીધી હતી.

આ યાદીની અન્ય કંપનીઓમાં લોઢા ડેવલપર્સ, પ્રેસ્ટિજ ઇસ્ટેટ પ્રોજેક્ટ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ઓબેરોય રિઅલ્ટી, બ્રિગેડ એન્ટરપ્રાઇસ અને ઇઆઇએચ અને શેલેટ હોટલ્સના નામ હતા, જેમણે પ્રારંભિક મહિનાઓમાં પીછેહઠ નોંધાવ્યા બાદ મે અને જૂન મહિનામાં સારો સુધારો નોંધાવ્યો છે.

# પચ્ચીસ ટકા અમેરિકી ટૅરિફ છતાં ભારતની ચોખાની નિકાસ જળવાશે

કોલકાતા: અમેરિકાએ ભારતીય ચોખા સહિતનાં ગૂડ્સ પર પચ્ચીસ ટકા લાદેલી ટૅરિફ એ કામચલાઉ ધોરણે અંતરાય સર્જશે, પરંતુ તેને કારણે ક્ષેત્ર પર મોટી માત્રામાં માઠી અસર નહીં પડે, એમ ચોખાના નિકાસકાર સંગઠને આજે જણાવ્યું હતું. અમેરિકામાં થતી આયાતનાં નવાં ટૅરિફનો અમલ પહેલી ઑગસ્ટથી થનાર છે જેમાં ચોખા પરની ડ્યૂટીનો પણ સમાવેશ છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૪માં દેશની ચોખાની કુલ ૫૨.૪ લાખ ટનની નિકાસ પૈકી અમેરિકા ખાતે ચોખાની નિકાસ ૨.૩૪ લાખ ટનની સપાટીએ રહી હતી આમ એકંદરે અમેરિકા ખાતેની નિકાસનો હિસ્સો બહુ ઓછો છે.

અમેરિકા દ્વારા લાદવામાં આવેલી આ ટૅરિફ એ કામચલાઉ અંતરાય છે. વ્યૂહાત્મક યોજના, વિકેન્દ્રિકરણ અને થોડી બાંધછોડ સાથે અમેરિકી બજારમાં આપણો હિસ્સો વધારી શકીએ તેમ છીએ, એમ ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશનનાં રાષ્ટ્રીય પ્રમુખ પ્રેમ ગર્ગે જણાવ્યું હતું. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતથી આયાત થતાં તમામ માલ પર આગામી પહેલી ઑગસ્ટથી પચ્ચીસ ટકા ટૅરિફનો અમલ કરવા ઉપરાંત રશિયાથી ક્રૂડતેલ અને મિલિટરી ઈક્વિપમેન્ટની ખરીદી પેટેનાં દંડ સ્વરૂપે જે નિર્ધારિત કરવામાં આવે તે લાદવામાં આવશે. ગર્ગે જણાવ્યું હતું કે ભારતીય બાસમતી ચોખા માટે અમેરિકા મુખ્ય બજાર નથી, પરંતુ પશ્ચિમ એશિયાની બજાર મહત્ત્વની છે. તેમણે નવી ડ્યૂટી છતાં ભારતે સ્પર્ધાત્મકતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ભારત પર લાદવામાં આવેલી ટૅરિફ ચીન, વિયેટનામ, પાકિસ્તાન અને થાઈલેન્ડની સરખામણીમાં ઓછી છે. તે જ પ્રમાણેના પ્રત્યાઘાત આપતા રાઈસવીલા જૂથનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સુરજ અગરવાલે જણાવ્યું હતું કે પચ્ચીસ ટકા ટૅરિફને કારણે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ચોખાની નિકાસ થોડી ધીમી પડશે, પરંતુ ભારતને સ્પર્ધાત્મકતાનો લાભ મળશે અને અમેરિકી બજારમાં વર્ષે ૨.૫ થી ૩ લાખ ટનની નિકાસ જળવાયેલી રહેશે. હાલમાં ચીન ૩૪ ટકા, વિયેટનામ ૪૬ ટકા અને થાઈલેન્ડ ૩૬ ટકા ટૅરિફનો સામનો કરી રહ્યું છે

# ટૅરિફની સૌથી પ્રતિકૂળ અસર હીરાની નિકાસ પર, અમેરિકા સૌથી મોટું બજાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકન પ્રમુખે અણધારી રીતે લાદેલી અણધારી ઊંચી જકાતની સૌથી વધુ નકારાત્મક અસર ડાયમંડ માર્કેટ પર થઇ શકે છે, કેમ કે અમેરિકા ભારત માટે આ ક્ષેત્રની સૌથી મોટી બજાર છે એમ જણાવતાં વાણિજ્ય મંત્રાલય અંતર્ગતના જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જેજીઇપીસી)ના ચેરમેન કિરીટ ભણસાલીએ કહ્યું હતું કે, આ પગલાથી ખાસ કરીને ભારતીય રત્ન અને ઝવેરાત ક્ષેત્ર પર ગંભીર અસર થવાની સંભાવના છે.

યુનાઇટેડ સ્ટેટ્સ આપણું એકમાત્ર સૌથી મોટું બજાર છે, જ્યાં આપણે ૧૦ અબજ ડોલરથી વધુ નિકાસ કરીએ છીએ. તે આપણા ઉદ્યોગના કુલ વૈશ્વિક વેપારના લગભગ ૩૦ ટકા છે. આ તીવ્રતાનો સંપૂર્ણ ટેરિફ ખર્ચમાં વધારો કરશે, શિપમેન્ટમાં વિલંબ કરશે, કિંમતોને અસર કરશે અને મૂલ્ય શૃંખલાના દરેક ભાગ પર ભારે દબાણ લાવશે.

નાના કારીગરોથી લઈને મોટા ઉત્પાદકો સુધી તેની અસર જોવાશે. નોંધવું રહ્યું કે જીજેઇપીસી દ્વારા હાલ રત્ન અને આભૂષણના વિશ્વના બીજા સૌથી મોટા આંતરરાષ્ટ્રીય જ્વેલરી શો આઇઆઇજેએસ પ્રીમિરનું આયોજન થયું છે.

વ્યૂહાત્મક સંબંધોને અસર કરતી અસ્પષ્ટ દંડ સાથે તમામ ભારતીય માલ પર પચ્ચીસ ટકાની જંગી ટેરિફ લાદવાની અમેરિકાની જાહેરાત ખૂબ જ ચિંતાજનક છે. જો આ પગલાનો અમલ કરવામાં આવે તો, ભારતના અર્થતંત્ર પર દૂરગામી પરિણામો આવી શકે છે, જેનાથી મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલાઓ વિક્ષેપિત થઈ શકે છે, નિકાસ અટકી શકે છે અને હજારો લોકોની આજીવિકાને જોખમમાં મુકી શકાય છે.

# જ્વેલરીની માગ ઘટતાં સોનાની માગ પાંચ વર્ષના તળિયે પહોંચવાની શક્યતા: વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ

મુંબઈ: વર્ષ ૨૦૨૫માં જ્વેલરીના ભાવ ઊંચી સપાટીએ રહેતાં વર્ષ દરમિયાન દેશની સોનાની વપરાશી માગ પાંચ વર્ષના તળિયે રહેશે. જોકે, અમુક અંશે રોકાણલક્ષી માગનો ટેકો મળવાની શક્યતા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં વ્યક્ત કરી છે.

સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશોમાં બીજો ક્રમાંક ધરાવતા દેશ ભારતની વર્ષ ૨૦૨૫માં સોનાની માગ વર્ષ ૨૦૨૦ પછીની સૌથી નીચી અને વર્ષ ૨૦૨૪ની ૮૦૨.૮ ટન સામે ઘટીને ૬૦૦થી ૭૦૦ ટન આસપાસની સપાટીએ રહે તેવી શક્યતા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ભારત ખાતેના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સચિન જૈને વ્યક્ત કરતા ઉમેર્યુ હતું કે જો ભાવમાં સ્થિરતા આવે તો માગ ૭૦૦ ટન સુધી પહોંચી શકે તેમ છે, પરંતુ ભૂરાજકીય પરિબળોને કારણે ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થાય તો માગ નીચલી સપાટીએ પહોંચી શકે છે.

નોંધનીય બાબત એ છે કે સ્થાનિકમાં ગત જૂન મહિનામાં સોનાના ભાવ વધીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૦૧,૦૭૮ની સપાટીએ પહોંચ્યા હતા. આમ વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૮ ટકાનો ઉછાળો આવી ગયો છે, જ્યારે ગત વર્ષ ૨૦૨૪માં ૨૧ ટકા ભાવ વધી આવ્યા હતા. કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિકગાળામાં ખાસ કરીને જ્વેલરીની માગમાં ૧૭ ટકાના ઘટાડા અને રોકાણલક્ષી માગમાં સાત ટકાના વધારા સાથે દેશની સોનાની વપરાશી માગ ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૧૦ ટકા ઘટીને ૧૩૪.૯ ટનની સપાટીએ રહી હતી. તેમ જ સપ્ટેમ્બર અંતના ત્રિમાસિકગાળામાં પણ માગ ગત સાલના સમાનગાળાના ૨૪૮.૩ ટનની સરખામણીમાં ઓછી રહેવાની શક્યતા જૈને વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગત સાલ સરકારે આયાત જકાતમાં ઘટાડો કર્યો હોવાથી સોનાની ખરીદીમાં વૃદ્ધિ જોવા મળી હતી.

અન્ય અસ્ક્યામતોની સરખામણીમાં સોનામાં કામગીરી સારી જોવા મળી રહી છે, ખાસ કરીને હાજર સોનામાં તેમ જ એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણલક્ષી માગ રહેતી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે ભારતમાં ડિજિટાઈઝેશન વધુ પ્રચલિત થઈ રહ્યું હોવાથી એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં સારી વૃદ્ધિ જોવા મળી રહી છે. ગત જૂન મહિનામાં ભારતમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ દસ ગણો વધીને પાંચ મહિનાની ટોચે ૨૦.૮૧ અબજ ડૉલરની સપાટીએ રહ્યો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




(તસવીર: હરેશ સોની, જૂનાગઢ)

શ્રાવણ મહિનાના સુદ પક્ષની સાતમના દિવસે શીતળા સાતમ શ્રદ્ધાભેર ઉજવવામાં આવી હતી. શ્રાવણ સુદ સાતમના પવિત્ર દિવસે જૂનાગઢના શીતળા કુંડ ખાતે બહેનો દ્વારા શીતળા માતાનું પૂજન કરવામાં આવ્યું હતું. શીતળા સાતમના તહેવાર પર માતા શીતળાની પૂજા કરીને સ્વાસ્થ્ય અને સંતાન સુખની કામના કરવામાં આવે છે. આ દિવસે ઠંડો ખોરાક ખાવાની પરંપરા છે અને ઘરમાં ચૂલો પ્રગટાવવામાં આવતો નથી.

# આદિપુરમાં રિયલ એસ્ટેટ ડેવલોપર બની ₹૨.૫ કરોડની છેતરપિંડી, ચાર લોકો ભોગ બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રિયલ એસ્ટેટ ડેવલોપરનો સ્વાંગ ધરીને હાલે મુંબઈ રહેતા માધાપરના શખ્સે, આદિપુર શહેરમાં ચાર લક્ઝુરિયસ ડુપ્લેક્સ બનાવી આપવાના સપના બતાવીને ચાર લોકો સાથે અઢી કરોડથી વધુની ઠગાઈ આચરી હોવાની ફરિયાદ નોંધાતાં ચકચાર જાગી છે.

મળતી વિગતો અનુસાર, ભુજના માધાપર ગામના ઓધવબાગ-૨માં રહેતા અને અત્યારે મુંબઈમાં રહેલા જગદીશ હરીલાલ બારમેડા વિરુદ્ધ ઠગાઇનો ભોગ બનેલા ચાર લોકો વતી વિનાયક આનંદાનીએ પોલીસ ફરિયાદમાં નોંધાવી હતી, ફરિયાદની વિગતો અનુસાર, જગદીશ બારમેડાએ આદિપુરના વોર્ડ ૨બીમાં ૭૭૮ ચોરસ મીટરની જગ્યા પર લક્ઝુરિયસ ડુપ્લેક્સનું નિર્માણ કરતો હોવાની સ્થાનિક અખબારમાં જાહેરાત આપીને આ ઠગાઈની જાળ પાથરી હતી.

આ જાહેરાત જોઈને ફરિયાદી વિનાયક આનંદાની, પ્રવીણસિંહ ગજુભા જાડેજા, રોહતાઝ સૈની અને અમિત સુગવાનીએ જગદીશનો સંપર્ક કરતાં તેણે ડુપ્લેક્સની કિંમત પોણાથી એક કરોડ અને બુકિંગ કરાવનારાઓને તેમનું જૂનું વર્તમાન રહેણાક મકાન નવા ડુપ્લેક્સ સામે જમા કરી આપવાની આકર્ષક ઓફર આપીને નવા મકાન પેટે બાકીના રૂપિયા જ ચૂકવવાનું જણાવ્યું હતું. વિશ્વાસમાં આવી ગયેલા વિનાયક આનંદાનીએ ૯૮.૦૬ લાખ, રોહતાઝ સૈનીએ ૭૦.૧૧ લાખ, પ્રવીણે ૪૨ લાખ અને અમિતે ૪૦.૫૧ લાખ રૂપિયા બુકિંગ પેટે આપ્યાં હતા. જગદીશે રોહતાઝ સૈનીનું જૂનું મકાન ૭૦ લાખમાં જમા કરીને તે મકાન અન્યને બારોબાર વેચી દીધું છે, જયારે અમિત સુગવાનીના પ્લોટને જમા લઈ તેના પર એલઆઈસીમાંથી ૭૮.૭૫ લાખની લોન મેળવીને ભરી નથી અને એ પ્લોટ બારોબાર બીજાને વેચી માર્યો છે.

રોહતાઝ સૈનીએ જગદીશ બારમેડા અને જીતેન ભૂપેન્દ્ર ઠક્કર સાથે નવા મકાન માટે સાટા કરાર કર્યા હતા જયારે અમિતે જગદીશના કહેવાથી તેની હાજરીમાં સુરેશ નેહલાણી નામના શખ્સને રૂપિયા આપ્યા હતા.જો કે જગદીશ બારમેડાએ લાંબા સમય બાદ પણ ના રૂપિયા કે ના રહેવા માટે ડુપ્લેક્સ આપ્યા. ■

# કચ્છના માંડવીમાં ડ્રેગન ફ્રૂટના ૮૦૦૦ રોપા કાપી નખાતા ખેડુતને ૧૦ લાખનુ નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય માંડવી તાલુકાનાં મેરાઉ ગામના વાડી વિસ્તારમાં આવેલા ડ્રેગન એટલે ફ્રૂટના દોઢેક એકરના બગીચામાં ઘૂસી આવેલા કેટલાક અજ્ઞાત શખ્સો દ્વારા આ ડ્રેગન ફ્રૂટના આઠેક હજાર જેટલા રોપાઓને ધારદાર હથિયાર વડે કાપીને દસ લાખથી વધુનું આર્થિક નુકસાન પહોંચાડયું હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો.

આ ઘટના અંગે વાડી માલિક વેલજી મુરજી પીંડોરિયાએ જણાવ્યું હતું કે, માંડવીના મેરાઉના વાળી વિસ્તારમાં દાડમ ઉતારી જવા, કેબલ ચોરી, ખરામાંથી તૈયાર માલ ઉપાડી જવો, નોજલ પંપ વગેરેની ચોરી થઈ જવી જેવા લગભગ દરરોજ બનતા બનાવ અંગે પોલીસ તંત્ર દ્વારા ક્યારેક ફરિયાદ દાખલ કરવામાં આવી છે તો, તો ક્યારેક બાળી દેવામાં આવે છે. પોલીસ ત્વરિત હરકતમાં આવીને ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી દેનારા શખ્સો વિરુદ્ધ ત્વરિત પગલાં ભરે તેવી માગણી કરી છે.હાલ આ બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. ■

# કંડલા, મુંદરા સહિત દેશના અન્ય બંદરો પર પ્રતિબંધિત ચાઈનીઝ રમકડાંની દાણચોરીનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સબ-સ્ટાન્ડર્ડ ચાઈનીઝ રમકડાંની દાણચોરી પર મોટી કાર્યવાહી કરતા, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે ગેરકાયદેસર આયાતી ચાઈનીઝ રમકડાં, નકલી કોસ્મેટિક્સ અને બિન-બ્રાન્ડેડ જૂતાનો જથ્થો જપ્ત કર્યો હતો. અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે આ ઓપરેશન ડીઆરઆઈના મુંબઈ ઝોનલ યુનિટ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, ડીઆરઆઈને મળેલી બાતમીના આધારે કંડલા સેઝ સહિત દેશના જુદાં જુદાં બંદરો પરથી રૂ. ૬.૫ કરોડથી વધુના મૂલ્યના કુલ ૧૬૦ મેટ્રિક ટન જેટલા ગેરકાયદેસર રીતે આયાત કરાયેલા ચાઈનીઝ રમકડાં, નકલી કોસ્મેટિક્સ અને બ્રાન્ડ વિહોણા જૂતાના જથ્થાને જપ્ત કરી લેવામાં આવ્યા હતા. ડીઆરઆઈના અધિકારીઓ દ્વારા કંડલા સેઝ, મુંદરા અદાણી બંદર, હઝીરા પોર્ટ, અને ફરીદાબાદ (હરિયાણા) ખાતે આવેલા પિયાલા ખાતે ૧૦ જેટલા કન્ટેનરોની આદરેલી તપાસમાં અંદરથી મોટા પ્રમાણમાં પ્રતિબંધિત ચાઈનીઝ રમકડાં તેમજ કેટલીક નકલી કોસ્મેટિક વસ્તુઓ અને ફૂટવેર મળી આવ્યાં હતાં.

એક અધિકારીના જણાવ્યા પ્રમાણે, આ ચાઈનીઝ રમકડાં બીઆઈએસ પ્રમાણપત્ર વિના આયાત કરાયાં હતાં, જે વિદેશી વેપાર નીતિ અને ટોઈઝ (ક્વોલિટી કન્ટ્રોલ) ઓર્ડર, ૨૦૨૦ના ઉલ્લંઘન તરીકે ગણાય છે. બીઆઈએસના નિયમો સાથે અનુકૂળ ન હોય તેવી ચીજવસ્તુઓ ભારતમાં પ્રતિબંધિત છે. આવી વસ્તુઓને ભારતમાં બંદરો વાટે ઘુસાડવા માટે નાના ડેકોરેટિવ પ્લાંટ્સ, કીચેન, પેન્સિલ બોક્સ અને શો-પીસ જેવી ઓછી ડયુટીવાળી વસ્તુ તરીકે ખોટી રીતે ડિક્લેર કરવામાં આવ્યા હતા તેમ તેઓએ ઉમેર્યું હતું. આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. ■

# ભુજ: મેઘપર બોરીચી ગોદામમાંથી ૪૬ લાખની સિગારેટનો જથ્થો જપ્ત, એકની અટકાયત

ભુજ: કચ્છના અંજાર તાલુકાનાં મેઘપર બોરીચી ગામના સીમ વિસ્તારમાં આવેલાં એક ગોદામ પર પોલીસે દરોડો પાડી ચોરી કે છળકપટથી મેળવાયેલી રૂ. ૪૬,૧૮,૭૦૦ની ભારતીય બનાવટની સિગારેટનો જથ્થો ઝડપી પાડયો હતો.

મળતી વિગતો અનુસાર, મેઘપર બોરીચીમાં માલારા મહાદેવ તરફ જતા પ્લોટ નંબર-૮માં બરકત ક્રેન એન્ડ લોજિસ્ટિક નામના ગોદામમાં સ્થાનિક ગુન્હાશોધક શાખા (એલસીબી)એ પૂર્વબાતમીના આધારે આ કાર્યવાહી કરી હતી. જેમાં ગળપાદરના બાગેશ્રી ધામમાં રહેતા મનપ્રિતસિંઘ જસવિંદરસિંઘ ચૈનીએ ભાડે રાખેલા આ ગોદામમાં અમદાવાદ હીના ટ્રેડિંગના અરમાન શેખ નામના શખ્સે એકાદ માસ પહેલાં ભારતીય બનાવટની સિગારેટનો આ જથ્થો મોકલાવ્યો હતો.

મનપ્રિતસિંઘ પાસેથી રૂ. ૪૬, ૧૮, ૭૦૦ના આ માલના આધાર-પુરાવા મગાતા તે રજૂ કરી ન શકતાં પોલીસે ૫,૩૨૨૪૦ જેટલા આ સિગારેટના પૅકેટ જપ્ત કર્યા હતાં તેમ જ અમદાવાદના અરમાન શેખની ધરપકડ કરી લેવા ચક્રો ગતિમાન કરાયાં હતાં. સંભવિત જી.એસ.ટી ચોરીનું કૌભાંડ હોવાની આશંકાના પગલે આ સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# કચ્છમાં ઘોરાડના સંવર્ધન માટે વીજ લાઈનોના રૂટ બદલવા અને કોરિડોર બનાવવા સુપ્રીમ કોર્ટ સમિતિનો પ્રસ્તાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: લુપ્ત થવાના આરે પહોંચી ગયેલા ઘોરાડ પક્ષીની વસાહતોમાંથી સોલાર અને પવનચક્કીઓની હાઈ ટેન્શન વીજ લાઈનો પસાર કરવા સામે દેશની સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસમાં મહત્વપૂર્ણ અપડેટ આવી હતી. જેમાં વિકાસની સાથે લુપ્ત થઇ રહેલાં ઘોરાડ પક્ષીનું પણ સંરક્ષણ અને સંવર્ધન થાય તે હેતુ અભ્યાસ કરીને ભલામણો કરવા સુપ્રીમ કોર્ટે રચેલી સાત નિષ્ણાતોની સમિતિએ કેટલીક મહત્ત્વપૂર્ણ દરખાસ્તો સાથેનો અહેવાલ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.

આ કમિટીએ ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ એટલે કે ઘોરાડના સંરક્ષણ માટે કચ્છ અને રાજસ્થાનમાં ડેડિકેટેડ (સમર્પિત) પાવર કોરિડોર બનાવવા, કેટલીક વર્તમાન પાવર લાઈન્સ અંડરગ્રાઉન્ડ કરવા અને કેટલીક જગ્યાએ આ પાવર લાઈન્સનોનો રુટ બદલવા સહિતની ભલામણો કરી હતી. આ સમિતિના અહેવાલ પર ટૂંક સમયમાં સુનાવણી થાય તેવી શક્યતા જોવાઈ રહી છે. આ નિષ્ણાતોની સમિતિએ કચ્છમાં બે ડેડીકેટેડ પાવર કોરિડોર બનાવવા ભલામણ કરી છે. એક પાવર કોરીડોરમાં કચ્છના સમુદ્રી કાંઠાળ પટ્ટમાંથી વીજ લાઈનો પસાર કરવા સૂચવાયું છે, જ્યારે અન્ય એક પાવર કોરીડોર કે જેમાં ચારસો વોલ્ટની હાઈ વોલ્ટેજ પાવર લાઈન્સ હોય તે ઘોરાડ વસાહતની ઉત્તર તરફના વિસ્તારમાંથી પસાર કરવા ભલામણ કરી છે. સમિતિએ કચ્છમાં વર્તમાન પાંચસો ચોરસ કિલોમીટરના 'પ્રાયોરીટી એરિયા'ની સમીક્ષા કરીને તેને ૭૪૦ ચોરસ કિલોમીટરમાં વિસ્તારવા ભલામણ કરી છે.

વજનમાં ભારેખમ પંખી ગણાતાં ઘોરાડ (ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ) પંખીની ગણીગાંઠી વસાહત મુખ્યત્વે કચ્છ અને રાજસ્થાનમાં બચી છે. ૨૦૧૯ના વર્ષમાં કેટલાંક પર્યાવરણવિદ્ અને પક્ષીપ્રેમીઓએ ઘોરાડના સંરક્ષણ અને સંવર્ધન હેતુ તેની રક્ષિત વસાહતોમાંથી વીજ લાઈનો પસાર કરવા મુદ્દે ઉગ્ર વાંધા દર્શાવ્યાં હતા. ભારેખમ શરીર અને નબળી દ્રષ્ટિના કારણે આવી વીજલાઈનો સાથે અથડાઈને ઘોરાડ મૃત્યુ પામતાં હોઈ વીજ લાઈનો પસાર કરવી જ હોય તો અંડરગ્રાઉન્ડ કરવા રજૂઆત કરાઈ હતી. ઘોરાડ વસાહતોમાં વધી રહેલી માનવ ખલેલ, વસાહતોનો થઈ રહેલો નાશ સાથે ઘોરાડ કુદરતી રીતે નીચો પ્રજનન દર ધરાવતું હોવાનું જણાવી કચ્છ અને રાજસ્થાનમાં માંડ દોઢસો જેટલાં ઘોરાડ બચ્યાં હોવાનું અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાએ દર વર્ષે ચારથી પાંચ ઘોરાડના વીજ કરંટના લીધે મૃત્યુ થતાં રહે તો આગામી વીસ વર્ષમાં ઘોરાડની વસતિ વિલુપ્ત થઈ જવાનો અંદાજ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયો હતો. કચ્છના અબડાસામાં આવેલા લાલા અભયારણ્યમાં તો માંડ ત્રણેક ઘોરાડ બચ્યાં છે.

આ પિટિશનના પગલે વર્ષ ૨૦૨૧માં સુપ્રીમ કોર્ટે કચ્છ અને રાજસ્થાનના થારના રણમાં ઘોરાડ વસાહતના ૮૦ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં ઑવરહેડ વીજલાઈનોને અંડરગ્રાઉન્ડ કરવા અને નવી લાઈનો પસાર કરવા પર પ્રતિબંધ ફરમાવતા નિર્દેશ જારી કર્યા હતા. આ પ્રતિબંધમાં છૂટછાટ આપવા માર્ચ ૨૦૨૪માં કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં દાદ માંગતા રજૂઆત કરી હતી કે જે વિસ્તારમાં પ્રતિબંધ લગાવાયો છે ત્યાં ઘોરાડની નેવું ટકા વસાહત નષ્ટ થઈ ગઈ છે. આ વિસ્તારમાંથી વિન્ડ અને સોલાર ટ્રાન્સમિશન વીજ લાઈનો નાખવી જરૂરી હોઈ અગાઉના પ્રતિબંધ મુદ્દે કોર્ટ કોઈ મધ્યમ અને વ્યવહારુ માર્ગ કાઢે તે જરૂરી છે તેમ જણાવ્યું હતું.

સુપ્રીમના તત્કાલિન ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે કેસની સુનાવણી કરી હતી. ■

# જૂનાગઢના ભવનાથ મહાદેવ મંદિરનો વહીવટ પ્રાંત અધિકારીને સોંપાયો



(તસવીર: હરેશ સોની)

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: જૂનાગઢ ગિરનાર તળેટીમાં આવેલા વિખ્યાત ભવનાથ મહાદેવ મંદિરના મહંત પદ માટેની અવધિ ૩૧ જુલાઈના રોજ નિયમોનુસાર પૂર્ણ થઇ રહી હોય, જો કે વિવાદ મુદ્દે કોઈ નીવેડો ન આવતા વહીવટી તંત્ર દ્વારા મંદિરના વહીવટદારનો ચાર્જ પ્રાંત અધિકારી ગોહિલ ચરણસિંહને સોંપવામાં આવ્યો હતો.

જૂનાગઢ જિલ્લા કલેક્ટરના હુકમથી ભવનાથ મંદિર ટ્રસ્ટના વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી ગોહિલ ચરણસિંહની નિમણૂક કરવામાં આવી હતી. હવેથી આ મંદિરનો તમામ વહીવટ, વહીવટદાર દ્વારા કરવામાં આવશે. આગામી દિવસોમાં ભવનાથ મંદિરના કાયમી મહંત માટેની નિમણૂક પ્રક્રિયા કલેક્ટર દ્વારા હાથ ધરવામાં આવશે. હાલ ભવનાથ મંદિરનો વચગાળાનો વહીવટ કરવા વહીવટદાર નિમવામાં આવ્યા હતા. આ મંદિરના વહીવટ માટે કચેરીની રચના, કર્મચારીઓની નિમણૂક તેમજ રોજિંદા ધોરણે કર્મચારીઓ માટેની પણ નિમણૂક કરવામાં આવી હતી. ■

# ભચાઉમાં ૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરનારા નરાધમ યુવકને ૨૦ વર્ષની જેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક ૧૩ વર્ષની તરુણીને લલચાવી, ફોસલાવીને અપહરણ કરી વારંવાર દુષ્કર્મ ગુજારનારા ૨૭ વર્ષિય યુવકને ભચાઉની પોક્સો કોર્ટે દોષી ઠેરવી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી.

કેસ અંગે મળતી વિગતો અનુસાર, ભચાઉના જડસા ગામનો ભરત હમીર કોલી નામનો યુવક, ભચાઉ નગરમાં માતા-પિતા સાથે રહેતી તરુણીને ગત તા.૨૪-૦૮-૨૦૨૩ની રાત્રે મોટરસાઇકલ પર ભગાડીને લઈ ગયો હતો. તરુણીના પિતાએ ભરત વિરુદ્ધ તા.૨૬-૦૮-૨૦૨૩ના રોજ કિશોર વયની દીકરીના અપહરણ-અપનયન, પોક્સોની કલમો હેઠળ ભચાઉ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ભચાઉના તત્કાલિન પીઆઈ એસ.જી. ખાંભલાએ બંનેને શોધી લેવામાં સફળતા મેળવી હતી.

મેડિકલ તપાસમાં તરુણી સાથે આરોપી એકથી વધારે વખત શારીરિક સંબંધો બાંધ્યા હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે દુષ્કર્મની કલમોનો ઉમેરો કર્યો હતો. આ ગુનામાં આજે ૧૫ સાક્ષીઓની જુબાની, ૩૧ દસ્તાવેજી આધાર પુરાવા તથા બંને પક્ષના ધારાશાસ્ત્રીઓની દલીલોની ધ્યાનપૂર્વક સાંભળીને ભચાઉની ખાસ પોક્સો કોર્ટના જજે ભરતને દોષી ઠેરવ્યો હતો. કોર્ટે ભરતને ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૬૩ અને ૩૬૬ હેઠળ પાંચ પાંચ વર્ષની સખ્ત કેદ અને પાંચ પાંચ હજારનો દંડ, કલમ ૩૭૬ (૨) અને (૩) હેઠળ ૨૦ વર્ષની સખ્ત કેદ અને પાંચ હજારનો દંડ, પોક્સો એક્ટની કલમ ૪ અને ૬ હેઠળ ૨૦-૨૦ વર્ષની સખ્ત કેદ અને પાંચ પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો.

આ ઉપરાંત નામદાર કોર્ટે ૨૦ હજાર રૂપિયાના દંડ રકમ વસૂલ થયે ભોગ બનનાર તરુણીને ચૂકવવા ઉપરાંત વિક્ટિમ કોમ્પેન્સેસન સ્કિમ અન્વયે પાંચ લાખનું વળતર ચૂકવવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને હુકમ કર્યો હતો. ■

# શ્રાવણ માસને લઈ રાજકોટમાં ફૂડ વિભાગ સક્રિય: દાઝીયું તેલ ઝડપી પાડ્યું, ૪ નમૂના લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શ્રાવણ માસ દરમિયાન ફરાળી ખાદ્યચીજોનો વ્યાપક ઉપયોગ થતો હોવાથી, રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરાળી ખાદ્યચીજો અંગે સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન, ગાંધીગ્રામ, એસ. કે. ચોક, રાજકોટ ખાતે આવેલી 'ઠક્કર ગૃહ ઉદ્યોગ' નામની ફરાળી પેટીસનું ઉત્પાદન કરતી પેઢીની તપાસ કરવામાં આવી હતી.

પેઢીની તપાસ દરમિયાન, સ્થળ પર પેટીસના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતું ૧૨ કિલો દાઝીયું તેલ મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સ્થળ પરથી ફરાળી પેટીસ માટે ઉપયોગમાં લેવાતા કુકિંગ ઓઇલ અને ફરાળી લોટ (પેટીસ માટેનો) ના નમૂના પણ લેવામાં આવ્યા હતા.

વધુ એક કાર્યવાહીમાં, ગાંધીગ્રામ, એસ. કે. ચોક, રાજકોટ ખાતે આવેલી 'રાજશક્તિ ફરસાણ' ની પણ તપાસ કરવામાં આવી હતી. આ પેઢીમાંથી ફરાળી પેટીસના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતું ૧૦ કિલો દાઝીયું તેલ મળી આવતા તેનો પણ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. રાજશક્તિ ફરસાણમાંથી ફરાળી પેટીસ અને ફરાળી ચેવડાના નમૂના લેવામાં આવ્યા હતા.

ફૂડ વિભાગની ટીમ દ્વારા FSW વાન સાથે શહેરના જય પાર્ક રોડ અને જીવરાજ પાર્ક-અંબિકા ટાઉનશિપ રોડ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતા કુલ ૧૯ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ પૈકી ૧૭ ધંધાર્થીઓને લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, ખાદ્યચીજોના કુલ ૧૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી.

જે ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવી તેમાં પટેલ ગાંઠિયા, પટેલ પાંઉભાજી પુલાવ, ગુરુકૃપા ડેરી ફાર્મ, સ્વરુચી પાણીપૂરી, જી-ફ્રેશ આઇસ્ક્રીમ, મહાજન ફરસાણ, ગેલેક્સી સોડા શોપ, શ્રીજી માર્ટ, મારુતિ મેડિકલ સ્ટોર, ઉમિયાજી સોડા શોપ, પુષ્ટિ પ્રોવિઝન સ્ટોર, ઓમ પ્રોવિઝન સ્ટોર, ક્રિષ્ના જનરલ સ્ટોર, મારુતિ આઇસક્રીમ, ઉમા કોલ્ડ્રિંક્સ, ક્રિષ્ના કોલ્ડ્રિંક્સ અને આનંદ પ્રોવિઝન સ્ટોરનો સમાવેશ થાય છે. જ્યારે, ગાંઠિયા ડોટ કોમ અને રાધેક્રિષ્ના ડેરી ફાર્મની પણ ચકાસણી કરવામાં આવી હતી. ■

# રાજકોટ સિવિલ હૉસ્પિટલ વિવાદમાં તપાસ રિપોર્ટ બાદ હૉસ્પિટલના સ્ટાફ અને કર્મચારીઓ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ સિવિલ હોસ્પિટલના સર્જરી વિભાગના વોર્ડમાં દર્દીના સગા અને નર્સિંગ કર્મચારી વચ્ચે થયેલી બબાલ મામલે રચાયેલી તપાસ સમિતિએ બે દિવસમાં પોતાનો રિપોર્ટ સુપ્રિન્ટેન્ડેન્ટને સુપરત કર્યો હતો. આ રિપોર્ટના આધારે સમગ્ર મામલે રાજકોટ હૉસ્પિટલ તંત્ર અને તેના સ્ટાફ સામે ગંભીર આક્ષેપ બાદ હૉસ્પિટલના સ્ટાફ અને કર્મચારીઓ સામે એક્શન લેવામાં આવ્યા હતા. જેમાં સિવિલ હૉસ્પિટલના ચાર કર્મચારી અને સિક્યુરિટી ગાર્ડને સસ્પેન્ડ કરાયાં હતા.

સમગ્ર ઘટના સોમવારે બની હતી, જ્યારે અકસ્માતમાં ઇજાગ્રસ્ત લોકગાયિકા મીરાબેન આહીરના ભાઈ કાના આહીરને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ઇમર્જન્સી વિભાગમાંથી તેમને સર્જરી વોર્ડમાં દાખલ કરવામાં આવતા, ફરજ પરના મહિલા નર્સિંગ કર્મચારી અને દર્દીના સ્વજનો વચ્ચે સારવારને લઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડા દરમિયાન નર્સિંગ કર્મચારીએ અયોગ્ય વાણી-વર્તન અને ફાઇલ ફેંકી હોવાનો વીડિયો પણ સામે આવ્યો હતો.

તપાસ સમિતિએ આ મામલે વોર્ડ સ્ટાફ, રેસિડેન્ટ ડોકટરો, દર્દીઓ અને તેમના સ્વજનોના નિવેદનો તેમજ સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. સમિતિએ નર્સિંગ કર્મચારીના વાણી-વર્તનને ગંભીર ગણીને તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવા નર્સિંગ વિભાગ અને ગાંધીનગર નર્સિંગ સર્વિસ વિભાગને લેખિતમાં જણાવ્યું હતુ.

આ ઉપરાંત, ઇમરજન્સી વિભાગમાં દર્દીને સ્ટ્રેચર પર ન લઈ જનાર ક્લાસ-૪ કર્મચારી અને બબાલ સમયે વોર્ડ છોડીને જનારા તથા ફરજ પર હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરનારા બંને સિક્યોરિટી ગાર્ડને ટર્મિનેટ (સેવામાંથી છૂટા) કરવા માટે સંબંધિત એજન્સીને સૂચના આપવામાં આવી હતી. વોર્ડમાં દર્દીની સારવાર અંગે કોમ્યુનિકેશનમાં ઊણપ દાખવનાર બે રેસિડેન્ટ ડૉકટરો સામે શિસ્તભંગના પગલાં લેવા માટે મેડિકલ કૉલેજના ડીનને જાણ કરવામાં આવી હતી. ■

# દેવભૂમિ દ્વારકાના શિવરાજપુર બીચ પર નાહવા તથા સ્વિમિંગ સહિતની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુપ્રસિદ્ધ બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ પ્રાપ્ત શિવરાજપુર બીચ પર પ્રવાસીઓની સુરક્ષા અને બીચની સ્વચ્છતા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મહત્વના પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. ચોમાસા દરમિયાન દરિયામાં પ્રવર્તમાન તોફાની પરિસ્થિતિ અને પ્રવાહને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ચોમાસામાં દરિયાની પ્રતિકૂળ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, શિવરાજપુર બીચ પર તમામ પ્રવાસીઓ અને સ્થાનિકને નાહવા કે સ્વિમિંગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. દરિયામાં જોરદાર પ્રવાહને કારણે આ પ્રવૃત્તિઓ જોખમી બની શકે છે, જેના કારણે આ નિર્ણય લેવાયો હતો. શિવરાજપુર બીચની નિયમાનુસાર જાળવણી સુનિશ્ચિત કરવાના હેતુસર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા અન્ય કેટલાક પ્રતિબંધો પણ જાહેર કરવામાં આવ્યા છે. ■

# બોટાદમાં યુવકના ખિસ્સામાં રહેલા મોબાઈલ ફાટતાં ગંભીર રીતે દાઝ્યો

અમદાવાદ: બોટાદના અશોક વાટિકા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. એક યુવકના ખિસ્સામાં રાખેલો મોબાઈલ ફોન અચાનક ફાટ્યો હતો. આ ઘટનામાં યુવક ગંભીર રીતે દાઝ્યો હતો, તેને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, બોટાદના અશોક વાટિકામાં રહેતો એક યુવક છેલ્લા પાંચ વર્ષથી જે મોબાઈલ ફોન વાપરી રહ્યો હતો, તે એકાએક ફાટ્યો હતો. યુવક મોબાઈલને પોતાના ખિસ્સામાં મૂકી રહ્યો હતો ત્યારે અચાનક એક ધડાકો થયો હતો અને મોબાઈલ સળગી ઉઠ્યો હતો. આ ઘટનામાં યુવકના પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેથી આસપાસના લોકોએ તાત્કાલિક તેને હૉસ્પિટલ પહોંચાડ્યો હતો. ■